આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...
છૂટક કિંમત : રૂા. ૨૦/- ● વાર્ષિક લવાજમ : રૂા. ૧૫૦/- ● Publication 2nd of Every Month

સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪

# ઘરશાળા

વર્ષ : ૭૯ ● અંક : ૧૧
સળંગ અંક : ૯૫૯
માર્ચ - ૨૦૨૦

# વસંતના વધામણાં



# સરસ્વતી વિદ્યામંડળ ઉચ્ચતર માધ્યમિક શાળાઓનો વિનીત વિદાય

શેઠ અ.હ. સરસ્વતી વિદ્યાલય | જે. એન. બાલિકા વિદ્યાલય | અસારવા વિદ્યાલય



પદ્મશ્રી ડો. રઘુભાઈ નાયક અને સતાયુ મુ.શ્રી જશીબેન નાયકે શરૂ કરેલ પરંપરા મુજબ સરસ્વતી વિદ્યામંડળની શાળાઓમાં ધો. ૧૨ના વિદ્યાર્થીઓનો દિક્ષાંત મહોત્સવ (વિનીત વિદાય) ફેબ્રુઆરી માસમાં યોજાઈ ગયો. કાર્યક્રમમાં સર્વશ્રી મુખ્ય મહેમાન શેઠ અ.હ. સરસ્વતી વિદ્યાલયમાં શ્રી રામુભાઈ એસ. પટેલ (ચાર્ટર્ડ એકા. આર. એસ પટેલ, સેક્રેટરી સરદાર પટેલ સ્મારક ભવન, સારસ્વત ૧૯૫૬), જે.એન. બાલિકા વિદ્યાલયમાં શ્રી વિણાબેન શેઠ (નિવૃત્ત પ્રાધ્યાપક, સેન્ટ ઝેવિયર્સ કોલેજ), અસારવા વિદ્યાલયમાં શ્રી ગણેશભાઈ એન. ચૌહાણ (નિવૃત્ત ડેપ્યુટી જન. મેનેજર, બેન્ક ઓફ ઇન્ડિયા, સારસ્વત ૧૯૬૮), સરસ્વતી વિદ્યામંડળ તરફથી શ્રી જ્યોતીન્દ્રભાઈ દવે, ઉપેન્દ્રભાઈ પટેલ, સરસ્વતી નાગરિક સમાજ તરફ સારસ્વતોમાં સર્વશ્રી ડો. ભાવિક આગજા (સને ૨૦૦૨), શ્રી દૃષ્ટિ (સને ૨૦૧૯), શ્રી મહેશભાઈ બ્રહ્મભટ્ટ (સને ૧૯૭૪) તેમજ આચાર્યો, શિક્ષકો, વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. મહેમાનો, આચાર્યો, શિક્ષકોએ વિદ્યાર્થીઓને શુભેચ્છા તેમજ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું.



email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# ઘરશાળા

વર્ષ : ૭૯

સળંગ અંક : ૯૫૯ | માર્ચ - ૨૦૨૦

સ્થાપક તંત્રીઓ : હરભાઈ ત્રિવેદી, રઘુભાઈ નાયક

તંત્રીઓ : જશીબહેન નાયક, જ્યોતીન્દ્રભાઈ દવે, સજુભા ઝાલા

પરામર્શ : મૃદુલાબહેન ત્રિવેદી, અમીતાબહેન પાલખીવાલા, અશોકભાઈ સોમપુરા, હેતલબહેન શાસ્ત્રી

ડિઝાઈન : મનીષ પટેલ


આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.

શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.

“ઘરશાળા” માસિકના એજન્ટ થવા ઈચ્છનારે કાર્યાલય સાથે પત્ર વ્યવહાર કરવો.

પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.

| લવાજમ | ભારત (₹) | પરદેશ ($) | પરદેશ (£) |
|---|---|---|---|
| વાર્ષિક | ૧૫૦ | ૪૦ | ૨૫ |
| આજીવન (૨૦ વર્ષ) | ૨,૦૦૦ | ૨૦૦ | ૧૦૦ |

## અનુક્રમ


ગડગડાટ — ઋતુ શાહ ● સંકલન : રમેશ તન્ના / ૪

સંપાદકીય — જ્યોતીન્દ્રભાઈ દવે / ૫

શિક્ષણના સિતારા — ડૉ. ઈશ્વર પરમાર / ૬

મોનજી રૂદર — સ્વામી આનંદ / ૧૭

બાળ ઉછેરમાં ભય-માર-ગુસ્સાની અસરો ! — હરેશ ધોળકિયા / ૨૭

And Man made the Town — હરિતકુમાર પંડ્યા / ૩૧

જીવનનાં મૂલ્યોનું મહત્ત્વ — ડૉ. ઉર્મિલા શાહ / ૩૩

સાચો ધર્મ — સંત પુનિત / ૩૫

ધરાતળે પ્રગટી ભગવદ્‌ભાષા — ડૉ. વિશ્વાસ / ૩૭

‘ગાંધીની નજરે દુનિયા’ પુસ્તક પરિચય — હીરાલાલ છોડવડિયા / ૪૦

શિક્ષણ સમાચાર — અશોક સોમપુરા / ૪૧


**શિક્ષકનો વ્યવસાય એક રસાયન છે. બાળકોનો સહવાસ એની જિજીવિષાને સદાય જીવતી રાખે છે - ચેતનવંતી રાખે છે.**


કાર્યાલય

“ઘરશાળા” શૈક્ષણિક માસિક

સરસ્વતી વિદ્યામંડળ

ડો. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮.

ફોન : ૦૭૯-૨૨૯૨૦૫૩૭ ● ૨૨૯૨૫૫૭૦


આપના લેખ તથા પ્રતિભાવ અમને અમારા ઈમેલ ઉપર મોકલવા વિનંતી.

# ગડગડાટ

**ઋતુ શાહ ● સંકલન : રમેશ તન્ના**
૩૦૨, યશ ઍક્વા કૉમ્પલેક્ષ, મૅકડૉનાલ્ડ ઉપર,
વિજય ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૦૯.

એક વખત ઋતુ શાહ પાલડી વિસ્તારમાં આવેલી એક ખાનગી શાળામાં દત્તક લીધેલાં બાળકોની ફી ભરવા ગયાં. તેઓ અહીં જ ભણેલાં. શાળાના આચાર્યએ તેમને પ્રેમથી આવકાર્યાં. એ વખતે પ્રાર્થનાનો સમય હતો. આચાર્યએ ઋતુ શાહને વિનંતી કરી કે તેઓ બાળકોને સંબોધન કરે. આચાર્યએ કરેલી આ અણધારી વિનંતીને કારણે ઋતુ શાહ થોડી વાર વિચારમાં પડી ગયાં. તેઓ માઈક સામે તો ઊભાં રહ્યાં, પરંતુ કશું બોલી ના શક્યાં. આમેય એ વખતે તેમણે વિદ્યાદાનની પ્રવૃત્તિ નવી નવી શરૂ કરી હતી અને જાહેરમાં બોલવાની ફાવટ ઓછી હતી. તેઓ ટીકીટીકીને બધા વિદ્યાર્થીઓને જોઈ જ રહ્યાં. તેઓ શૂન્યમનસ્ક થઈ ગયાં હતાં. હવે શું કરવું જોઈએ તે તેમને સમજાતું નહોતું.

અચાનક બધા વિદ્યાર્થીઓએ તાળીઓ પાડવા માંડી. એ તાળીઓ કહેતી હતી કે તમે બોલવાનું શરૂ કરો. તાળીઓના ધ્વનિથી તેમની તંદ્રા તૂટી. તેઓ બધા વિદ્યાર્થીઓને વારાફરથી જોવા લાગ્યાં. તેમણે નોંધ્યું કે તાળીઓ પાડવાની શરૂઆત કંચન નામની એક છોકરીએ કરેલી. એ છોકરી વિદ્યાદાનની વિદ્યાર્થીની હતી. મેમ બોલે તે માટે તેણે તાળીઓ પાડેલી. તેણે તાળીઓ પાડી એ પછી બીજા વિદ્યાર્થીઓએ પણ તાળીઓ પાડી. થોડીવારમાં બીજા વિદ્યાર્થીઓએ તાળીઓ પાડવાનું બંધ કર્યું.

જોકે કંચને તાળીઓ પાડવાનું ચાલું રાખ્યું. જ્યારે ઋતુ શાહે બોલવાનું શરૂ કર્યું ત્યારે જ તેણે તાળીઓ બંધ કરી.

એ પછી તો ઋતુ શાહે ખૂબ સરસ રીતે સંબોધન કર્યું.

ઋતુ શાહ કહે છે કે હું કંચનને કારણે જ તે દિવસે સંબોધન કરી શકી. તેણે જો મને પ્રોત્સાહિત ન કરી હોત તો હું ન જ બોલી શકી હોત. ખરેખર ક્યારેક વિદ્યાર્થીઓ શિક્ષક બનીને આપણને ઘણું બધું શીખવાડતા હોય છે. કંચનની તાળીઓએ જ મને પ્રેરણા આપી હતી. વિદ્યાદાનના બાળકો પાસેથી મને આવી પ્રેરણા અનેક વખત મળી છે.

# સંપાદકીય

જ્યોતીન્દ્રભાઈ દવે



## નવી શિક્ષણ નિતિ અને શિક્ષણનું જાહેર ખર્ચ

નવી શિક્ષણ નિતિનો મુસદ્દો જાહેર કરવામાં આવ્યો, મુસદ્દા ઉપર ચર્ચા-વિચારણા અને અભિપ્રાયો દેશના શિક્ષણશાસ્ત્રીઓ અને કેળવણીકારોએ આપ્યા છે. સરકારે વિધિસરની જાહેરાત કરી નથી, પરંતુ એકંદરે સૌનો પ્રતિસાદ હકારાત્મક રહ્યો છે. નવું આશાનું કિરણ જોવા મળ્યું છે.

નવી શિક્ષણનિતિમાં સમાનતાલક્ષી અને ગુણવત્તાસભર શિક્ષણ દેશના બાળકોને મળે તેવું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

ભવિષ્યના નાગરિક ઘડતર અને લોહશાહીની ગુણવત્તા માટે સમાનતાલક્ષી ગુણવત્તાસભર જરૂરી છે. આવકાર્ય છે. આપણા દેશમાં નિતિ નક્કી થાય છે. પરંતુ તેનો અમલ યોગ્ય થતો નથી. સમાજ, સરકાર અને વ્યવસ્થાના ભાગીદારો તેનું હાર્દ સમજી શકતા નથી. અથવા આપણે સમજાવી શકતા નથી. તે એક મોટી વિડંબણા છે. ગયા મહિને કેન્દ્ર સરકારનું બજેટ જાહેર કરવામાં આવ્યું. શિક્ષણ અંગેના ખર્ચની ચર્ચા કે છણાવટ ખૂબ ઓછી થઈ. સરકારનું શિક્ષણ માટેનું ખર્ચ ઘટતું જાય છે. શિક્ષણ પાછળનો કુલ જાહેર ખર્ચ ફેબ્રુઆરી ૧૯૧૪માં ૧૦.૯ ટકા હતો જે ઘટીને ફેબ્રુઆરી ૨૦૧૯માં ૯.૭ ટકા થયો છે. બીજા અર્થમાં સરકારના એક રૂપિયાના ખર્ચમાંથી ૦.૦૯ પૈસા શિક્ષણ પાછળ ખર્ચાય છે. અને તેમાંથી ૮૦ ટકા એટલે કે આશરે ૦.૦૭ પૈસા પગાર ખર્ચ પાછળ વપરાય જાય છે. કેન્દ્રનો શિક્ષણ અંગેનો જાહેર ખર્ચ જીડીપીના ૩ ટકાની આસપાસ રહ્યો છે. દુનિયાના નાના-મોટા વિકસિત-અવિકસિત દેશોની સરખામણીએ આ ખર્ચ ખૂબ જ નીચો છે. જે આપેલા આંકડા પરથી જાણવા મળશે. (૧) ભુતાન અને સ્વીડન : ૭.૫ ટકા (૨) કોસ્ટારિકા અને ફીનલેન્ડ : ૭ ટકા (૩) કર્ગિઝસ્તાન, દક્ષિણ આફ્રિકા અને બ્રાઝિલ : ૬ ટકા (૪) ઈંગ્લેન્ડ, નેધરલેન્ડ, પેલેસ્ટાઈન : ૫.૫ ટકા (૫) મલેશીયા, કેન્યા, મોંગોલીયા, દક્ષિણ કોરીયા અને અમેરિકા : ૫ ટકા. ઉપરના કેટલાક દેશો વિકસિત છે. આ દેશોને શિક્ષણના વિકાસ અને વિસ્તાર માટે નવું રોકાણ કરવાનું નથી, માત્ર તેમના વિકાસને જાળવી રાખવા માટે ઉપરોક્ત ખર્ચ કરવો પડે છે. જ્યારે આપણે શિક્ષણની માળખાગત સુવિધાઓ ગ્રામ્યસ્તર સુધી પહોંચાડવા અને ગુણવત્તા જાળવવા માટે વધુ ખર્ચ કરવાની જરૂર છે. નવી શિક્ષણ નિતિમાં આ મુદ્દાને ધ્યાનમાં રાખી હાલનો જે ખર્ચ ૯.૭ ટકા છે તે ૨૦ ટકા કરવાનું લક્ષ્યાંક આવતા ૧૦ વર્ષ માટે નક્કી કરવામાં આવ્યું છે. આપણે ખર્ચ અંગેની ચર્ચા કરી પણ બીજું અગત્યનું પાસુ દર વર્ષે ફાળવવામાં આવતા નાણાં વર્ષના અંતે વપરાતા નથી. હાલમાં કોમ્પટ્રોલર અને ઓડીટર જનરલના ૨૦૧૮-૧૯ના રીપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે સરકારે એજ્યુકેશન સેસ પેટે ઉઘરાવેલી રકમ પૈકી રૂા. ૯૪,૦૩૬ કરોડ વપરાયા વગરના કોન્સોલીડેટેડ ફંડમાં જમા પડ્યા છે. ચાલુ વર્ષે કેન્દ્ર સરકારનો કુલ શિક્ષણ ખર્ચ ૮૦,૨૧૫ કરોડ છે. એક તરફથી આપણે બજેટમાં પ્રોવિઝન ઓછું કરીએ છીએ અને બજેટની રકમ વાપરવાની વ્યવસ્થા પણ ઉભી કરી શકતા નથી તે એક કરૂણતા છે.

શિક્ષણ તરફના જાહેર ખર્ચ અંગે આપણે નાગરિકો જાગૃત નથી. પરિણામે સરકારી શાળામાં માળખાગત અદ્યતન સુવિધાઓ ઊભી કરી શકતા નથી. સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત આ કાર્ય થયું છે. પણ હજુ ઘણું કરવાનું બાકી છે. વાલીઓનો શિક્ષણ અંગેનો ખર્ચ વધતો જાય છે. સરકારી શાળાઓમાં સંખ્યા ઘટતી જાય છે. ખાનગી શાળાઓમાં સંખ્યા વધતી જાય છે. ૨૦૧૧ અને ૨૦૧૫ વચ્ચે સરકારી શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા ૧.૧૧ કરોડ ઘટી છે. અને ખાનગી શાળાઓમાં ૧.૮ કરોડ વધી છે.

આપણા પાર્લામેન્ટના સભ્યો, વિધાનસભાના સભ્યો શિક્ષણના જાહેર ખર્ચના અંગે ઊંડાણથી અભ્યાસ કરતા નથી. શિક્ષણશાસ્ત્રીઓ અને કેળવણીકારો એક અવાજે પ્રેશર ગ્રુપ ઉભુ કરતા નથી તે લોકશાહીની કરૂણતા છે. આપણે ઈચ્છીએ નવી શિક્ષણ નિતિને સરકાર સવેળા જાહેર કરે અને તેનો અમલ અસરકારક રીતે કરે.

# શિક્ષણના સિતારા

ડૉ. ઈશ્વર પરમાર
દેવભૂમિ દ્વારકા.

***વીસમી સદી ગુજરાતના શિક્ષણ ક્ષેત્રે શિક્ષકોની બાબતમાં નસીબદાર રહી. એક નજર નાંખીએ તો ઋષિ તુલ્ય શિક્ષકોની એક આકાશગંગા ગુજરાતને મળી હતી. આ સૌ સિતારાનો પરિચય બે દાયકા પહેલા ગુજરાતના જાણીતા શિક્ષણવિદ્, લેખક, સંશોધક ડૉ. ઈશ્વર પરમારે ''શિક્ષણના સિતારા'' પુસ્તક દ્વારા ગુજરાતના શિક્ષણજગતને આપ્યો હતો. શિક્ષણ જગતની નવી પેઢી આ શિક્ષકોનો પરિચય મેળવે અને તેમના જીવનમાંથી પ્રેરણા મળે તે હેતુથી અમે ''શિક્ષણના સિતારા''ની શ્રેણી ઘરશાળા માસિકમાં દર મહિને પ્રકાશિત કરીશું. આશા છે કે વાચકો અમારા આ નવતર પ્રયોગને આવકારશે.***

## ઉજાસના ઉગમ જેવા ઉદાત્ત શિક્ષક પ્રભાશંકર કેશવજી ત્રિવેદી

ફરી સાંભળીએ ઊંડા-ઘેરા અવાજમાં થયેલું આ એક છટાદાર સંભાષણ :

''શિક્ષણ કોણ આપી શકે ? પણ ખરેખર શિક્ષણ આપવાનો અધિકાર કોને ? ખરે જ શિક્ષણનો અધિકાર તો તેને છે જે સુરુચિપૂર્ણ હોય, જેના જીવનનો કોઈ આદર્શ હોય, જેને સંસ્કારિતાનું કોઈ સ્વપ્ન હોય, જેની પ્રવૃત્તિમાં કોઈ પુણ્ય હોય, જેની ભાવનામાં કોઈ ભક્તિ હોય, જેની અભિવ્યક્તિમાં કોઈ પ્રાણ હોય, જેની અસ્મિતામાં કાંઈ ઉજાસ હોય, જેનામાં તપ હોય, તેજ હોય, ત્યાગ હોય....શિક્ષકને પોતાને કોઈ લઘુતા કે શ્રેષ્ઠતાની ગ્રંથિ હોવી ન જોઈએ. તેનામાં તિરસ્કારવૃત્તિ ન હોવી જોઈએ. ખટપટ કે ક્ષુદ્રતા પ્રત્યે તેનામાં લેશ પણ અભિરુચિ ન હોવી જોઈએ. શિક્ષક એટલે તો સર્જક કલાકાર, મૌલિક ચિંતક, સંનિષ્ઠ વૈજ્ઞાનિક....આવા શિક્ષકો શિક્ષક થવાનો અધિકાર છે.''

હવે સંભાષણ સાંભળનારનો પ્રતિભાવ : ''સાહેબ, શિક્ષક થવાનો અધિકાર મેળવવા ઈચ્છનાર માટે આપ આવી બધી અપેક્ષાઓ તો રાખો છો, પણ તેના ઉદાહરણરૂપ સાચુકલા શિક્ષક શોધવા ક્યાં જવું ?''

- આના જવાબમાં નમ્ર સ્મિત કરતા રહેતા એ ઉદાત્ત શિક્ષકની કાળ-પ્રવાહમાં વિદાય થયા પછી હવે ખ્યાલ ખીલે બંધાય છે કે શિક્ષકો માટે વક્તા પોતે જ અપેક્ષાઓ રાખતા હતા તે અનુસારનું જીવન તો તેઓ પોતે જ જીવી ગયા અને ગુજરાતના શિક્ષણ-ગગનમાં ધ્રુવતારક બની રહ્યા !

નામ : પ્રભાશંકર કેશવજી ત્રિવેદી. કદાચ આ નામે ભાગ્યે જ કોઈ ઓળખે. તેઓ પ્રખ્યાત થયા આ નામથી. પ્ર. ત્રિવેદી. વાત કરે ત્યારે : ત્રિવેદીસાહેબ.

એમનો જન્મ વઢવાણ શહેરના નજીકના વાઘેલા ગામે તા. ૬-૯-૧૯૧૦ના થયો હતો. વતન : અમદાવાદ જિલ્લામાં ધંધુકા પાસેનું ગામ રોજકા. પિતાજી પ્રાથમિક શિક્ષક, એમની વારંવાર બદલી થયા કરતી તેથી પ્ર. ત્રિવેદી બચપણથી જ અનેક ગામોમાં પાણી પીવા માંડ્યા !

કારોલ ગામમાં બીજા ધોરણમાં ભણતા હતા ત્યારે વર્ગની બારીમાંથી તેમનું ધ્યાન દૂર વગડામાં ઝૂમતા કેસરી રંગના ઝાડ પર ગયું. ઝાડ તો લીલાં હોય; આ તો લાલ-કેસરી રંગનું ઝાડ ! એ બાળકે શાળામાંથી કોઈનીય રજા લીધા વિના વગડા ભણી દોટ મૂકી. કેસૂડાનું ઝાડ પહેલીવાર જોઈને જાણે ન્યાલ થઈ ગયા !

રોજકા ગામમાં ત્રીજા ધોરણમાં ભણતા હતા ત્યારે પાંચમા ધોરણ માટે શાળામાં થતા વિજ્ઞાન-પ્રયોગો તે ખૂબ રસપૂર્વક જોતા; ચોથા ધોરણમાં હતા ત્યારે રાજકોટ નજીકના ગવરીદડ ગામના શાળા-પુસ્તકાલયમાં પુરાઈ જઈને કલાકો સુધી વાંચતાં. આ વાચનથી તેમનામાં ભૂગોળ

અને પ્રવાસનો શોખ અંકુરિત થયો.

પાંચમા ધોરણથી વઢવાણની દાજીરાજી હાઈસ્કૂલમાં પ્રવેશ મલ્યો. છઠ્ઠા ધોરણમાં ભણતી વખતે અંગ્રેજીમાં વાચનના વીસમાંથી વીસ અને અંગ્રેજી કૉપીબુકમાં દસમાંથી દસ ગુણ મળ્યા હતા. સાતમું ધોરણ અડધું વઢવાણમાં ભણ્યાં ને પછી લખતરમાં.

પંદર વર્ષની વયે (૧૯૨૫) સ્કાઉટમાં જોડાયેલા પ્ર. ત્રિવેદીને વાચનશોખ એવો કે શાળાના એક કબાટમાં ગોઠવાયેલ સાહિત્ય અંગેની તમામ અંગ્રેજી પુસ્તિકાઓ એમણે રસપૂર્વક વાંચી લીધેલી. અંગ્રેજી ભાષા પર પ્રાવીણ્ય એવું કે તે નવમા ધોરણમાં હતા ત્યારે કૉલેજના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટેના જનરલ ઈંગ્લિશના પ્રશ્નપત્રના તેમને જવાબો લખવા માટે આપવામાં આવ્યા ને તેમાં તેઓ પાસ થયા !

પ્ર. ત્રિવેદી દસમા ધોરણમાં ભણતા હતા તે દરમ્યાન અંગ્રેજીના શિક્ષકે વર્ગમાંના એક વિદ્યાર્થીએ ખોટો શબ્દોચ્ચાર કર્યો કે તરત તેને તમાચો ચોડી કાઢ્યો. પિરિયડ પૂરો થયો. તરુણ પ્ર. ત્રિવેદીએ વર્ગના બધા વિદ્યાર્થીઓને આ ઘટનાનો વિરોધ કરવા હાઈસ્કૂલની બહાર નીકળી જવા સમજાવ્યા. બધા બહાર આવી ગયા. પેલા શિક્ષક વિરુદ્ધ ફરિયાદ કરતો તાર રાજકોટ મુકામેના એજ્યુકેશનલ ઑફિસરને કર્યો; એટલું જ નહીં, વર્ગના એ સત્તરેય વિદ્યાર્થીઓ હાઈસ્કૂલમાં જવાને બદલે તળાવને કાંઠે કે વગડામાં જઈને ભણવા માંડ્યા. એમના શિક્ષક થયા પ્ર. ત્રિવેદી ને બીજા બે સહપાઠી મિત્રો. આમ અઠવાડિયું ચાલ્યું. શાળાએ પ્ર. ત્રિવેદીને ડિસમિસ કરવાની ધમકી આપી. છેવટે કામચલાઉ સમાધાન થયું. પરંતુ તે વિદ્યાર્થીઓને ત્રણ-ત્રણ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો. તે બધાએ દંડ ભરી દીધો પરંતુ પ્ર. ત્રિવેદીએ દંડના વિરોધમાં શાળા છોડી.

હવે એણે એ જ લખતર ગામમાં ઓરડી ભાડે લીધી. એમાં રહે ને પાઠ્યપુસ્તક લઈને વગડામાં ભૂતિયા તળાવની પાળે ઊગેલા પીલુડાના ઝાડ પર માંચડો બાંધીને તેમાં આખો દિવસ વાંચે ! દરમ્યાન તેમને જાણ કર્યા વગર લખતરના રાજકુમાર ગંભીરસિંહજીએ તેમના વતી શાળામાં દંડ ભરી દીધો. પછી તો સહપાઠી મિત્રોના પ્રેમભર્યા દબાણને વશ થઈને શાળામાં હાજર થયા; પરીક્ષા પણ આપી ને માનભેર પાસ થયા.

અગિયારમું (મેટ્રિક) ધોરણ અમદાવાદના છાત્રાલયમાં રહીને ભણ્યા. તે સમયમાં અતિવૃષ્ટિ થયેલી. સાબરમતી નદીમાં છાત્રાલયનો એક છોકરો તણાવા માંડ્યો. પ્ર. ત્રિવેદીએ તેને છત્રીના હાથાથી ખેંચીને બચાવી લીધો. આવું તો બીજીવાર પણ બનેલું (૧૯૨૭).

અમદાવાદમાં તેઓ અવારનવાર સાંજે ચાલીને સાબરમતી આશ્રમમાં જતા અને ત્યાં થતી સાયંપ્રાર્થનામાં જોડાતા. મહાત્મા ગાંધીજીના પ્રવચનો સાંભળતા. પ્ર. ત્રિવેદીએ અઢાર વર્ષની ઉંમરે મેટ્રિકની પરીક્ષા પસાર કરી. (૧૯૨૮)

આમ તો માધ્યમકિ શિક્ષણ દરમ્યાન ત્રણ વખત આર્થિક સંજોગવશ ભણતર બંધ કરવાની પરિસ્થિતિ ઊભી થઈ હતી પણ તેને પાર કરીને મેટ્રિક થયા પછી યુનિવર્સિટી - કૉલેજમાં ભણવા જવાનો મેળ તો ન જ પડ્યો. છેવટે નાછૂટકે પ્રાથમિક શિક્ષકોને તાલીમ આપતી રાજકોટની હંટર ટ્રેઈનિંગ કૉલેજમાં પ્રવેશ મેળવ્યો.

ટ્રેનિંગ-કૉલેજમાં ઉદાસ રહ્યા હતા વિદ્યાર્થી પ્ર. ત્રિવેદી તરફ આચાર્યનું ધ્યાન ગયું. વાતચીત કરીને તેનું હીર પારખી ગયા. એમણે કહ્યું : “તારે કોઈ પિરિયડમાં હાજર ન રહેવું હોય તો કોઈ વાંધો નહીં. ઑફિસમાંથી લાઈબ્રેરીની ચાવી લઈ તને ગમે તે પુસ્તકો તું વાંચવા લઈ જઈ શકે છે.” આ સમયે એણે જોડણી અને કલાવિષયક પુસ્તકો વિશેષ વાંચ્યા. એકસોથી વધુ માઈલના સાહસસભર પગપાળા પ્રવાસો કર્યા. તેઓ કહેતા - “ટ્રાવેલ ઈઝ એ ટીચર ઑફ ટીચર્સ !”

સને ૧૯૩૦. ટ્રેઈનિંગ કૉલેજનું છેલ્લું વર્ષ. ભારતના બીજા ભાગોની જેમ રાજકોટમાં પણ સત્યાગ્રહની ચળવળ ચાલતી હતી. આ ચળવળને ચગદી નાખવા સ્થાનિક સત્યાગ્રહીઓ પર તો ઘોડાઓ દોડાવાય ! આ જાણીને આઘાત પામેલા પ્ર. ત્રિવેદીએ કૉલેજના મિત્રોને કહ્યું : “આ

બાબતે આઘાત વ્યક્ત કરવા માટે આજે આપણે કૉલેજમાં ન જઈએ પણ શાંતિથી છાત્રાલયમાં વાંચીએ તો કેમ ? બધા સહમત થયા. સરકારી કૉલેજમાં હડતાલ ! આ ગંભીર ઘટનાને સંકેલી લેવા આચાર્યે પ્ર. ત્રિવેદીને કહ્યું : ‘‘તમને ડિસમિસ કરવામાં આવશે તો તમે શું કરશો ?’’

‘‘સાહેબ દુનિયા ઘણી મોટી છે. હું ગમે ત્યાં મારો માર્ગ કાઢીશ.’’ છેવટે ગમે તેમ આ ઘટનાને વિસારી દેવામાં આવી.

તાલીમનું વર્ષ પૂરું થતાં પહેલાં પ્ર. ત્રિવેદીના સૂચનથી સહપાઠીઓએ ‘શાહજહાં’ નાટક ભજવ્યું. એક મિત્રની મદદથી નાટકનો પડદો પણ સુંદર ચીતર્યો. નાટકમાં પ્ર. ત્રિવેદીએ દારાનો પાઠ ભજવીને પ્રેક્ષકોની આંખો ભીંજવી દીધી. ઉપસ્થિત એજ્યુકેશનલ ઈન્સેપક્ટર નાટક તેમજ નાટકનો સુંદર પડદો જોઈને એટલા ખુશ થયા કે એમણે વીસ વર્ષના પ્ર. ત્રિવેદીને કોઈ પ્રાથમિક શાળામાં નહીં પરતુ લખતરની હાઈસ્કૂલમાં ચિત્રશિક્ષક તરીકેની નિમણૂક આપી. (૧૯૩૦)

લખતરમાં રહીને એસ.ટી.સી. પરીક્ષા માટે વાચન કરવા નિમિત્તે તેઓ યુરોપિયન કેળવણીકારોની વિચારસરણીથી પરિચિત થવા માંડ્યા ને સાથોસાથ વિદેશ-પ્રવાસના શમણાંય જોતા થયા !

– ને યોગાનુયોગ એ દિવસોમાં ઝાંઝિબાર (પૂર્વ આફ્રિકા)ની એક શાળામાં શિક્ષકની જરૂર છે એવી જાહેરખબર છાપામાં આવી. પ્ર. ત્રિવેદીનો પ્રવાસ-શોખ તે વાંચીને સળવળ્યો. અરજી કરી. ટૂંક સમયમાં નિયુક્તિ-પત્ર આવી ગયો; વીસમી માર્ચ, ૧૯૩૨ના દિને બાવીસ વર્ષના નવયુવાન પ્ર. ત્રિવેદીએ ઝાંઝિબાર પહોંચી ગયા.

ઝાંઝિબારને કિનારે પગ મુક્યો તે જ દિવસથી પ્ર. ત્રિવેદીએ સ્વાહિલી ભાષા શીખવી શરૂ કરી દીધી. પૂર્વ આફ્રિકાના ઈતિહાસનો અભ્યાસ કરવાની સાથે પ્રવાસો ખેડીને ત્યાંની ભૂગોળ પણ પચાવી લીધી. શાળાના લિંગ્વાફોન યંત્ર ઉપર રોકોર્ડોમાંથી ઑક્સફર્ડ ઉચ્ચાર પ્રમાણે બોલવાનો મહાવરો કેળવવા માંડ્યો. વિશ્વના ચીફ સ્કાઉટ લૉર્ડ બૅડન પોવેલને મળવાની તક લીધી (૧૯૩૪) અને ત્યારથી સ્કાઉટીંગનો શોખ સવિશેષ વિકસાવવા માંડ્યો. એક વખત તો મધદરિયે ડૂબતા વિદ્યાર્થીને બચાવ્યો.

ઝાંઝિબારની શાળા સાથે પ્ર. ત્રિવેદીએ કરેલું ચાર વર્ષનું (૧૯૩૨-૩૬) કરારનામું પૂરું થયું. હવે તેઓ યુરોપમાં ઘૂવાને નીકળી પડ્યા; દરમ્યાનમાં મહાન કેળવણીકાર પેસ્તાલોત્સીને કારણે પ્રખ્યાત શહેર ઝૂરિખ (સ્વિટ્ઝર્લેન્ડ) પણ ગયા. આ શહેરના મુખ્ય ચોકમાં એક ગરીબ ને તરછોડાયેલા વિદ્યાર્થીને અપનાવતા શિક્ષક પિસ્તાલોત્સીનું પૂતળું પ્ર. ત્રિવેદી અવારનવાર ભાવપૂર્વક જોતા.

તેઓ યુરોપમાં રહીને વેપાર દ્વારા કમાણી કર્યા બાદ કેમ્બ્રિજ કે ઑક્સફર્ડ યુનિવર્સિટીમાં ત્રણ વર્ષ ગાળીને ગ્રેજ્યુએટ થવા ઈચ્છતા હતા પરંતુ વેપાર માટે અનુકૂળતા ન થતાં પાછાં આફ્રિકા આવ્યા અને શિક્ષણકાર્યમાં લાગી ગયા; સાથોસાથે તેમણે લંડનની મેટ્રીક પરીક્ષા પસાર કરી (૧૯૩૯); આ પછી લંડન યુનિવર્સિટીની બી.એ.ની પદવી ભૂગોળ વિષળ રાખીને મેળવી. (૧૯૪૨).

સને ૧૯૪૨ના જૂનમાં પ્ર. ત્રિવેદી ટાંગાન્યિકાના લિન્ડી ગામની ઈન્ડિયન પબ્લિક સ્કૂલમાં આચાર્ય તરીકે જોડાયા. અહીં રહીને એમણે એવા શૈક્ષણિક મૌલિક પ્રયોગો કર્યા કે વિદેશ કેળવણીકારોનું તેમની શાળા તરફ ધ્યાન ખેંચાયું.

સાંજે શાળાનું કામ પૂરું કરીને પ્ર. ત્રિવેદીએ ફરવા જવાનું રાખ્યું. આમ ત્રણેક દિવસ તેમને જતા જોઈને થોડા વિદ્યાર્થીઓએ તેમને પૂછ્યું : ‘‘સાહેબ, તમે સાંજે ક્યાં જાવ છો ?’’

‘‘ફરવા.’’

‘‘ક્યાં પીરીપીરી ?’’

‘‘પીરીપીરીથી આગળ; તમે પીરીપીરી ગયા છો ?’’

‘‘એકાદવાર ગયા હતા.’’

‘‘પીરીપીરીથી આગળ ગયા છો ?’’

‘‘કિટૂરો.’’

‘‘કિટૂરો ? ત્યાં તો સિંહ રહે છે – જવામાં જોખમ !’’

‘‘નેટિવ લોકો તો ત્યાં કાયમ સિંહ વચ્ચે રહે છે.


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

આપણે દિવસના ફરવા જઈએ તો નહીં જવું જોખમ !''

''અમે તમારી સાથે આવીએ ?''

''તમે આવવાના હો તો રવિવારે આવજો, આપણે જરા વહેલા નીકળીશું. ચાલતાં થાકો નહીં એવા દોસ્તો આવજો.''

આમ શરૂ થયા રોમાંચક પ્રવાસ. ચાલતાં ચાલતાં આચાર્ય પ્ર. ત્રિવેદી બાળકોને કુદરતની કરામતો બતાવે, વિશ્વયુદ્ધની વાતો કરે ને વાર્તા તો ખરી જ. એક વખત પ્રવાસમાં તેમની સાથે આવેલા શિક્ષકે પાછા ફરવાનો ટૂંકો રસ્તો ચીંધ્યો પરંતુ તે લાંબો ને જોખમી નીકળ્યો ! રાતે અંધારું ઘોર ! છેવટે પોતાની ભૌગોલિક સૂઝના આધારે પ્ર. ત્રિવેદીએ સૌને ઘેર પહોંચાડ્યા.

આચાર્ય પ્ર. ત્રિવેદીએ આ પર્યટનની સાથે શૈક્ષણિક હેતુ પણ જોડ્યો. તેમણે પર્યટન દરમ્યાન વૈજ્ઞાનિક તત્ત્વોના નમૂનાઓ એકઠા કરવાનું વિદ્યાર્થીઓને સૂચવ્યું. તેઓ વિવિધ ખડકો, માટીના નમૂના, પરવાળાં, છીપલાં, શંખ, કોડીઓ, પાણીમાં તરે તેવા 'પુમિસોમ' પથ્થર, પીંછાં, પાંદડાં એકઠાં કરવા માંડ્યા. એ વ્યવસ્થિત રીતે ગોઠવીને સ્કૂલ-મ્યૂઝિયમ વિકસાવવા માંડ્યું. તેમાં એમણે જ્વાળામુખીનો નમૂનો પણ બનાવી ગોઠવ્યો.

આચાર્ય પ્ર. ત્રિવેદી શાળામાં અનેક સહ-અભ્યાસ પ્રવૃત્તિઓ યોજતા. નાટ્યપ્રવૃત્તિઓ દ્વારા સાહિત્ય અને ઈતિહાસનું શિક્ષણ, પર્યટનો દ્વારા ભૂગોળ-વિજ્ઞાનનું શિક્ષણ તેમજ કુદરત સાથેની આત્મીયતા દ્વારા કવિતા, કળા અને આધ્યાત્મિકતાનું શિક્ષણ અસરકારક સાબિત થવા માંડ્યું.

આ નાનકડી શાળાની સુવાસ એવી ફેલાઈ કે દૂરસુદૂરથી હિંદીઓએ પોતાનાં બાળકોને લિન્ડી ખાતે ભણવા માટે મોકલવા માંડ્યા. શાળાની સંખ્યા વધી. બે નવા ઓરડા બાંધવાની ફરજ પડી. ટાંગાન્કિયાના ગર્વનર મિ. જેફ્રસન આ શાળાની મુલાકાતે આવ્યા. ખૂબ રાજી થયા. તેમના સૂચનથી ટાંગાન્યિકાના સિનિયર એજ્યુકેશન ઑફિસર મિસિસ પેલ્હેમ જહૉન્સન પણ શાળામાં આવ્યાં. એમણે પૂછ્યું જ :

''મિ. ત્રિવેદી, આ મ્યુઝિયમ તૈયાર કરવામાં કેટલું ખર્ચ થયું ?''

''શૂન્ય પાઉન્ડ, શૂન્ય શિલિંગ, શૂન્ય પેન્સ !''

''ખરેખર ? એમ બને જ કેવી રીતે ?''

આના ઉત્તરમાં પ્ર. ત્રિવેદીએ શાળામાં થતા રહેતાં પર્યટનોની વાત કહી ત્યારે તેઓ ભારે આનંદથી બોલી ઊઠ્યાં. ''મિ. ત્રિવેદી, તમારું સ્કૂલ-મ્યુઝિયમ તો બાળકોના સાચા શિક્ષણનું એક અદ્‌ભુત દૃષ્ટાંત છે.''

સને ૧૯૪૪માં કિલિમાન્જારો અને માઉન્ટ મેરૂના પ્રદેશમાં આવેલ અરુશાની શાળાનું આચાર્યપદ પ્ર. ત્રિવેદીએ સ્વીકાર્યું. તે પછીના વર્ષે માઉન્ટ મેરૂનું સફળ આરોહણ કરીને પૂર્વ આફ્રિકામાં ભારતીય પર્વતારોહણ પ્રવૃત્તિના ઈતિહાસનો આરંભ કર્યો.

સને ૧૯૪૬ના ઑગસ્ટમાં પ્ર. ત્રિવેદી પૂર્વ આફ્રિકા છોડીને ઈંગ્લેન્ડ ગયા. અહીં લંડન યુનિવર્સિટીમાં તેઓ ટી.ડી. (પોસ્ટ ગ્રેજ્યુએટ ટીચર્સ ડિપ્લોમા) થયા. તેમના વિષય હતા ભૂગોળ ને અંગ્રેજી.

સને ૧૯૪૭ના ઈસ્ટરમાં બે અઠવાડિયાં માટે લંડન યુનિવર્સિટીના પ્ર. ત્રિવેદી સહિત પચ્ચીસ વિદ્યાર્થીઓએ 'આલ્પસની ઉત્તરે અને દક્ષિણે માનવ-વસવાટ' અંગેનો અભ્યાસ કુશળ અધ્યાપકોના માર્ગદર્શન હેઠળ કર્યો. આ જ વર્ષે એમણે ઉનાળામાં વેલ્સનો પગપાળા પ્રવાસ કર્યો. તે પછીના વર્ષે ઉનાળામાં સાત અઠવાડિયાંનો લગભગ પાંચ હજાર કિલોમીટરનો ગ્રેટબ્રિટનનો સાઈકલ-પ્રવાસ કર્યો.

પ્રશિક્ષણ ક્ષેત્રે અનુસ્નાતક-સંશોધનનો પ્ર. ત્રિવેદીનો વિષય કલાના મનોવિજ્ઞાનને લગતો હતો. એ ક્ષેત્રે સંશોધન કરવા માટે એમણે ડર્હૅમ યુનિવર્સિટીના પ્રોફેસર ડૉ. એડવિન આર્થર પીલનો સંપર્ક કર્યો. એમણે પૂછ્યું : ''આ ક્ષેત્રમાં સંશોધન અંગેની તમારી ઉત્કલ્પના શી છે ?''

પ્ર.ત્રિવેદીનો ઉત્તર હતો : ''વિવિધ વયનાં બાળકો તેમની સાહજિક કલાકૃત્તિઓમાં તેમનાં રસકેન્દ્રો આવિષ્કૃત કરે છે એવી મારી ઉત્કલ્પનાના આધારે હું બાળકોની

ચિત્રકૃતિઓ દ્વારા તેમની અભિવ્યક્તિનો અભ્યાસ કરવા માંગું છું.''

પ્ર. ત્રિવેદીની કલા અંગેની સમજ ચકાસીને ડૉ. પીલીએ એમને સંશોધનક-વિદ્યાર્થી તરીકે સ્વીકાર્યા. અભ્યાસને અંતે ડર્હેમ યુનિવર્સિટીએ એમને એમ.એડ્.ની પદવી એનાયત કરી. (૧૯૪૯)

આ પદવી આપણા માટેના પરીક્ષક ગ્લાસગો યુનિવર્સિટીના જાણીતા પ્રોફેસર રસ્ક હતા. એમણે ત્રિવેદીની થીસિસ વાંચીને કહેલું : ''આ વિદ્યાર્થીને પીએચ.ડી. માટે રજિસ્ટર કરવો જોઈએ.''

કલાના મનોવિજ્ઞાનના ક્ષેત્રે પીએચ.ડી. કર્યા પછી પ્ર. ત્રિવેદીને અમેરિકામાં સારી તકો મળી શકે તેવું હતું; પરંતુ તેમનો ઈરાદો તો સ્વાતંત્ર્યોભર ભારતની શૈક્ષણિક ભૂમિકા જાણીને કશુંક નક્કર કામ કરવાનો હતો. એમને થતું : યુરોપ જેવા દેશોમાં તો ધરતી ખેડાયેલી છે; મારે તો ભારતની શિક્ષણક્ષેત્રે વણખેડાયેલી ધરતીમાં ઘરબાવું છે !

સને ૧૯૪૯ની પાનખરમાં પ્ર. ત્રિવેદી ઈંગ્લેન્ડથી ભારત, યુરોપ અને પૂર્વ એશિયા વીંધીને આવ્યા; વચ્ચે માર્ગમાં પેરિસ, ફ્લોરેન્સ, રોમ, નેપલ્સ આયેન્સ, ઈસ્તંબુલ, બગદાદ અને બસરાની મુલાકાત લીધી.

જાન્યુઆરી, ૧૯૫૦માં ભારત આવીને પ્ર. ત્રિવેદીએ દેશની શૈક્ષણિક ભૂમિકા સમજવા માટે વેડછી, સેવાગ્રામ અને શાંતિનિકેતનની મુલાકાત લીધી. વિદેશમાં યુનિવર્સિટી-પ્રોફેસર થવાની ઊજળી તકો જતી કરીને એમણે સ્વતંત્ર ભારતમાં જ રહેવાનું નક્કી કર્યું.

ચાલીસેક વર્ષની વયે તે વખતના સૌરાષ્ટ્ર રાજ્યના ઉપ-વિદ્યાધિકારી તરીકેની કામગીરીનો તેમણે સ્વીકાર કર્યો. શિક્ષણ ખાતાના મુખપત્ર 'સરસ્વતી'નું તંત્રીપદ (૧૯૫૧-૫૭) પણ નભાવ્યું.

પોતાની કલમ અને કંઠ દ્વારા રિસાયતી શાસનમાં પરાધીનતા સેવીને પછાત રહી ગયેલા શિક્ષકોના વ્યક્તિત્વને અજવાળવા એમણે સખત પરિશ્રમ કર્યો. સૌરાષ્ટ્રભરમાં તાલુકા-સંમેલનો યોજ્યાં. શિક્ષણક્ષેત્રે ચેતનાની લહર ફેલાવી.

આ દક્ષ અને દયાળુ ઉપ-વિદ્યાધિકારીની રાજકોટ ખાતેની કચેરીમાં પ્રવેશવા માટે રજા માંગતી ચિટ્ઠી ગામડાની શાળાની એક શિક્ષકે સાથી (પટાવાળા) દ્વારા મોકલાવી. તેને અંદર આવવા દેવાની પ્ર. ત્રિવેદીએ તરત સૂચના આપી.

શિક્ષકે સ-સંકોચ પ્રવેશ કર્યો. ઉપ-વિદ્યાધિકારીએ તેને આવકારીને તેની સાથે હસ્તધૂનન કર્યું ને બેસવા માટે ખુરશી ચીંધી. શિક્ષક હાથ જોડીને કહે - ''સાહેબ, આપની સામે મારાથી બેસાય નહીં, હું ઊભો રહીશ.''

પ્ર. ત્રિવેદીએ મનોમન કશું ગોઠવીને વાત માંડી :

''વેલ, તમારા ગામની વસતિ કેટલી ?''

''નવસો.''

''તમારા ગામને પાદર વૃક્ષો ઊગેલાં છે ?''

''અહો ! ત્યારે તો તમારા ગામનું પાદર રળિયામણું છે. એ પાદરમાં તમારા ગામના તમામ માણસોને શૈક્ષણિક લાયકાતના ક્રમમાં એક હારમાં ઊભા રાખીએ તો તમારો ક્રમ કેટલામો આવે ?''

આ સવાલ થતા જ શિક્ષકનું આત્મ-ગૌરવ ઝબકી ઊઠ્યું. તેને ખ્યાલ આવ્યો કે આખા ગામમાં તેના જેટલું બીજું કોઈ ભણેલું નથી ! તેનામાં જાગી ઊઠેલી એ આત્મગૌરવની પળ ઝડપીને પ્ર. ત્રિવેદીએ તેનો ખભો પકડીને તેને ખુરશી પર બેસાડી દીધો ! તે પછી શિક્ષકે નિઃસંકોચ પોતાની સમસ્યા જણાવી અને ઉપવિદ્યાધિકારી પ્ર. ત્રિવેદીએ ઘટતો ઉકેલ પણ તરત કરી આપ્યો. સ્વમાન અને સ્વભાનથી સોહતા શિક્ષકે કચેરીમાંથી સસ્મિત વિદાય લીધી.

પોરબંદરનાં ઉત્સાહી શિક્ષિકા ગુણવંતબા રાણાએ પાળીમાં શાળા ચલાવવા દેવા માટે જિલ્લા કક્ષાએ ખૂબ રજૂઆતો કરી પણ કંઈ દાદ ન મળી. પ્ર. ત્રિવેદી શાળાની મુલાકાતે આવ્યા ને પૂછ્યું : ''આટલાં બધાં બાળકો એક જ રૂમમાં ?''

''સાહેબ, ઓરડા થોડા છે, સંખ્યા વધુ છે, શિફ્ટની જરૂર છે.''

- તરત આ દરખાસ્તને મંજૂરી મળી ગઈ.

સને ૧૯૫૩માં પ્રેસિડેન્ટ ટ્રુમેન્સ પૉઈન્ટ ફોર પ્રોગ્રામ હેઠળ અમેરિકાની સરકારે શિક્ષણ અને ગ્રામ યુવા-કલ્યાણ માટેની શિક્ષણ પદ્ધતિનો વિશિષ્ટ અભ્યાસ કરવા વિશ્વભરના પ્રતિનિધિઓને નોતર્યા તેમાં પ્ર. ત્રિવેદીની પણ પસંદગી થઈ હતી. આ નિમિત્તેના છ માસના અમેરિકા-નિવાસ દરમ્યાન તેમના પત્રો 'સરસ્વતી' માસિકમાં છપાતા રહ્યા હતા. પાછા વળતી વખતે તેઓ પેરિસથી કોપનહેગન ગયા અને ડેન્માર્ક જઈ ત્યાંની લોકશાળાઓનો વિગતે પરિચય કર્યો.

પ્ર. ત્રિવેદી જીવને જોખમે પણ રૂઢિચુસ્ત સમાજના વિરોધ-વંટોળની વચ્ચે હરિજન બાળકોને શાળાઓમાં દાખલ કરાવવા પ્રયત્ન કરતા. માધવપુર (ઘેડ)માં તેવા પ્રયાસ કરવા ઈચ્છતા પ્ર. ત્રિવેદીને વારતાં તે વિસ્તારના કેળવણી નિરીક્ષકે કહ્યું : "સાહેબ એમ કરવા જતાં આપનું કે કોઈનું ખૂન થઈ જશે. આપ મહેરબાની કરીને રોજકોટ પાછા ચાલ્યા જાવ."

"તમારી વાત સાચી ઠરે તો પણ શું થઈ ગયું ? સ્વરાજ્ય મળી ગયા પછી આપણે હરિજનોને શાળામાં પ્રવેશ પણ આપી શકીએ નહીં તો દેશદ્રોહ કર્યો ગણાય. શું હરિજનો ભારતના નાગરિકો નથી ?"

મક્કમ ઈરાદા સાથે પ્ર. ત્રિવેદીએ શાળામાંથી સવર્ણ વિદ્યાર્થીઓનું શાંત સરઘસ કાઢ્યું. રૂઢિચુસ્તો કુહાડીઓ ખભે રાખીને આખા રસ્તે ઊભા હતા. એકેય કુહાડી પ્ર. ત્રિવેદીની ગરદન પર ન ઝીંકાઈ. હરિજનવાસમાં પહોંચીને ત્યાંનાં દસ-બાર બાળકોને સાથે લઈને સરઘસ શાળામાં પાછું આવ્યું.

એક હરિજન બાળકને પાસે બોલાવીને તેના હાથમાં પ્ર. ત્રિવેદીએ પાટી આપી. પાટીમાં એકડો લખી આપ્યો. તેની પાસે ઘૂંટાવ્યો. શાળાના જનરલ-રજિસ્ટરમાં હરિજન બાળકોનાં નામ તે જ વખતે આચાર્ય પાસે નોંધાવ્યાં અને તેમની હાજરી પૂરવામાં આવી.

ઉપવિદ્યાધિકારી પ્ર. ત્રિવેદી જરૂર પડ્યે ચાલીને પણ ઊંડાણના ગામે જઈ શાળાની મુલાકાત લેતા. ગાડાની જોગવાઈ હોય તોપણ તેઓ પગે ચાલવાનું પસંદ કરતા ને ગાડાવાળાને કહેતા - "પટેલ, તમે આટલી બધી તકલીફ શું કામ લીધી ? બળદને નકામા શીદ હેરાન કર્યા ? અમે ખુશીથી ચાલીશું. તમતમારે ખાલી ગાડું લઈને આવો."

ગાડાવાળાથી ઓચરાઈ જતું : "અરે, એમ તે થાય ? તમે તે સ્યાબ થૈને આટલા બધા ભલા કેમ સો ?"

જૂન, ૧૯૫૫થી પ્ર. ત્રિવેદીએ પોરબંદરમાં પ્રારંભાયેલી રામબા ગ્રેજ્યુએટ ટીચર્સ કૉલેજનું પ્રાચાર્યપદ સ્વીકાર્યું અને સને ૧૯૬૮માં આ પદેથી નિવૃત્ત થયા. બારેક વર્ષના આ ગાળા દરમ્યાન તેમણે અલગ અલગ સમયગાળે જિલ્લા શિક્ષણાધિકારી તરીકે પણ પ્રભાવક નેતૃત્વ આપ્યું હતું. માનવતાલક્ષી, નિષ્પક્ષ, નિર્ભય, પ્રામાણિક અને સ્વતંત્ર અભિગમથી તેઓ જે જે જિલ્લામાં ગયા ત્યાંના શિક્ષકો અને શિક્ષણપ્રેમીઓમાં આદરભર્યું સ્થાન મેળવ્યું.

એમણે મે, ૧૯૫૭થી પંદરેક મહિના મહેસાણા જિલ્લાના શિક્ષણાધિકારી તરીકે સેવાઓ આપી. એ દરમ્યાન માધ્યમિક શાળાઓના આચાર્યોનું એક જ્ઞાનસત્ર તારંગાની ટેકરી પર યોજ્યું. (૧૯૫૮) તે જ પ્રમાણે એક જ્ઞાનસત્ર પ્રાથમિક તાલુકા શાળાઓના આચાર્યો માટે યોજ્યું. તાલુકે તાલુકે તમામ શાળાઓના શિક્ષકોનાં જ્ઞાનસત્રો યોજ્યાં. અદ્‌ભુત વાત તો એ છે કે આ જ્ઞાનસત્રો માટે તો કશો જ ખર્ચ સરકારને કે લોકલ બોર્ડને ભોગવવો પડ્યો ન હતો !

માનવતાવાદી પ્ર. ત્રિવેદી સમક્ષ એક કાર્યવાહી કરવાની આવી. સરકારી રકમોની ઉચાપત કરીને આત્મહત્યા કરનાર હિસાબનીસની વિધવા પાસેથી પેલી રકમોની વસૂલાત કરવાની આવી. પ્ર. ત્રિવેદીને આ કાર્યવાહી અન્યાયકારી લાગી. એમણે ઉચ્ચકક્ષાએ રજૂઆતો કરીને, મરનારની વિધવાને પી.એફ.ની બધી જ રકમ અપાવી.

શિક્ષકોને વ્યક્તિગત રીતે ઉચ્ચ અભ્યાસ કરતા રહેવાની તેઓ પ્રેરણા આપતા અને શક્ય સહાય સાથે

માર્ગદર્શન પણ આપતા. પોતાના માનવીય અભિગમથી સર્વપ્રિય થયેલા જિલ્લા શિક્ષણાધિકારી પ્ર. ત્રિવેદીની ઓચિંતી બદલી થઈ ત્યારે હાઈસ્કૂલના આચાર્યોએ બદલી રોકવાનો પ્રયાસ કર્યો. તેમને તેમ કરતા રોકતાં પ્ર. ત્રિવેદીએ કહ્યું : "મિત્રો, એક ખેડૂતને ઘણી બધી જમીન હોય તો તેની દેખભાળ કરવા માટે રખોપું કરનાર માણસને આ શેઢેથી બીજે શેઢે બદલાવે તો ના પડાય ખરી ? સરકારનો હુકમ મારે શિરોમાન્ય કરવો જ રહ્યો."

બદલવીશ બીજે જતા પ્ર. ત્રિવેદીને મહેસાણા જિલ્લાના પ્રાથમિક શિક્ષકો ભવ્ય સન્માન કરવા ઈચ્છતા હતા. તેમને તે ન કરવાનું પ્ર. ત્રિવેદીએ સમજાવવા માંડ્યું ત્યારે તેમને બોલતા અટકાવીને શિક્ષકોએ કહ્યું : "સાહેબ, તો પછી અમે મહેસાણા જંક્શને રેલ્વેના પાટા પર સૂઈ જઈશું. તમારી ગાડી અમારા ઉપર થઈને ભલે ચાલી જાય !" છેવટે, પ્ર. ત્રિવેદીએ સૌને મળવા પૂરતું ગોઠવવાનું કબૂલ રાખવું પડ્યું.

તેઓ ખેડા જિલ્લામાં ચારેક વર્ષ (૧૯૬૦-૬૪) જિલ્લા શિક્ષણાધિકારી રહ્યા. ખેડા જતાં પહેલાં એમણે જિલ્લાની ભૂગોળ વિગતથી જાણી લીધી. આથી મદદનીશ નિરીક્ષક અધિકારીઓને ખોટી રોજનીશી લખતા પકડી શકાતા. એ નિરીક્ષકો અને અધિકારીઓ સાથે તેઓ પર્યટનો ગોઠવતા અને જ્ઞાનસત્રો પણ યોજતા. તેઓ સમજાવતા : "આપણું કામ શિક્ષણની કદર કરવાનું છે, તેની ખામીઓની જ શોધ કરવાનું નથી."

એ વખત ખેડા જિલ્લા-કલેક્ટરનો પ્ર. ત્રિવેદીને ફોન આવ્યો : "મહેમદાવાદની હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ હડતાલ ઉપર છે. કાલે ત્યાં તોફાનો થવાની શક્યતા છે. તમને હું પોલીસ-પાર્ટી આપીશ. તમે હડતાલ બંધ થાય તેમ કરો. ગામમાં અશાંતિ છે અને ૧૪૪મી કલમ લાગુ પાડવામાં આવી છે."

"આપે કહ્યું તે માટે પ્રયત્ન જરૂર કરીશ પણ એક શરતે કે પોલીસ-પાર્ટી શાળામાં દાખલ ન થાય."

મહેમદાવાદ પહોંચી જઈને પ્ર. ત્રિવેદીએ જાણ્યું કે મેનેજમેન્ટ શાળાના આચાર્યને કોઈ કારણે સસ્પેન્ડ કર્યા હતા ને તેથી બારસો જેટલા વિદ્યાર્થીઓ હડતાલ પર ઊતરી હાઈસ્કૂલના દરવાજે ઊભા હતા. તેમના નેતાઓએ જણાવ્યું : "સાહેબ, અમારા આચાર્યને ફરી આચાર્યપદ મળે તેવું કરો."

"હું તે માટે કોશિશ કરીશ પણ એક શરતે. તમે રસ્તાની એક બાજુએ શાંતિથી ઊભા રહો, હું જ્યારે નિશાની કરું ત્યારે બધા જ વિદ્યાર્થીઓ શાંતિથી શાળાના પ્રાંગણમાં આવી પ્રાર્થનાસભારૂપે ગોઠવાઈ જજો."

વિદ્યાર્થીઓ માન્યા, પછી પ્ર. ત્રિવેદીએ મેનેજમેન્ટ તેમજ આચાર્ય સાથે વારાફરતી ચર્ચા કરી. છેવટે મેનેજમેન્ટ સસ્પેન્શન ઓર્ડર પાછો ખેંચ્યો અને આચાર્યે નવા વર્ષના આરંભથી અસરકારક બને તે રીતનું રાજીનામું આપ્યું.

વિદ્યાર્થીઓનું વિશાળ ટોળું પ્રાર્થનાસભામાં ફેરવાઈ ગયું. આ અણધાર્યા સમાધાનથી તેમને સંતોષ થયો, આચાર્યનું માન સચવાયું. મેનેજમેન્ટ રાહત અનુભવી.

પ્ર. ત્રિવેદીની જહેમતથી ગંભીરા અને આંતરસુબા મુકામે જિલ્લાના આચાર્યો માટે બે વિશિષ્ટ પરિસંવાદો યોજાયા હતા. જિલ્લામાં ચિત્રકલાની પરીક્ષામાં સૌથી વધુ કેન્દ્રો થયાં. શાળાઓમાં કલા-પ્રદર્શનો તથા સ્કાઉટ-પ્રવૃત્તિ વેગવંતી થઈ. ગુજરાતભરમાં સૌથી વધારે હાઈસ્કૂલો આ જિલ્લામાં ખોલવામાં આવી હતી.

૧લી ઑગસ્ટ, ૧૯૬૪ના રોજ ખેડાથી અમદાવાદ જિલ્લાના શિક્ષણાધિકારી તરીકેનો હવાલો સંભાળ્યો, અહીંની પોણા બે વર્ષની કારકિર્દી દરમ્યાન ત્રણેક માસ માટે તેઓ ડેપ્યુટી ડિરેક્ટરપદે પણ રહ્યા હતા.

અમદાવાદની એક હાઈસ્કૂલના શિક્ષકોનો પગાર નહીં મળવાથી તેઓ હડતાલ પર હતા. તપાસ કરતાં માહિતી મળી કે ફર્નિચરના કોઈ વેપારીએ કોર્ટમાં ફરિયાદ કરીને શાળાની ગ્રાન્ટ ફ્રીઝ કરાવી હતી. આ વિષમ પરિસ્થિતિમાં પ્ર. ત્રિવેદીએ કોર્ટ સમક્ષ સોગંદનામામાં સ્પષ્ટતા કરી કે શાળાને મળવાપાત્ર ગ્રાન્ટનો મુખ્ય હેતુ

શિક્ષકોને મળવાપાત્ર પગાર અંગે નાંણાકીય સહાય કરવાનો છે, ફર્નિચરનાં બિલો ચૂકવવા માટે નહીં, માટે નામદાર કોર્ટે અટકાવેલી ગ્રાન્ટ શિક્ષકોના નિભાવ માટે તત્કાળ મુક્ત કરવી. આ વિનંતી કોર્ટે સ્વીકારી અને શિક્ષકોને પગાર ચૂકવાયો.

પ્ર. ત્રિવેદી અમદાવાદ જિલ્લાના શિક્ષણાધિકારી હતા તે ગાળામાં એક દિવસ ઓચિંતો જ શિક્ષણ-પ્રધાનનો ફોન આવ્યો : "શાળાંત પરીક્ષાના ગણિતનું પ્રશ્નપત્ર ફૂટી ગયું છે. તમે પોલીસને ખબર આપો અને જરૂરી પગલાં લઈ રિપોર્ટ આપો."

આ બાબતે પોલીસને ખબર આપવાનું પ્ર. ત્રિવેદીને ઉચિત ન લાગ્યું. એમણે તુરંત જ ગણિતનું પ્રશ્નપત્ર જાતે જ કાઢ્યું અને તેની સાઈક્લોસ્ટાઈલ્ડ નકલો ટેક્સીથી બધાં કેન્દ્રોમાં પહોંચે તેવી વ્યવસ્થા ગોઠવી લીધી. આમ પરીક્ષાતંત્રે કાઢેલું પ્રશ્નપત્ર ફૂટી ગયું તોય તેનો ખોટો લાભ મેળવવાની કોઈનેય તક ન રહી !

અમદાવાદ જિલ્લામાં પણ મહેસાણા-ખેડા જિલ્લામાં તેમણે ફેલાવી હતી તેવી ચેતનાની લહેર શિક્ષણક્ષેત્રે ફરી વળી. એમણે ઉત્કંઠેશ્વર ખાતે જિલ્લાના આચાર્યોનો એક પ્રભાવક પરિસંવાદ પણ યોજ્યો હતો. (૧૯૬૬)

જેમ જિલ્લા શિક્ષણાધિકારી તરીકે તેમ પ્રશિક્ષણ મહાવિદ્યાલય (બી.એડ્. કૉલેજ)ના પ્રાચાર્ય તરીકે પણ પ્ર. ત્રિવેદીએ પોતાની આગવી સુવાસ ફેલાવી. પોરબંદર મુકામે જૂન, ૧૯૫૫થી શરૂ થયેલી રામબા ગ્રેજ્યુએટ ટીચર્સ કૉલેજના પ્રાચાર્ય તરીકે એમણે જુદા જુદા સમયે જવાબદારી નિભાવી હતી : (૧) પ્રથમ વર્ષ : ૧૯૫૫-૫૬ (૨) ૧૯૫૮-૬૦ અને (૩) ૧૯૬૬-૬૯. આ ગાળાની વચગાળે તેઓ મહેસાણા, ખેડા અને અમદાવાદ જિલ્લાના યશસ્વી શિક્ષણાધિકારી પણ થયા હતા. જિલ્લામાં સેવાકાલીન શિક્ષકો હતા અને બી.એડ્. કૉલેજમાં ભાવિ શિક્ષકો તેમની સન્મુખ હતા. કૉલેજના પ્રત્યેક વિદ્યાર્થી (પ્રશિક્ષણાર્થી)માં રહેલા શ્રેષ્ઠ તત્ત્વોને પ્ર. ત્રિવેદી દયની લાગણીથી સ્પર્શતા અને તેમના પૂર્ણતમ વિકાસની દિશામાં પ્રયાણ થાય એ જોવાને તેઓ સદા ઉત્સુક રહેતા.

દર વર્ષે નવા વિદ્યાર્થીઓ કૉલેજમાં આવે તે પ્રાચાર્ય પ્ર. ત્રિવેદીને મન એક ઉત્સવ હતો. એમણે એવી પ્રણાલી શરૂ કરી કે પ્રવેશ પામેલ વિદ્યાર્થી પોરબંદર પહોંચી આવવાનો પોતાનો સમય અગાઉથી જણાવે. આના આધારે ટ્રેઈન પર પહોંચી જઈને વિદ્યાર્થીઓને આવકારવામાં આવતા. પ્રતીક્ષાખંડમાં તેમને લીંબુનું શરબત અપાતું. તેમનો સામાન હાથ-લારીથી કૉલેજ-હોસ્ટેલે પહોંચાડવામાં આવતો અને આવેલ વિદ્યાર્થીઓ અને અધ્યાપકો ચાલતાં ચાલતાં ને મનોમન એકમેકથી ગૂંથાતા-ગૂંથાતા કૉલેજ આવી પહોંચતા !

સફેદ ખાદીનો સાદો સૂટ પહેરતા પ્રાચાર્ય પ્ર. ત્રિવેદીની ઑફિસના ટેબલ પર લાકડાની ત્રિપાર્શ્વટ્ટી પર લખાયેલું એક સૂત્ર તેમના મુલાકાતીઓનું અચૂક ધ્યાન ખેંચતું. એ સૂત્ર હતું : 'થિંક થિંક થિંક.' તેઓ કહેતા : "નિરાશ અને નિષ્ક્રિયતાનો નાશ કરવા માટે વૈચારિક ક્રાંતિ અનિવાર્ય છે. વિચાર આપે તે શિક્ષક નહીં, વિચાર પ્રકટાવે તે શિક્ષક." ઓફિસમાં ભારતીય અને પશ્ચિમની શિલ્પકળાના પસંદિત નમૂનાઓ પણ દર્શનીય જણાતા.

પોરબંદરના જૂના રાજમહેલમાં બેસતી તેમની બી.એડ્. કૉલેજની આજુબાજુ ઘણી પડતર જમીન હતી. ચારેક કૂવાઓ પણ હતા. અધ્યાપકો અને વિદ્યાર્થીઓના સહકારથી પ્રાચાર્યે જમીન સાફ કરી, હળથી ખોદી ખાતર નાખ્યું. શાકભાજી વાવ્યાં, પાણી પાયું ને મબલખ પાક મેળવ્યો !

સતત મહેનત કરતાં તો તેઓ થાકે નહીં. એમની કૉલેજના અધ્યાપકે એકવાર કહ્યું : "સાહેબ, રાતે બે-અઢી વાગ્યે આપના ઓરડામાં બત્તી હતી અને ફરી ચાર-સાડા ચારે આપ ઊઠી ગયા ?"

ઉત્તર મળ્યો - "પ્રોફેસર ચતવાણી, ધ સન ડઝ નોટ મેઈક ધ ડે !"

આર.જી.ટી. કૉલેજ, પોરબંદરની કેટલીક વિશિષ્ટ પ્રણાલિકાઓમાં એક છે તેની પ્રાર્થના-સભા. પ્રાર્થના-

ખંડના પ્રવેશદ્વાર પર સુવિચાર કે સુભાષિત પ્ર. ત્રિવેદી પોતે મરોડદાર અક્ષરે સજાવતા કે તેમ કરવા બીજાને પ્રેરતા. જગતના બધા મુખ્ય ધર્મોને આવરી લેતી વિશ્વપ્રાર્થના એમણે કૉલેજમાં શરૂ કરી. એકતારાના વાદ્ય પર મુસ્લિમ સાથી (પ્યૂન) નરસિંહ-મીરાં-સૂર-કબીરનાં ભજનો લલકારતો. પ્રદર્શિત સુવિચારનો પ્ર. ત્રિવેદી પ્રેરક પ્રતિભાવ આપતા. દેશવિદેશના સમાચારોની ઝલક પણ પ્રાર્થનાસભાનો એક ભાગ હતો. કોઈ વિદ્યાર્થી પ્રાર્થનાસભામાં સંક્ષિપ્ત પ્રવચન આપે, જેનું ધ્વનિ-આલેખન કરવામાં આવતું. તેનું પુનઃશ્રવણ કરીને બીજા વિદ્યાર્થીઓ દ્વારા તેની સમીક્ષા કરાતી. કૉલેજની સાયં પ્રાર્થનામાં છાત્રાલય ઉપરાંત ગામમાં રહેતા વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને સાથીઓ પણ સમયસર આવી જતા. પ્ર. ત્રિવેદી પ્રાર્થના-સભાને 'કોમ્યુનિટી-પ્રેયર' કહેતા. તેમને મન એ દયની કેળવણી હતી.

ગાંધીજીની પુણ્ય સ્મૃતિ અર્થે બીજી ઑક્ટોબરે પોરબંદરના કીર્તમંદિરમાં યોજાતી પ્રાર્થનાસભામાં આ કૉલેજના નિત્યક્રમ તરીકે પ્ર. ત્રિવેદીએ શરૂ કરેલી સર્વધર્મપ્રાર્થના આકાશવાણી દ્વારા પ્રસારિત થતી રહી છે.

પોતાના વિદ્યાર્થીઓને કનડનારી સમસ્યાઓનો ખ્યાલ આવતાં પ્ર. ત્રિવેદી તેના સુખદ ઉકેલ માટે સદા તત્પર રહેતા. કૉલેજના પહેલા જ વર્ષે, સને ૧૯૫૬ની બી.એડ્.ની સૈદ્ધાંતિક પરીક્ષા ૪૬ વિદ્યાર્થીઓ આપનાર હતા. આટલી જ સંખ્યા માટે ગુજરાત યુનિવર્સિટીએ પોરબંદર કેન્દ્ર નામંજૂર કર્યું. પ્રાચાર્ય પ્ર. ત્રિવેદીને તત્કાળ ટ્રંકકૉલ દ્વારા યુનિવર્સિટીના પદાધિકારીઓ સાથે ચર્ચા કરીને, વિદ્યાર્થીઓને સરળતા રહે તે દલીલ આગળ કરીને, પરીક્ષાકેન્દ્ર શરૂ કરવાની મંજૂરી મેળવી.

વાર્ષિક પરીક્ષા વખતે જ સખત બીમાર પડેલા એક વિદ્યાર્થીએ પોતાને ઘેર જવા રજા માંગી. તે જો ઘેર જાય તો પરીક્ષા ન આપી શકે. પ્રાચાર્ય પ્ર. ત્રિવેદીએ તત્કાળ તેની સારવાર કરાવી. પરીક્ષાખંડમાં તે નિરાંતે બેસીને લખી શકે તેવી આગવી વ્યવસ્થા કરી આપી. તે વિદ્યાર્થી પરીક્ષામાં પાસ થઈ ગયો. હતોત્સાહ વિદ્યાર્થીને હૂંફ આપવાની તેમની શક્તિ અજોડ હતી.

પોતાના પ્રત્યેક વિદ્યાર્થીની તાસીર પારખતા પ્ર. ત્રિવેદી તેમાંના કોઈની લાગણી દુભાય તે સહી ન શકતા. એક વખત એક વિદ્યાર્થી છાત્રાલયના ભોજન-મંત્રી સાથે કંઈ વાંધો પડતાં પોતાના રૂમનો દરવાજો બંધ કરીને ભૂખ્યો સૂઈ ગયો. આ ખબર મળતાં જ પ્ર. ત્રિવેદીએ તેના રૂમનો દરવાજો ખખડાવ્યો. તેને બહાર બોલાવીને કહ્યું : "મારો વિદ્યાર્થી ભૂખ્યો સૂવે ને હું ખાઈ લઉં તો મેં ધૂળ ખાધી કહેવાય." છેવટે તે માન્યો. એને માટે શીરો કરાવ્યો ને લાડથી વાળુ કરાવ્યું ! એક ગરીબ વિદ્યાર્થીનું બે માસનું ભોજનબિલ પણ તેમણે ભરી લીધેલું.

પ્રવાસ-પર્યટન વિનાનું પ્રાશિક્ષણ પ્ર. ત્રિવેદીને મન તો અધૂરું જ લેખાય. વરસોવરસ યોજાતા આ કાર્યક્રમમાં પોતે જોડાય. જે તે સ્થળની ભૌગોલિક-ઐતિહાસિક જાણકારી આપે. વિદ્યાર્થીઓ સાથે તરવાની મોજ મળે. ગિરનાર આરોહણ તો કાયમ યોજવાનું જ. તેઓ કહેતા - "ગિરનાર ઈઝ અવર યુનિવર્સિટી !" એકવાર તેઓ કોઈ કામે જૂનાગઢ જઈ ચડેલા. જૂનાગઢ જવાનું થાય ત્યારે ગિરનાર તો અચૂક ચડે. આમ ગિરનાર ચડી, પાછા ફરી, સ્વસ્થ થઈ, પોતાના કામમાં લાગ્યા હતા ત્યાં જ એક સ્નેહીએ સાથે ગિરનાર ચડવાનો પ્રસ્તાવ કર્યો ! કામ આટોપીને તે સ્નેહીને સથવારો કરાવવાને પ્ર. ત્રિવેદી ફરી ગિરનાર ચડ્યા !

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની શિક્ષણ વિદ્યાશાખાના પ્રથમ ડીન રહી ચૂકેલા પ્ર. ત્રિવેદી શિક્ષક તરીકે સદા સજ્જ રહેતા. જોડણીદોષ અંગે વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને જ નહીં, વહીવટી કર્મચારીઓને પણ સાવધ રાખતા. પોતે ટેઈપ-રેકર્ડર પર પણ દાર્શનિક-પાઠ આપતા. તેઓ શ્યામ ફલક પર સુરેખ નકશાએ તરત દોરી શકતા. ભૂગોળના શિક્ષણ વખતે જે તે સ્થળની પોતાની મુલાકાતની મ્હેક તેમના વ્યાખ્યાનમાં અનાયાસ ભળી જતી. તક મળ્યે પ્રાથમિક શિક્ષકોને પણ તેઓ સ્લાઈડ બતાવીને શિક્ષણ

આપતા. તેમના ફિલસૂફીના તાસમાં દેશ-વિદેશની અનેકાએક વિભૂતિઓના જીવનપ્રસંગો અને અવતરણો વિદ્યાર્થીઓનાં અંતરને અજવાળાંથી ભરી દેતાં. તેઓ કહેતા : ''ભણાવતી વખતે પ્રશ્નો પૂછી પૂછીને પોતાની વાત સમજાવવામાં મળતા આનંદથી વિશેષ કોઈ આનંદ નથી !''

કૉલેજમાં શિસ્તનું ધોરણ પ્રાચાર્ય પ્ર. ત્રિવેદી ઘણું ઊંચું જાળવતા. શિસ્ત લાદવાને બદલે પ્રગટાવવાનો અભિગમ તેઓ અપનાવતા. વિદ્યાર્થીઓનું પ્રધાનમંડળ ચૂંટણીના ધોરણે નહીં, વરણીના ધોરણે રચાતું. દર મહિનાની પહેલી તારીખે નવું પ્રધાનમંડળ ફરજ બજાવતું થતું. કૉલેજના વિવિધ કાર્યક્રમોના આયોજનમાં પોતે પૂરતો રસ લેતા પરંતુ તેનું સંચાલન વિદ્યાર્થીને સોંપી દઈને તેમને સફળ સંચાલક થવાની તાલીમ આપતા. ક્યારેક તેઓ કઠોર જરૂર થતા પરંતુ તે જે તે વિદ્યાર્થીની જીવન-સુધારણાના વત્સલ આશયથી જ.

તેઓ શિક્ષણના ત્રણેય સ્તર (પ્રાથમિક - માધ્યમિક - ઉચ્ચ)ના શિક્ષકોની સામાન્ય સભા યોજીને સૌને શિક્ષણની અખિલાઈનું દર્શન કરાવતા. કૉલેજમાં પ્રાથમિક શાળાની કન્યાઓના રાસનો કાર્યક્રમ ગોઠવીને તેમને ઉત્સાહ આપતા. એક વખત તો સ્થાનિક પ્રાથમિક શાળાના સ્કાઉટ બુલબુલના કાર્યક્રમમાં હાજરી આપવા સ્કાઉટનો ગણવેશ - ચડ્ડી-શર્ટ - પહેરીને પહોંચી ગયા !

સ્કાઉટ-પ્રવૃત્તિને સમર્પિત પ્ર. ત્રિવેદીને સને ૧૯૬૭માં ગુજરાતના ચીફ કમિશનર થયા. આ ક્ષેત્રે અનન્ય પ્રદાન કરનારને ભારતમાં અપાતો સર્વોચ્ચ ઍવોર્ડ - સિલ્વર એલિફન્ટ - ગુજરાતમાં પ્રથમવાર એમને સાઠ વર્ષની વયે એનાયત થયો હતો. (૧૯૭૦) એ વયે પણ એમની સાથે ચાલતાં દોડવું પડતું અને પર્વત ચડતાં ઢસરડાવું પડતું !

સને ૧૯૬૮માં તેઓ પ્રાચાર્યપદેથી - સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયા. સરકારી નોકરીમાં હતા ત્યાં સુધી તેમણે કોઈ સન્માન સ્વીકાર્યું નહીં. તે પછી પોરબંદરમાંથી તેમને સન્માન સાથે મળેલા ત્રણ હજાર રૂપિયામાં પોતાના બે હજાર ઉમેરીને ગુજરાતી સાહિત્ય પરિષદમાં 'પ્ર. ત્રિવેદી શિક્ષણ પુરસ્કાર' શરૂ કરાવ્યો.

પોતે નિવૃત્ત થયા પછી આણંદમાં એક નવી જ શરૂ થતી બી.એડ્. કૉલેજનું બે વર્ષ પ્રાચાર્યપદ સંભાળ્યું. તેઓ શારદાગ્રામ અને પાલનપુરની શિક્ષણસંસ્થામાં નિયામક તરીકે ગયા ખરા પણ ત્યાં તેમનું મન કોળ્યું નહીં ! છેવટ આણંદમાં ઘર 'તેજસ્'માં રહ્યા.

નિવૃત્તિ પછી એમણે એક નવલું સાહસ આરંભ્યું અને તે શૈક્ષણિક સામયિક શરૂ કરવાનું. સને ૧૯૭૧થી શરૂ થયેલું માસિક 'ઉદાત્ત શિક્ષણ' તેની આંતર-બાહ્ય સજાવટને લીધે પ્રિય થયું. દસ વર્ષ આ સામયિક ચલાવ્યું. તે બંધ કરવાની પરિસ્થિતિ આવી ઊભી ત્યારે એમણે સ્વજનને કહ્યું : ''જે સામયિકને મેં જન્મ આપ્યો છે તેને મારા હાથે મરવા નહીં દઉં.'' અંગત ખોટ ખમી લઈને છેવટે પછી સને ૧૯૮૩થી તે સામયિકનું 'ગતિશીલ શિક્ષણ'માં રૂપાંતર કર્યું. આમ ૧૯૮૭ સુધી તે ચાલ્યું. આ પછી સખેદ બંધ કરવું પડ્યું. તંત્રી પ્ર. ત્રિવેદી પ્રત્યેના પ્રેમાદરથી પ્રેરાઈને સને ૧૯૮૯થી 'ગતિશીલ શિક્ષણ' પાંચ વરસ માટે ચલાવવાની જવાબદારી પી. જી. પટેલ, બી. યુ. પારેખ અને ખોડાભાઈ પટેલે સ્વીકારી અને નભાવી. તે પછી 'ગતિશીલ શિક્ષણ' બંધ કરવાની જાહેરાત તો થઈ ચૂકી હતી પરંતુ તે જ ટાંકણે ચિંતક ગુણવંત શાહે ડૉ. પી. જી. પટેલને ગુજરાતની આવી સંસ્કાર-પ્રવૃત્તિ બંધ ન થવા દેવા દયસ્પર્શી અપીલ કરી અને તેથી ટકી રહેલા આ સામયિકે બાવીસ વર્ષ પૂરા કર્યાં ને ફરી નવચેતના સાથે ધબકી રહ્યું છે.

સમર્થ ચિંતક અને લેખક પ્ર. ત્રિવેદીએ પોતાનાં વ્યક્તિગત પ્રકાશનો માટે કદી મોહ જ ન રાખ્યો. પોતાની તમામ સર્જનશક્તિ સતત અને સતત 'ઉદાત્ત શિક્ષણ' અને પછી 'ગતિશીલ શિક્ષણ'ના નિયમિત પ્રકાશન માટે સમર્પિત કરી દીધી અને ઊગતા લેખકોને યશ-પ્રકાશ આપવાની ઉદારતાનો આનંદ ઊજવતા રહ્યા.

લેખક પ્ર. ત્રિવેદી એટલે શૈક્ષણિક વિચારોનું વાસંતીવન. આ ઉદાત્ત વનમાં કદી ન કરમાનારાં વિચાર-કુસુમો તો અનેક; તેમાં વ્યક્ત શિક્ષણના આદર્શો, ફિલસૂફી, સૂઝાવો, પદ્ધતિ, પ્રશિક્ષણ, ઈતિહાસ, શિલ્પ, સ્થાપત્ય, સંગીત, પ્રવાસ, પ્રાર્થના, ચિત્રકળા, છબીકળા જેવી બાબતો, તેમના સચોટ પરિચયલેખો, નિબંધો, કવિતા, વાર્તા, રૂપક ને નાટકના સ્વરૂપમાં વ્યક્ત થયેલ છે. તેમના કેટલાક પસંદિત લેખોનો સંગ્રહ 'શિક્ષણનો સાદ' નામે પ્રકાશિત થયો (૧૯૯૦) જે ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત થયો હતો. સિત્તોતેર વર્ષની વયે તેમનું જાહેર સન્માન કરવાની સાથે 'શિક્ષણના શિલ્પી' નામનો નમૂનેદાર અભિનંદનગ્રંથ તેમના ગુણાનુરાગીઓએ પ્રકાશિત કર્યો. (૧૯૮૭)

પ્રવાસ-પ્રેમી પ્ર. ત્રિવેદી નિવૃત્તિ પછી અગિયાર વખત હિમાલયના પ્રવાસે ગયા હતા. છેલ્લી વખત ગયેલા ત્યારે તેમની વય સિત્તેર વર્ષની હતી ! પંચોતેર વર્ષની પાક્ટ વયે ઈનસર્ટ કરેલ સફેદ ખાદીના શર્ટ-પેન્ટમાં સજ્જ થઈને, શિક્ષણના ઉત્કર્ષ માટે અંગત ખોટ ખાઈનેય શિક્ષકોના પરિસંવાદમાં લાંબી મુસાફરી ખેડીને પહોંચી જતા. આ માટે તેઓ ખાસ વાહનની અપેક્ષા ન રાખતા; એટલું જ નહીં એક વખત તો તેઓ પાક્ટ વયે, સૂસવાતા પવન સાથે વરસતા સખત વરસાદની પરવા કર્યા વિના નિયત સ્થળે પહોંચી ગયા ! - આવા અણનમ તનમનધારીના અંતિમ દિવસો કેવા કરુણ રહ્યા !

સદાના સ્વાવલંબી પ્ર. ત્રિવેદી છેલ્લાં વર્ષોમાં પથારીમાં પટકાઈ ગયા ! તેમનો અલ્પશિક્ષિત છતાં આધારશિલા સમાં ધર્મપત્ની મંગળાબહેનની સતત-સખત સેવાએ તેમને ટકાવી તો રાખ્યા પણ શરીર નંખાતું ગયું. તેઓ અનાસક્તભાવે કહેવા માંડ્યા : "મારી પાછળ કોઈ લૌકિક રીતરિવાજ ન પાળતાં. માત્ર મારાં અસ્થિ નર્મદાજીમાં પધરાવજો; કેમ કે મેં નર્મદા-સ્નાન નથી કર્યું. બાકી ભારતની સર્વ નદીઓમાં સ્નાન કરી આવ્યો છું !"

અંતિમ શ્વાસ એમણે અભાન-અવસ્થામાં લીધા; ત્યાસી વર્ષની વયે તા. ૨૬-૭-૧૯૯૩ના કમનસીબ દિવસે તેમનું અવસાન થયું. શિક્ષણનો હેતાળ દીવો હોલવાઈ ગયો !

ભારતીય સંસ્કૃતિ અને ગાંધી-ઠાકુરની શૈક્ષણિક ફિલસૂફીના ચાહક, ઉજાસના ઉગમ જેવા એ ઉદાત્ત શિક્ષક પ્ર. ત્રિવેદી ગુજરાતના શિક્ષણ-ગગનમાં ધ્રુવતારક શા ચમકી રહ્યા છે - તેમને સલામ ! તેમને પ્રણામ !


**ધી રજિસ્ટ્રેશન ઓફ અન્યૂઝ પેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૮૬૫ અન્વયે પત્ર અંગેની માહિતી ફોર્મ (સ.ના.૯ જુઓ)**

| | |
|---|---|
| ૧. પ્રકાશન સ્થળ : | **સરસ્વતી વિદ્યામંડળ,** સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. |
| ૨. પ્રસિદ્ધિનો ગાળો : | માસિક |
| ૩. મુદ્રકનું નામ : | **જ્યોતીન્દ્રભાઈ કનૈયાલાલ દવે** |
| ૪. રાષ્ટ્રિયતા : | ભારતીય |
| સરનામું : | **સરસ્વતી વિદ્યામંડળ,** સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. |
| ૫. પ્રકાશકનું નામ : | **જ્યોતીન્દ્રભાઈ કનૈયાલાલ દવે** |
| રાષ્ટ્રિયતા : | ભારતીય |
| સરનામું : | **સરસ્વતી વિદ્યામંડળ,** સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. |
| સામયિક માલિકી ધરાવનાર : | **સરસ્વતી વિદ્યામંડળ (ટ્રસ્ટ),** સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. |

વ્યક્તિઓના તથા કુલ મૂડીના એક ટકાથી વધુ શેર ધરાવનારાઓનાં નામ તથા સરનામાંમાં સરસ્વતી વિદ્યામંડળ ટ્રસ્ટ, અમદાવાદ.

હું જ્યોતીન્દ્રભાઈ કનૈયાલાલ દવે જાહેર કરું છું કે ઉપર જણાવેલ હકીકત મારી સમજ અને માન્યતા મુજબ સાચી છે.

**તા. ૧૫-૩-૨૦૨૦** **જ્યોતીન્દ્રભાઈ કનૈયાલાલ દવે**

**પ્રકાશકની સહી**

# મોનજી રૂદર

લેખક : સ્વામી આનંદ
સંપાદક : મહેન્દ્ર મેઘાણી

***પૃથ્વીના પેટાળમાં હીરા પાકે ને દરિયાની છીપે સાચા મોતી. તેમ દુઃખ ઉદ્વેગ અને વિપદોની ઝડી હેઠળ જ સાચી માણસાઈ અને સજ્જનતાની કુમાશ કઈ રીતે પાકે છે, તેનું સચોટ સૌજન્યતા અને સંસ્કારિકતાનું અનાવિલ દર્શન એટલે 'મોનજી રૂદર'-સ્વામી આનંદની કલમે. મુ.શ્રી રઘુભાઈની ૧૫મી પુણ્યતિથિએ અર્પણ.***

ગુજરાતની માથાભારે કૉમો બે : પાટીદાર ને અનાવલા. પહેલો પટેલ, ગામેતી, ઘૂંટેલો મુત્સદ્દી; બીજો ભદ્ર. બેવ જમીનમાલિક. ધારાળાં-દૂબળાંને રોળવી ખાઈ પોતાની ઍંટ ઈજતમાં ખુવાર થનારા. બળે, પણ વળ ન મૂકે.

પાટીદારનું લોહી ખેડૂતનું. ચરોતરનો પાટીદાર ખેતી પશુપાલનમાં એક્કો. જમીન જોડે અનહદ અનુરાગ. શેઢાના મહુડાની, કે મહુડાની ડાળીની માલિકી માટેય ધારિયાં ઉછાળે, માથું વાઢે, દેવતા મૂકે. ખંધો ને કાતિલ.

અનાવલા સુરત જિલ્લામાં. તાપીથી વાપી સુધી. તેવા જ શિરજોર ને શેખીખોર. એમનોય ધંધો ખેતીવાડી. પણ નરા ધણિયામા. ખેતીવાડી ને ખજૂરાંઘાસિયાંમાં દૂબળાં ધોડિયાંને રોળવે. જાતે ઘોડીડમણી, ફેરોફટકો કે સાંજ પડ્યે દૂબળાંને ભાતાં ભરી આપવા ઉપરાંત ખેતીમાં ભાગ્યે કદી બાવડું વીંઝે.

ચરોતરના પાટીદાર લેવા-પતાશા. બીજા બધા કણબી. તેમાંય એમનાં છ ગામ શિરમોડ. કુળવાનોનો ગઢ. તેટલાં ગામમાં જ દીકરી દેવાય. આવા કુળની એક ગુરુકુળ ભણેલગણેલ સંસ્કારી કન્યા છ ગામ બહારના જુવાન જોડે ધરાર પરણી. મોસાળિયાંવે, બલ્કે સગી માયે પણ, પચ્ચીસ વરસ દીકરીનું મોં ન જોયું !

અનાવલા ચાહે તેવા તોય ભ્રામણનું લોહી. નાહવું-ધોવું, ટીલાંટપકાં, પોથીપુરાણના સંસ્કાર. બુદ્ધિ જાડી, છતાં વિદ્વાનમાં ખપવા મથે. ગામ છોડે તે નોકરીઓ કરે. બી. બી. - ટાપ્ટી રેલવેમાં એક કાળે તારમાસ્તરની નોકરીઓ એમની મૉનોપૉલી હતી.

કુળની ઍંટ એવી જ. સુરત બાજુના તેટલા દેસઈ; પારડી-વલસાડ બાજુનાને ભાઠેલા કહે. પાર(નદી)ની પેલી મેર દીકરી ન દે. વાંકડાની દોલત પર જીવવામાં નાનમ નહિ. બલ્કે વધુમાં વધુ વાંકડો ઑકવવામાં ખાનદાની સમજે ! વેવાઈ-વાંકડાની વાટાઘાટો, ઘારી-દૂધપાકનાં જમણ, કે પૉંક-ઊંધિયાંની મિજલસોમાંથી કદી પરવારે નહિ. નનામી અરજીઓ કરવાના વ્યસની. બાખાબોલા ને આખા. ચડાઉ ધનેડું. જીભ બારેવાટ; સાંકળ મિજાગરું કશું ન મળે. પિતરાઈ-પડોશીની ખેધે પડ્યો મેલે નહિ.

ઉમરસાડી પારનું ગામ. અનાવલાનો ગઢ. પારડીથી આથમણે ચાર માઈલ. દરિયાકાંઠો. પરગણા આખામાં માથાભારે તરીકે નામચીન.

આવા ગામમાં કૌરવકુળમાં ભક્ત વિદુરજી સમા મૉનજી રૂદરજી નાયક ઊંચા શીલચરિત્ર્યવાળા અનાવિલ ભ્રામણ. સનાતની રહેણી. નાનામોટા હરકોઈ જોડે બોલવેચાલવે વાતવહેવારમાં રોમેરોમ ગૃહસ્થાઈના ગુણ. સજ્જનતા સામાને ભીંજવી મૂકે. કુટુંબ-વત્સલ તેવા જ કથાકીર્તનના અનુરાગી. પિતરાઈ નાતીલા ચૉરેચૌટે કે પાડોશીને ઓટલે બેઠા ન્યાતજાત, વેવાઈ વાંકડા કે વરાનાં જમણની ચોવટ કરતા હોય, ત્યારે મૉનજી નાયક ભારતભાગવતની કથા ગાગરિયા ભટના જોમઉમંગથી કરતા હોય. ઊંચું સંગીત, બુલંદ અવાજ, શ્રોતાઓને ડોલાવે.

ઘેર ખેતી, પણ જમીન જૂજ. જોડધંધો દૂધ-ઘીનો. ઘેર ભેંશો રાખે ને ઉદવાડે દૂધ ભરે. ઉપરાંત ગામડાં ફરી ઘી ભેળું કરે, તે વેચે. ખાડી ઓળંગીને દરિયાકાંઠાની વાટે ઉધવાડું ત્રણ માઈલ. પારસી લોકની કાશી. વસ્તી ધર્મપરાયણ ને આચારચુસ્ત. મૉનજી નાયકનો નેક વહેવાર અને ઈનામદારી પણ એવાં અણિશુદ્ધ, કે વસ્તી આખી આફરીન. નાનાંમોટાં બાળકબૂઢાં સૌને ગળા લગીનો વિશ્વાસ. ઘરાકીને ઓટ નહિ. મહેનતનો રોળો. ગરીબીનો ગૃહસ્થાશ્રમ.

ઘરની બાઈ ગામની દીકરી. તાતી ગજવેલ ને તળપદું ખમીર. ભલા ભૂપને હડપચી ઝાલીને ધુણાવે. કોઈથી ગાંજી ન જાય. ભાવતી ભોંની વેલ, જણ્યાં તેટલાં જોગવ્યાં. કાળી મહેનત ને કારમી વિપદવાળા અરધી સદી લાંબા ગૃહસ્થાશ્રમમાં પડ્યું વાસણ કદી ખખડવા ન દીધું. પતિ પોયરાંનું પાવરહાઉસ થઈને જીવી; ને પંચાશી ઉંમરે ૧૧ ફરજંદ ને ૧૧૦ પોતરાં-દોતરાંની લીલી નાઘેર મેલીને મૂઈ ! વસ્તાર બધો 'જી' કહેતો; ને બાપને 'જીજા'.

દીકરીઓ પરણાવેલી. એવી એક અંબા પાંચમે વરસે પરણાવેલી ને સાત ઉંમરે દુખાણી. વરસ વહ્યાં ને મોટી થઈ. વત્સલ પિતાથી દીકરીનું દુઃખ દેખ્યું જાય નહિ.

એ જ અરસામાં રુશિ દયાનંદના અનુરાગી બન્યા. કથાભાગવત કાયમ રહ્યાં; પણ શિક્ષણ, સમાજસુધાર, સ્ત્રી-સન્માન વગેરેનો ઝોક સક્રિય બન્યો. ઘરમાં જરાતરા વાત કીધી ન કીધી, ને ચીખલીનો એક યોગ્ય નાતીલો જોઈને દીકરીને પરણાવી દીધી !

ગામ વકાસી રયું. અનાવલા ન્યાત બધી તળેઉપર. જોતજોતાંમાં નાતીલાઓ તમામનો રોશ હૂહૂકાર કરીને ભભૂકી ઊઠ્યો !

ન્યાત મળી. તેડાગર ગયો. આરોપીને નાતપંચ સમક્ષ ઊભો કરવામાં આવ્યો, પ્રમુખે ચાર્જશીટ સંભળાવ્યું. આરોપી મૌન !

તે કાળે ગામડાં હજુ ઓગણીસમી સદીની બહાર નીકળ્યાં નહોતાં. ત્યારની ઉજળિયાત કોમો એટલે પીંઢારા લૂંટારા બહારવટિયાની ધાકે ઘરમાં ઘર ને તેમાં ઘર કરી એકબીજાની કોટે બાઝીને ભોંયરે કોઢારે વસનારા, અને પોતાની પંચકોશી દસકોશીની પેલી મેરની દુનિયાને 'પરદેશ' ગણી આંખે અંધારી ચડાવીને જીવનારા ઘરઘૂસિયા લોકોનાં સંગઠન. ન્યાતજાતોનાં પંચ એનો જ નમૂનો.

બપોરે આખી મૉનજી નાયકને માથે માછલાં ધોવાયાં. બહુ ભીંસે ત્યારે આરોપીનો જવાબ એક જ વાક્ય : 'મેં કર્યું તે સમજી વિચારીને કર્યું. પરમેશ્વરને માથે રાખીને કર્યું. ધર્મ ગણીને કર્યું. મને એનો પસ્તાવો નથી.'

સભામાં સોપો પડી ગયો. પંચ ખસિયાણું.

પછી ચાલી રનિંગ કૉમેન્ટરી :

'હાય,હાય ! હડહડતો કળજુગ જ આવ્યો કે બીજું કાંય ? આમ જુઓ તો પોથીપારાયણ, ભારતભાગવત, મોટો ધર્માત્મા. પણ એણે જ ઊઠીને નિયાતનું નાક કાપ્યું ! અનાવિલની નિયાતને કોળીદૂબળાંની હરોળમાં મૂકી જો !'

ન્યાત પટેલે (પ્રમુખે) પંચ જોડે ઘડીવાર ગુસપુસ કરી પંચનો ફેંસલો સંભળાવ્યો :

'મૉનજી નાયક નિયાતબહાર. એની જોડે જે કોઈ કશો વહેવાર કરે, બોલેચાલે, તેનો ૨૦૦ રૂ. દંડ !'

વળતી સવારથી જ અમલ ચાલુ થયો. સગુંવહાલું, નાતીલું, સૌ ન્યાતના ફરમાન આગળ અલ્લાની ગાય.

ન્યાતની ખફગી નાગફણિયા થોરની જેમ તાબડતોડ વાગી. ઘરની પોરી પાડોશી નાતીલાને ઘેર કશુંક કહેવા પૂછવા ગઈ :

'વજી ! તારે ઘેર જતી રે'. આંય નો આવતાં. તારી જીને કે'જે, ઈચ્છીના ઘરનાં ના કે'તા છે !'

જીને ચાટી ગઈ. મન કરે, પાધરી જ પેલા નિયાત-પટેલિયાને ઘેર જાઉં, અને એની સાત પેઢી લગીની વહી વાંચી આવું. પણ જીજાનું મોં જોયું ને ગમ ખાઈ ગઈ.

જરા વાર થઈ, ને નાતીલાવનું ટોળું આવ્યું : 'પોરીને બહાર આણો.'


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

'સાસરે ગઈ.'

'નાતરે ગઈ !'

'તિયાંથી લાવી મંગાવો. બાલ લેવડાવો.'

ટોળું મૉનજી પર હુમલો કરવાને ઈરાદે આવેલું. પણ ભીખીબાઈ વાઘણની જેમ કૂદીને બહાર આવી. ધણીની આડે ઊભી રહી, ભાઠેલાવને પડકાર્યાઃ

'કોણ મારી પોરીને લાવવા કે'તું છે ?' તું ક્યિાંનો બાદશા હાકેમ ગવંડર આવેલો જોઉં, મારી પોરીની પંચાત કરવાવાળો ? મારી પોરીની મુખત્યાર હું ને તીનો બાપ. તું કોણ થતો છે ?'

ટોળું વધુ કશું કર્યે વીખરાઈ ગયું.

'આ નાતીલાવ પૂઠે પઈડા છે, ને તમે કાં કાંય ની બોલતા ?'

'એમ ઊકળ્યે કેમ પાલવશે, વજીની જી ? આ તો હજુ પહેલી પૂણી છે. હજુ તો આ જ આંખે આભના તારા ભાળવા પડવાના છે. ગામભાગોળે જ પગ થાકશે, તો પૂરો પંથ કે'ણી મે'તે કપાવાનો ?''

ન્યાતનો કોરડો વીંઝાવા લાગ્યો. મૉનજીના ઘરભણી કોઈ નાતીલું નજર ન કરે. બારણા આગળથી નીકલે તો આડું જોઈને ચાલે.

બાઈનાં પીયેરિયાં પર પણ દબાણ. ન્યાતનું ફરમાન કેમ ઉવેખી શકાય ? છોકરાઓને પણ જવા-આવવાની મના. ગામમાં જ પરણાવેલી બેનથી, સગો ભાઈ રસ્તે જતો-આવતો સામો મળે તેની જોડે પણ ન જ બોલાય !

બેઉ ઘરમાં જાણે સૂતક પડ્યાં.

ન્યાતની કિલ્લેબંધી થતાં વાર ન લાગી. સુતારલુહાર, તેલીમોચી, દુકાનદાર, માછીમાંગેલાં, દૂબળાં, ઘોડિયાં, – તમામ ઉપર દબાણ. વસ્તીની શી મજાલ કે ગામના ઘણિયામા સમા આ ઉજળિયાતોની લાંઠગીરી સામે કોઈ માથું ઊંચું કરે ?

બહારગામવાળું કોઈ મળવા મૂકવા આવે, તેને અગાઉથી જ તાકીદ મળી જાય : 'મૉનજીએ એની રાંડેલી પોરીનું નાતરું કીધું. નિયાતે કાપી મૂકેલો. એના ઘર જોડે નાતજાતનો ગામપરગામ તમામનો વહેવાર બંધ છે !'

સત્ય પ્રત્યેની નિષ્ઠા અને પરાયણતા માણસમાં અનેરું હૈયાબળ પ્રેરે છે. ગામપાધરમાં જ તળાવની એક કોરાણે મૉનજી નાયકની ચપકું જમીન. મૉનજીએ તે પર કડબકરાંઠીનું ઝૂંપડું પાડ્યું. ગામમાંનાં ઘરને ઢાંકોઢૂંબો કરી તાળું માર્યું. ભીખીબાઈ તથા છોકરાંને લઈ ઝૂંપડે જઈ વસ્યા. જમીન પર બાજુએ આંબાની કલમો રોપી. તળાવમાંથી દેગડે પાણી આણી સીંચે. હું ને મારું કામ. ન કોઈ જોડે બોલવાનું ન ચાલવાનું.

સવારને પહોર કલમો સીંચે. બપોરે ગામડાં ફરે, હાટવાડાં કરે. ઘી ઉઘરાવે. સાંજે ઝૂંપડીએ આવી ખાઈ, વહેલા વહેલા ત્રણ કલાક ઊંઘી જાય. અગિયાર વાગ્યે ઊઠીને ભેંશો દોહવે ને તાંબડો ભરી ઉદવાડે જવા ખાડીકાંઠો ગાંઠે. ભરતીની ગણતરીએ ખાડી વહેલેમોડે ઓળંગવી પડે. પછી દરિયાકાંઠે ચોમાસેય છત્રી વગર પલળતા ત્રણ માઈલ ચાલી પાંચને ટકોરે પારસીઓને તાં દૂધ ભરે.

જુલમની પરંપરા ચાલી. મૉનજી કુટુંબ જોડે ખાવું-પીવું, જવું-આવવું, નોતરું-નિમંત્રણ, ગામ આખાનો તમામ વહેવાર - બોલચાલ પણ - બંધ !

દૂબળાંવે મૉનજીની જમીન પર કામે જવાનું નહિ. માછીઓએ મૉનજીને દૂધ ભરવા, અગર તો ભીખલીને કે તીની પોરીઓને પાપડી વેચવા સારુ ઉદવાડે જવા ખાડીની નાવમાં બેસાડવાં નહિ. દાયણે બીખલીનું પોયરું જણાવવા ઓ જવાનું નહિ !!!

માથે દુઃખનાં ઝાડ ઊગ્યાં.

જીની વાત એમને જ મોઢે કહેવા દઉ :

'નિયાત વાળાવે કાપી મૂક્યાં તિયાર કેરે જમીન પર ઝૂંપડું લાખી રિયાં. નાતીલા દૂબળાં ઘોડિયાં મજૂર કોયને અમારે તાં કામ પર આવવા ની દે. વાવલું તેવડું ખેતર. તિમાં હું જાતે પોતે હળ હાંકુ, ક્યિારા કરું, નીંદું ગોડું, ખેતીનાં બધાં કામ કરું. પાપડી થાય તે ઉતારીને ઉઘવાડે વેચવા ઓ જાઉં. બિહાઉં ની. બીવા સીખેલી જ ની મલે.

વજી તાપી બેવ પોરી મોટી. એમને સઉ સીખવી દીધું. એ ઓ ઉઘવાડે જાય-આવે.'

બહિશ્કારના ઈસ્ક્રુ ટાઈટ થતા ગયા. અનાવલા આગેવાનોએ માછીઓને બોલાવ્યા : "ખાડી પરની નાવ તમે ચલાવો કે ?"

"હોવ્વે."

"તે નાવમાં મૉનજીને ને તીનાં બૈરીપોયરાંને કાંય બેહાડો ? એને નિયાતે ગામબહાર કીધો છે. ની જાણો ?"

"અમે ની બેહાડતા."

"તિયારે એવો એ રોજ ઉઘવાડે દેગડો સાથે લેઈને દૂધ ભરવા કેણી મે'તે જતો છે ?"

"રાત વેરાયે જાય તે."

"તે રાતના નાવ ખાડી પર કાંય રાખો ?"

"પન નાવ આખી રોજ સાંજે ઊંચકીને ઘર અગાડી કેણી મે'તે લઈ જવાય ?"

"ભાઠેલા વિચારમાં પડ્યા."

"વારું, હું તમુંને કેં'વ. ભલે નાવ ની, તો હલ્લેસાં રોજ સાંઝે ઘેર લઈ જાવ. નાવમાં ની રાખો. બસ. આ કહી દીધું તમુંને. ફરી કે'વા વખત ની આવવો જોયેં. પડી કે હમઝ ?"

તે દિવસથી મૉનજી દૂધનો હાંડો લઈને અધરાત મધરાત ખાડીકાંઠે પહોંચે ને જુવે તો નાવ બાંધેલી, પણ હલ્લેસું એકુ ન હોય ! ભરતી પૂરજોસ હોય. ખાડી ઓળંગવી કઈ રીતે ?

ખાડીકાંઠે ગામનું મસાણ. ક્યારેક તાજા બાળેલ મડદાની રાખ હજુ ધખતી હોય; ક્યારેક બલી રહેલા આવેલ મડદાની ચેહ સળગતી મેલીને ડાઘુઓ ચાલી ગયા હોય. મૉનજી નાયક તાપ ન લાગે એટલે દૂર ચેહના ઉજાસે દેખાતા અંધારામાં તાંબડો લઈ બેસી રહે, ને ઓટની રાહ જુવે. ક્યારેક ઘણો વખત લાગવાનો હોય ત્યારે દેગડો માથા આગળ ભારે વજનથી ઢાંકી ઊંઘઈ જાય !વખત જતે ટેવ પડી. નિરાંતે ઊંઘે, ને બરાબર વખતે જાગે. પણ ભરતીઓટના સમય રોજ બદલાય. તેથી મૉનજીને વહેલે મોડે ખાડી ઓળંગવી પડે; કાં સૂવું પડે. આમ કલાકો વીતે.

એક રાત્રે મૉનજીએ હિમ્મત કરીને હલેસાં વગરની નાવડી છોડી. દોરડું હતું તેનાથી ખેંચીને ખાસી ઉપરવાડે લઈ ગયા. માંય દૂધનો તાંબડો મૂક્યો; અને ઘોડી પલાણે તેમ પહોળા પગે હાથપગ બેઉ હલેસાંની પઠેમ હલાવીને જેમતેમ થતી નાવને હેઠવાડે સામે પાર લઈ ગયા ! પછી નાવને કાંઠે બાંધી તાંબડો લઈ ઉદવાડે દૂધ ભરી પાછા આવી રયા. વળતાં ઓટ થવા આવેલી, તેથી નાવ સાથે આ પાર આવતાં આપદા ન પડી.

ધીમે ધીમે વગર હલેસે નાવડી આ પાર ઓ પાર કરવાનો કસબ હાથ કરી લીધો, ને ભરતીઓટની ઢીલ તેમ જ ઘાઈથી કાયમ ઊગરી ગયા.

પછી તો પોતે વેળ અવેળ લગાર મોડું વહેલું થાય તોય નિરાંતે મસાણની કોરાણે બેસે. ઊંઘ પણ કાઢે; કાં સંસારની નશ્વરતાનું ચિંતવન કરે; વૈરાગ્યનો કક્કો ઘૂંટે. ક્યારેક ગામની કોઈ સુવાવડી બાઈ કે સોભાગવંતી ગુજરી ગઈ હોય, તેની પાછળ તેનાં સગાંવહાલાં ખાટલો, નાનકડું પારણું, ગોદડી, પામરી, આરસી, તેલ, કંકાવટી એવું એવું મસાણમાં મૂકી ગયાં હોય. મૉનજી વળતી વેળા આવી ચીજોને નિરાંતે ઘેર લઈ આવે ! મોટી દીકરી વજી પ્રૉટેસ્ટ કરે :

'આવું આવું તે અપશુકનિયાળ શું લઈ આવતા હશો, જીજા ! આવું માસણિયું તે ઘરમાં લવાય ? આ બધું અશુભ કહેવાય.'

'આપણું તો અશુભ થવાનું હતું તે બધું થઈ ગિયું, બેટા ! રાંડીને વળી રવિવાર શા ને મંગળવાર શા ? એને તો સાતેય સરખા. નિયાતવાળાએ કાપી મેલ્યા, ઘરબહાર, ગામબહાર થિયા, મસાણે સૂતા ! - પછી હવે વળી અદકું અશુભ તે શું બાકી રિયું, તે થવાનું હૂતું ? ચીજો વેડફાઈને ખાડીમાં જાય, તે કરતાં તેનો વાપર-ઉપયોગ થાય તેમાં શું ખોટું ? વાપરો તમતમારે દીકરા, બેધડક થઈને ! આપણું


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

કાંયે અવળું થવાનું નથી.'

ક્યારેક વળી અંતરનો ઊંડો વિશાદ અસહ્ય થાય અને હૈયાની ભેખડો તૂટી પડે ત્યારે પોક મૂકીને રડે પણ ખરા. ઘર આખું અથાગ શોકમાં ડૂબી જાય.

નાતીલાવે જોયું કે મૉનજી નમતો નથી; ને બૈરી પણ છોકરાં, ઢોર, છાપરું, કલમો બધું સાચવીને વાઘણની જેમ પોતાની બોડમાં રહે છે. ઘરનો ધંધો કરે છે. જાય આવે છે. નાતનાતીલાં, પિયેર-પિતરાઈ, કોઈને એને ખેવના નથી.

એમણે નવી શરૂઆત કરી. રાતવરત દૂબળા મોકલી મૉનજીનાં ઢોર છોડી મુકાવે. "ખેતરાઉ પાકમાં પેઠાં" કહી સરકારી પાંજરે પહોંચાડવા પુરાવવા કરે. અધરાતે મૉનજી ઉદવાડે જાય એટલે પાછળ તળાવે આવી મોનજીના છાપરા પર ઢળિયાં ફેકે. જાણે એકલીએક બાઈમાણસ ધાક ખાઈ જશે.

છોકરાં ઊંઘતાં હોય. ઢળિયાં ધડાધડ છાપરી પર પડે, ને જાગી ઊઠે. નહિ ફાનસ, નહિ કૂતરું, ભીખીબાઈ ખૂણેથી ધારિયું ને ગોફણ ઉપાડે, ખેતરનાં ઢળિયાં ભાગી ગોફણે ચડાવે ને સામા ગોળા લગાવે ! સાથેસાથે મોઢેથી પણ હોકારા દેકારા કરતી જાય અને છૂટેદોર ગાળો સંભળાવતી પેલાવને ફટકારતી જાય :

"આવો, ફાટ્ટીમૂવાવ ! આવો, મોંબળ્યાવ ! આવો તમારું સામટું સરાધ કરું."'

થોડો વખત આ જ રોજનો ક્રમ રહ્યો. મૉનજી સવારે કલમો સીંચે, બપોરે ગામડાં ફરે, પાછલી રાતે ઉદવાડું કરે; બાઈ હળ હાંકે, કલમ-ખેતરની રખેવાળી કરે, ઢોર ચારે, બાંધેછોડે, છાણગોઠા કરે, પોયરાં રાખે, ઉદવાડે જઈ પાપડી વેચી આવે. મોટાં છોકરાંવને ઘરનાં ને બહારનાં કામોમાં પળોટે. ખાડીની નાવ વગરહલેસે હાથેપગે ચલાવીને ખાડી ઓળંગતાંય મોટી છોકરીઓને શીખવી દીધું !

પિતરાઈ નાતીલા પટેલિયા તમામનો મૉનજી નાયક અને તેની જાજરમાન ઘરવાળી, - ગામની જ દીકરી - આંખનું કણું થઈ પડ્યાં. નાતીલા રોજ ઘૂરકે :

'નિયાતની હાંમ્ભો પડીને જવાનો કિયાં હૂતો એવો એ ? મગજમાં રાઈ ઘાલીને ફરે છે, તે કરી મેલસું પાધરોદોર ! નિયાતને સું સમઝો ? નિયાત તો ગંગાનાં પૂર. તિના હાંમ્ભે પડીને તરી નીકલવું ખાવાના ખેલ ની મલે જો !"

હવેની વીતી જીને મોઢે સાંભળો :

"હું કે ડોસા છાપરે ન હોઈએ તિયારે ભાઠેલા જમીન પર આવે. પાપડી ચૂંટે, ખેતરમાં જ બાફે, ખાય, ને નુક્સાન કરી ચાઈલા જાય ! એક વાર હું વલસાડ કામે ગયેલી. આવીને જોઉં તો પોયરાં ઢગ વળીને બેઠાં રડે : 'ઢોર બધાં હાંકી ગિયા. પાંજરે ઘાલ્યાં ઑહે.'

"મી કે'યું સોધી લાવું."

"ના, તુંને મારી લાખહે."

"પણ હું ધારિયું લઈને નીકળી, ને સોધી કાઢ્યાં. વાલ ચરાવીને ખેતરની વાડ પાછળ ખાડામાં બેહાડી મૂકેલાં. વાડ કાપીને હાંકી લાવી. તેરે તેર ઘેર આણી બાંધી દીધાં !

"ભાત-ક્યારડાં પાકી તિયાર થિયાં. કોણ કાપે ? મારા દૂબળાને તો કે'દાડનો એ લોકે નહાડી મૂકેલો. પન ઉઘવાડાનું લોક બહુ ચાહના રાખે. એ લોકે બે દૂબળા મોઈકલા. ભાત ઢગ કીધું. ભારા બાંધ્યા. ભાઠલાવે રાતોરાત ચોરાવ્યા !

"હું દોડી નાતપટેલના તાં."

"તારા જ દૂબળા લાઈવા છે. અમે તો કશું જ ની જાણીએ.

"મીં કે'યું : 'તમે બધી નિયાત અમારી પૂઠે પડેલા છો. તમે પાઘડીવાળા, ને હું કાંચળીવાળી. પણ ઈયાદ રાખજો. હું એખલી તમું સઉવેને પૂરી પડા."

"હું એની વાડીમાં પેઠી, સોધી કાઢ્યાં ! ને એને નજરોનજર બતલાઈવાં. પૂળિયાં પોંદીને કૂવામાં લાખી દીધેલાં !"

"ગામમાં કોઈ સેરે આવવા ની દે. પોયરાં જોડે બોલે નહિ; સોડે ઊભવા ઓ ની દે. કે'શે : તમુંને કાપી મૂક્યાં છે."

મૉનજીનાં છોકરાં ગામની નિશાળે ભણે. ગામ વચ્ચે લોકોને બારણે થઈને જતાં નાતીલાં મેણાંટોણાં તરેહવારના બોલ સંભળાવે તે અકારું લાગે, તેથી છોકરાં આડરસ્તે ખેતરમાં થઈને જાય. નાતીલાવે જવાની વાડે વાટ ભરાવી છોકરાંનો રસ્તો બંધ કર્યો.

ભીખીબાઈએ ધારિયું ઉઠાવ્યું. ગઈ, વાડ કાપતી જાય ને નાતીલાવને સંભળાવતી જાય :

"આવો પાઘડીબળ્યાવ. આવો મોકાણિયાવ. આવો મને અટકાવવા જેની માયે સૂંઠ ખાધી હોય તે. જોઉં કોણ અટકાવે છે મારાં પોયરાંને નિહાળે જતાં."

નાતનું લોક ઘરમાં પેસી ગિયું !

સાંજે નાતપટેલે નિશાળના માસ્તરને બોલાવી મંગાવ્યો. "મૉનજીનાં પોયરાં નિહાળે આવતાં છે કે ?"

"હોવે."

"મૉનજીને નિયાતે બહાર કીધેલો છે. એનાં પોયરાંની નિહાળ બંધ કરો."

"મારાથી કેમ થાય ? સરકારી નિશાળ છે. મને તેવો અખત્યાર ની મલે."

"ઉપરી અમલદારને લખાણ કરો. લખો : ગામ આખાની વિરોધ જઈને છોકરાંને ન ભણાવી શકું. મૉનજીનાં પોયરાંનેવ બંધ કરવાની મંજૂરી આપો."

"એવું લખાણ ઓ મારાથી ની થાય. મને ઠપકો મલે."

નાતીલા વિમાસણમાં પડ્યા.

"વારું. હું કેં'વ તેમ કરો. મૉનજીનાં પોયરાં આવે તીને જુદે બેહાડો. બધાં જોડે નહિ. અમારાં પોયરાંવની સોડે તીનાં ની બેસી શકે. પડી કે હમઝ ?"

"વરી, તીનાં પોયરાંવને ક્લાસમાં એક ખૂણે દીવાલ ભણી મોં કરાવીને બેહાડવાં. એવાં એ અમારાં પોયરાંવ ભણી જોઈ ન શકે તે રીતે."

"ને ભણાવવાં તો નંઈ જ. પડી કે હમઝ ? બસ, નિહાળ છૂટતાં લગી બેહાડી જ મૂકવાં. ભણે એની મે'તે માંહોમાંય પાટી પર, ભણવું હોય તે."

માસ્તર ચૂપ.

માસ્તર ગામનો. પેલાઓની સામે થવાની હિમ્મત ન મળે. ભણાવવું બંધ કર્યું. ન ભણાવે, ન સવાલ પૂછે. મહેતી બહારગામની. તે તેટલી ક્યારેક ભણાવે.

છોકરાં નિશાળે જાય, પણ ઘેર આવીને રોજ રડે. "માસ્તર અમુંને ખૂણે બેહાડતા છે. ક્લાસમાં બીજાં સોડે બેહવા ની દે. અમારી જોડે કોય બોલતું ની મલે. માસ્તર ભણાવે ઓ ની. કે'શે, 'કોરે બેહો, ને માંહોમાંય ભણો.' પૂછવા જાયેં તિયારે ઓ જવાબ ની દે."

આ નિશાળ વાળા કિસ્સાએ ભીખીબાઈને તથા મૉનજી નાયકને વ્યાકુળ કરી મૂક્યાં. ત્રણ દિવસ ભાગ્યે બેમાંથી એકે કોળિયો અન્ન ખાધું. ઘરમાં બાળકો નીમાણાં ફરે. રમવા ભણવા ક્યાંયે જવાવાટ ન મળે !

વખત જતે ડિપોટી નિશાળ તપાસવા આવ્યો. તેની આગળ જીએ ફરિયાદ કરી. ડિપોટીએ માસ્તરને ધમકાવ્યો : "તમે સરકારી પગાર ખાઓ છો. ઢેડાં દૂબળાં ગમે તે આવે. તમારે ભણાવવાં પડશે."

નાતીલાઓના હાથ હેઠા પડ્યા.

હવે નાતીલા પૂરા ભઠ્યા. એમના રોશે માઝા મૂકી. ગામના નાવીને બોલાવ્યો : "મૉનજીની હજામત ની કરવાની. નિયાતની હાંમ્ભો પડેલો. નિયાતે કાપી મૂકેલો છે. ખબરદાર ! એણી ગમ ગિયો તો."

મૉનજીની દાઢી વધી. તે કાળે હાથ હજામતનો ચાલ હજુન પડ્યો નહોતો.

નાતીલાવના આ છેલ્લા પગલે મૉનજીને ઊંડો ઉદ્વેગ ઉપજાવ્યો. વિશાદથી અંતર છવાઈ ગયપં. મૉનજી કરતાંય બાઈનું વધુ. ઘરનાં છોકરાં પણ સૂતકના ઓળા ઊતર્યા હોય, ઘરમાં કોઈ માંદું મરણપથારીએ હોય, કંઈક બહુ જ અશુભ થયું કે થવાનું હોય, તેમ મૂંગાં નીમાણાં ફરે.

મૉનજીને ઉદવાડા, પારડી, તેમ જ ગામડાંમાં સગવડ હતી જ. પણ પોતાના ગામનો નાવી ન કરે, ને બીજે ગામ જઈને ક્ષૌર કરાવવું પડે, એ કલ્પના જ એવી અસહ્ય હતી


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

કે થોડા દિવસ ડૂમો હૈયામાં ને હૈયામાં ગોપવ્યે રાખ્યા પછી એક દિવસ બંધ તૂટ્યા. અને બાઈ પોયરાંની હાજરીમાં પાડોશીના ઘર લગી સંભળાય તેમ પોકેપોકે રડ્યા !

હદ આવી ગઈ હતી.

માણસ ઉપર આગ વીજળી જળરેલ કે ધરતીકંપના અકસ્માતોની આસમાની ગુજરે, રાજા બાદશાહોની સુલતાની હેઠળ હાથીના પગ તળે છૂંદાવું પડે, એમાં તો એક આંચકે મરી પરવારવાનું. પણ જૂનાં ન્યાતબંધારણોના જાલિમ દોર હેઠળ માણસોને પ્રાણથી અદકાં બાળક બૈરાં સહિત જે કારમાં અપમાન નામોશી હેઠળ રાતદિવસ રિબાવું પડતું, તેની વેદના તો જેને વીતી હોય તે જ જાણે.

ગુરુદેવ ટાગોરે કે એવા જ કોઈ મનીશીએ ક્યાંક એવી મતલબનું લખ્યું છે કે માનવીની માનવતાની ગરિમા ઉપર જ્યારે ઉપરાઉપરી વસમા આઘાત થાય, એના જીવનનું હીર-ખમીર તમામ હૈયાબળ જ્યારે ખવાઈચવાઈ જવા કરે, એનો અંતરાત્મા ડઘાઈ કચડાઈ દુણાઈ ભૂંજાઈ જતો હોય, કુળ કિનારા, આભધરતી બધું એકાકાર થઈ ગયેલું ભળાય, ત્યારે આત્મતત્ત્વનાં ગભીર ઊંડાણોમાં સૂતેલો માનવાત્મા ઉધડકીને ઊઠે છે; અને પોતાનું તમામ બળ 'એકજોર' કરીને એના દેહ આત્માને ગ્રસી જવા કરતી ઘોર વિપદ્ સામે મંડાય છે. એનું તમામ તેજ ઓજ અને ગૌરવ એકટીપે આવીને મરણિયે મોરચો લડી કાઢવા ધસે છે. અને અંતે શત્રુદળને જેર કરી, તમામ વિપદ્‌ની સાડસાતીને પગ તળે છૂંદી, મહામહિમામય એવો માનવ છ ફૂટ ઊંચો ઊભો રહે છે ! આવા મહામાનવ તરીકે જનમવાની ઝંખના દેવો પણ સદાય સેવતા હોય છે, એવું શાસ્ત્રપુરાણોયે ગાયું.

વહેલી સવારે ઊઠીને ભીખીબાઈએ ઝટપટ ઘરકામ, વાસીદાંવલોણાં, છાણગોઠાથી પરવારી લીધું. છોકરાંઓને પેજ પીવડાવી ન્યાહરી કરાવી નિશાળે ભેજી દઈ જાણે કશુંક પ્રયોજન ઉદ્‌ભવ્યું હોય એમ તૈયાર થઈ ગયાં. સવારનો પહોર. છાપરાં આંગણાં ઓટલાઓ પર ગામમાં બધે શિયાળાના સૂરજનું કુમળું તડકું આવી ચૂક્યું હતું. ઊઠી દાતણપાણી કરવા ઓટલે બેઠેલા ઘરડેરાઓને રસ્તે જતું આવતું લોક 'છૉ ભલા, છૈયેં ભલા' કરતું હતું.

ભીખીબાઈએ બારણા બહાર આવીને આડોશીપાડોશી સૌ સાંભળે તેમ મોટેથી કહ્યું : ''આણીગમ બહાર આવો તો ઓટલા પર, વજીના જીજા ! આ નાવી આવેલા છે. હજામત કરાવી લેવ.''

પાડોશીઓએ કાન માંડ્યા. ઓટલે બેઠા દાતણ કરવાવાળાઓએ આંખો વકાસી જોવા માંડ્યું. ''મૉનજીની હજામત કરવા નાવી આઈવો સું ? દેખાતો કાં ની મલે ? બારણે તો ભીખી એખલી ઊભેલી છે. કેથે ઊભો રાઈખો ઑહે.''

મૉનજી નાયક બહાર આવ્યા. ''કાંય કે'તી છે ?''

''બેહો. હજામત કરાવવી છે ને ?''

''નાવી કિયાં છે ? તેં કે'યું, નાવી આવેલો જે ?''

''હું પોત્તે કેવી ઊભેલી છૅવ જે. હું જાત્તે તમારી દાઢી બોડા.''

''કેવી વાત કરતી છે ?''

'ખાસ્સી. લાખ રૂપિયાની. સુનામહોર જેવી !'

'કાંય લાજસરમ ?'

'લાજસરમ નાતીલાવને. ભાઠલા ફાટ્ટીમૂવાવને. મને કાંયની સરમ ? કોઈ પરાયાની તો નથી બોડતીને ? નિયાતજાત ગામપરગામનાં પાંચહેં મનેખ વચ્ચે ઢોલતાસાં વગડાવીને મારા બાપે હાથ પકડાવ્યો છે. મારા પોત્તીકા માંટીના દાઢી બોડવામાં મને કાંયની સરમ ? કોય વાતે ઘરમાં ની જવા દઉં. આંય ઓટલે બેહાડીને જ તમારી દાઢી બોડા. આ બધું તિયાર રાખેલું જે. બેહો.'

હાથ પકડી જોરથી બેસાડ્યા, ને સાબુપાણી લઈ દાઢી ભીંજવવા માંડી. ચોળતી જાય અને મોઢેથી વાગ્બાણો વરસાવતી જાય. એના હૈયામાં આજે ધગધગતો સીસારસ રેડાયો હતો !

'મૂઆ લખ્ખોદિયા નાતીલાવ ખેધે પડેલા છે. બધા

ગામ પર શિરજોરી ચલાવી રહ્યા છે. નાવી, દૂબળા, માંગેલા, ગામ બધાને આંતરી મેલેલું. મોંકાણિયાવે દુઃખનાં ઝાડ ઉગાઈડાં. જાણે આવહે ભીખલી ને તિનો મરદ બેવ નાક ઘહતાં. વાટ જોયા કરજો, મોંબળ્યાવ ! ભીખલી રે'હે ઊંચે માથે ગામ વચ્ચે તમું સઉંવેનાં નાક પર ટીચીને.'

(જતાંઆવતાં ગામલોકને) 'જાવ, જઈને કે'વ પેલા નાતપટેલિયા લખ્ખોદિયાને. ફાટ્ટીમૂવો, જીવતાંનો જાનૈયો ને મૂવાંનો ખાંધિયો, હમ્મેસનો. તિને જઈને કૉ' કે ભીખલી એનાં માટી-પોયરાંવને લઈને તારી છાતી પર રે'હે રે'હ ને રે'હ. મૂઓ નિયાત આખીને કઠોડે ચડાવતો છે. ''પોરીના બાલ લેવડાવો'' એમ તેં જ ને નિયાતને કે'યલું ? કે બીજા કોયેં ? મારી પોરીની હું મુખત્યાર. ફાવે તિયાં દઉં. તીમાં તું કોણ થતો છે વચમાં આવનારો, ને હુકમ દેનારો ?'

''કાંયે નૉ ચાઈલું તિયારે કે'', 'તિના ઘરનો નાવી બંધ કરાવું.' ગામના નાવીને દમ દઈને બંધ કરાઈવો. કાંય મને તો બંધ કરાવવાની છાતી ની મલે ને ? તીને કે'યેં આવ હવે, મારા માંટીની દાઢી બોડતી મને બંધ કરવા ! ભાઠલા ફાટ્ટીમૂવા બધા તિની હા-માં હા ભણીને અમારી પૂઠે પઈડા છે !

વળી કહે : 'મારા માંટીની કાંય ? - આજે આય ઓટલે બેહીને ભાઠલાવની નિયાત બધીની ઈજત બોડતી છૅવ ! આવો, અટકાવો મને, જિની છાતી હોય તે !'

પડોશનું લોક સૌ ડઘાઈ ગયું. ઓટલે બેઠેલા મરદ મુછાળા ઘરમાં ભરાઈ ગયા ! રસ્તે જતુંઆવતું લોક અટકીને લગાર તાકી રહે, ને પછી ચાલ્યું જાય. ગામ બધામાં કળાહોળ :

'ભીખીબાઈ માંનજીને ઓટલે બેહાડીને તિની દાઢી બોડતી છે ! કાળકા ભવાનીનો અવતાર છે જો ! તિણે ગામના ભાઠલાવ બધાનું નાક ચાર આંગળ ભરીને કાપી લીધું !'

દાઢી બોડી, કાચમાં મોઢું દેખાડીને જ ઘરમાં ગઈ !

પછી તો ઘણી વાર બોડેલી. થોડા મહિના પછી ગામનો નાવી પોતે જ હિમ્મત કરી આવવા લાગ્યો, અને ભાઠલાવે શરમના માર્યા એને અટકાવ્યો ધમકાવ્યો નહિ !

આ જ અરસામાં મૉનજી નાયકને ભગંદરના ઈલાજ માટે મુંબઈ જવું પડ્યું.

ઘર આંગણે ખેતી પોયરાં ને ઉદવાડાનો ધંધો સાચવવા ભીખીબાઈ અને મોટી દીકરી વજી (વિજ્યા) સિવાય મરદ માણસ કોઈ ન મળે ! સગું નાતીલું સૌ છેટું રહે. મૉનજી મૂંઝાયા. જીને જ એની આપવીતી સંભળાવવા દઉં :

''ડોસાને ભગંદર થિયું. મૂળે તો પચ્ચીસ વરસનું જૂનું. પણ અત્તારે ઊભળ્યું. લોક સંભળાવે, 'પાપ ઊઠ્યું !' ''

''વલહાડ લેઈ ગિયા. તિયાંનો દાક્તર કે', મમ્બઈ લઈ જવા જોવે. અમારા ઉધવાડાના દાક્તર ગણપતરાવે તેમ જ કે'યું.''

''કોણ લઈને જાય ? ગામે કાપી મૂકેલાં. સગુંવા'લું કોય પડછાંયે ઊબું ની રે'. તેમાં પાછી હું ભારેડીલે. જમાઈને પુછાવ્યું. હું પોતે જમાઈ જોડે ની બોલું. અંબેલાલ જમાઈયે હા કહી. ડોસા જવા તિયાર થિયા. મને કે', 'ઉધવાડે મેલી આવું, તિયાંનું લોક દયાળુ છે. સૌ મદદ કરહે. મારે મમ્બઈ રે'વું પડે તેટલો વખત તું તિયાં જઈને રે.' ''

''મીં કે'યું, 'ના. આય કલમો છે. છાપરું, ગામનું ઘર, બધું કોણ સાચવે ? ઉધવાડે ની જાઉં. તમતમારે જાવ મમ્બઈ, અંબેલાલ જમાઈ જોડે. મીં રૂ. ૬૦ ની પાપડી વેચી છે. આ રિયા રૂપિયા. તેટલા લઈને જાવ. મારી, પોયરાંની ફિકર નો કરો. હું ત્રણ રસ્તા પર છાપરું બાંધી ને રે'વા, ને દસ જણાંને પોસા.' ''

''ગયા. હું પોયરાંને લઈ છાપરે રઈ. ગામનું ઘર બંધ. ઘરમાં અંબીની જણસ ને રૂપિયા હતા, તે ટોપલામાં મૂકી છાપરે લઈ આવી. જમીનના માંડવા આગળ ઘૂંટણપૂર ખાડો કરી દાબડો દાટ્યો, ને ઉપર મંટોડું વાળી વાલ વાવી દીધા. તાપીને જગા બતાવી મૂકી.''

''છાપરે રિયા. પોયરાં રોજ 'જીજા !' 'જીજા !' કરી ઢગ વાળી રડે. હું હિમ્મત આપું, 'કાલ સવારે આવહે.'

તિમાં વરી ખંડુને ગોવરું ઊઠ્યું. તેર દા'ડે ભાનમાં આઈવો.''

''અધૂરામાં પૂરું હું ભારેપગે. અરધી રાતે ઉઠાય નઈં. વજી ઉધવાડે દૂધ ભરે, ને હું મોડે જઈ પાપડી વેચું. વજીતાપી ઓ જાય. ખાડી પર માંગેલા નાવમાં ની બેહાડે. અમે નાવ હાથેપગે ને દૂધઘીના ડબાનાં ઢાંકણાં હલેસાંની જગાએ વાપરીને ચલાવીયેં અને ખાડી આપાર ઓપાર કરીયેં. માછીમાંગેલા આવતા ભળાય તો વાડની આડશે સંતાઈ રહીયેં.''

''મારા છેડાછુટકાની વેળ આવી લાગી. ગામની દાયણને ભાઠેલા મારું કરવા આવવા ની દે ! દુઃખના દરિયા ઊઠ્યા. કાંઠકિનારો કેથે કળાય નઈં !''

''પણ તી જ વેળાયે પરમેહરે ઉધવાડાવાળાવમાં દયા મૂકી. તિયાંથી દૂબળી આવી, ને બધું કરી ચાલી ગઈ !''
''ડોસા અંબેલાલ જમાઈ જોડે મમ્બઈ ઈલાજ કરાવવા ગિયા તિયાં કોયની ઓળખ ની મલે. સુતારને ઘેર રિયા. કોય ઓલખીતાનો ઓલખીતો. ઈસ્પિતાલમાં વાઢકાપ ઈલાજ બધું થિયું, ને મહિને સાજા થઈને પાછા આવી રિયા. અઠવાડિયામાં ગામડાં, હાટવાડાં ને ઉધવાડાનો ધંધો પાછો હાથમાં લીધો !''

નાતીલાઓના પેંતરા અને કારવાઈઓ સામે રોજેરોજ ઝઘડવા બાખડવાનું છતાં બાઈનો ઉદ્યમ મૉનજીના કરતાં કોઈ વાતે ઊતરે એમ નહોતો. ખેતીનાં કામો, ઢોરઢાંખર બાંધવાંછોડવાં ચારવાં, છાણગોઠા કરવા, ઊગ્યાથી આથમ્યા લગણ ને આગલી રાત પાછલી રાત કામ પહોંચે. ભારેડિલે હોય તોય પાછલી રાતે ઊઠીને ત્રણ ટોકરી દળે; બહોળા કુટુંબના રોટલા ઘડે, અને તે ઉપર ઉદવાડે પાપડી વેચવા પણ જાય. ઘડિયાળના કાંટા ન સમજે, પણ ટાઈમ બરાબર સમજે.

આવી આવી ગુણવત્તાથી ભીખીબાઈ ગામનું ગૌરવ બની. તેમાં પાછી ગામની દીકરી. એટલે બહારથી બહિશ્કારના કોરડા પેરેપેરે વીંઝાતા હોય, અને તે વીંઝનારા અનાવલાએ આગળ ગામલોક બધું દબાયેલું હોય, છતાં માંય અંદરખાનેથી ભીખીફુઈ માટે નાત પરનાત, બૂઢાં બાળક વસ્તી તમામને ગજબનો ચાહ અને પોરસ.

એક જ દાખલો બસ થશે. બહિશ્કારના પૂરજુવાળના દિવસોમાં એકવાર ભીખીબાઈ માંદી પડી. મૉનજીના ઘરકુટુંબ અંગે ગામમાં અનાવલાઓના બહિશ્કારની અઢારે વરણ વસ્તી ઉપર એવી તો હાક વાગે કે એના ઘર સામું જોવાની પણ કોઈની મજાલ નહિ. પણ ભીખીબાઈ ગંભીર છે, ભાગ્યે બચે, એ સમાચાર ફેલાતાં જ બધો બહિશ્કાર હવાઈ ગયો ! આખા ગામનાં અઢારે વરણની સ્ત્રીઓ ભીખીફુઈની ખબર પૂછવા, આખરી દર્શન કરી લેવા મૉનજીને આંગણે ઊમટી ! ઘરમાં આંગણામાં ક્યાંયે ઊભવા જગા રહી નહિ ! અનાવલાઓ ગામમાં તેવા જ ઘરમાં શિરજોર. પણ આજે એમનું ખુદ નાતીલાઓનું પણ એકોએક ઘર દોડ્યું. બૈરાંબાળક કોઈએ ઘરના મરદમાંટીને પૂછ્યાવાટ જોઈ નહિ !

આમ ભીખીબાઈ ગામ આખાના ધણિયામા થઈ બેઠેલા અનાવિલોને માથે સવ્વાશેર થઈને ઊભી રહી, અને ગામની બત્રીશીયે ચઢી ગઈ. લાંઠ નીતીલાઓના એણે બોચીયેંથી ઝાલીને દાંત પાડ્યા !

વરસો લગણ બહિશ્કારનો ગળેટૂંપો પુરજોશ રહેલો. પૂરાં પાંચ વરસ તો અસ્તરાની ધાર જેવો. પછી આસ્તે આસ્તે નરમ પડતું ગયું. સૌથી વધુ તો મૉનજીની ખાનદાની, સહનશીલતા, મૂંગા ઉદ્યમ અને નેક વર્તાવે જ બહિશ્કારની ધાર બૂઠી કરી નાંખી.

ભીખીબાઈના બાપે ન્યાતવાળાઓને સંભળાવ્યું : ''પોરીના ઘર જોડે મારે બોલ્યા વગર ની ચાલે. હું બોલીશ, ને તમારો દંડ ઓ ની ભરું.''

ધીમે ધીમે સગાંસાંઈ નાતીલાં સૌ હિમ્મત કર્યે ગયાં. છેલ્લો ફટકો અનાવલાના ગોર પરિયાવાળા જમિયતરામ તલાટીએ ઘરના વાસ્તુ ટાણે આ બહિશ્કૃત કુટુંબને સાકટમે નોતરીને લગાવ્યો; અને અનાવલા ન્યાતના ફરમાનને

છડેચોક નકાર સંભળાવીને વરસો જૂના બહિશ્કારને દફનાવ્યો !

આમ ભેદઆંતરા બધા ભૂંસાયા, અને અંતે મૉનજી નાયકની નેકનામી જ તેટલી સિલક રહી.

મૉનજી સ્વભાવે શાંત, કૂડકપટ વગરના, સતત ઉદ્યમી, દયાળુ અને નેકદિલ પુરુશ હતા. બે ચોપડી ભણેલા; પણ સમજણ અગાધ. ક્ષમાવૃત્તિ પણ તેવી જ. ખેતરની વાડ કાપી નાંખનાર પાડોશી પર કેસ કરવાની ના પાડેલી.

સૌથી મોટો સધ્યારો આ બહિશ્કૃત કુટુંબને ઉદવાડાનો રહ્યો. ત્યાંના ધર્મપરાયણ, નેકદિલ પારસીઓમાં ને વસ્તી બધીમાં મૉનજીના ચરિત્ર તેમજ નેક વહેવારને કારમે બડીચાહના. એના પર તથા એના આખા કુટુંબ પર ઊતરેલી આફતની ખબર પડતી ગઈ તેમ તેમ એ ચાહના ઊંડી સહાનુભૂતિમાં ફેરવાતી ગઈ. પારસી, વેપારી, દૂબળા, મજૂર, શેતરંજીઓ વણનારા જુલાહા વણકર, સૌ કોઈએ મૉનજીનાં વીતકોના કાળ દરમિયાન એના આખા કુટુંબને છેવટ લગી પેરેપેરે મદદ કરેલી.

ન્યાતના વર્તુળ બહારનું, ગામ બહારગામ બધેનું લોક પણ મૉનજી પ્રત્યે આદરમાન અને એમના કુટુંબનાં વીતકો પર ઊંડે સહાનુભૂતિ ધરાવતું. ગામલોક મૉનજીનાં 'પોયરાં' માટે શેરડી, કેરીગાળે કેરી, એવું એવું રાતને અંધારે આવીને મૉનજીને આંગણે નાંખી જાય ! ખુદ નાતીલાઓમાંથી પણ રડ્યોખડ્યો કોઈ નીકળતો, જે મૉનજી જોડેની હેતપ્રીતમાયાનો માર્યો અવરનવર પાનસોપારી, છોકરાંઓ માટે દૂધની લોટી, એવું એવું કંઈ ને કંઈ, વહેલોઅસૂરો આવીને ઘર પાછળની વાડમાં મૂકી જતો !

બહિશ્કાર તેની કારમી વ્યથાવેદનાઓ છતાં મૉનજી-દંપતીને સાચે જ આડકતરા આશીર્વાદ સમો નીવડ્યો. મૉનજી સદાય પોતાના ખેતીવ્યવસાયમાં મસ્ત રહ્યા. બહિશ્કારને એમણે ઈશ્વરના ઘરની દેણ ગણી, જેને પરતાપે પોતાને નીચું ઘાલીને અખંડ પુરુશારથ કરવા મળ્યો. ઉમ્મરસાડીમાં આંબાની કલમો ઉધેરવાનો ઉદ્યમ એમણે જ પહેલવહેલો શરૂ કર્યો. પોતે ધમડાછાવાળા ગુલાબભાઈ ડાહ્યાભાઈ પાસેથી આ ઈલમ શીખેલા.

આ ગુલાબભાઈ પારડી પરગણા આખામાં આંબાકલમ ઉછેરના પાયોનીઅર. મૉનજીની નિશ્ઠા ને પરાયણતા ઉપર એવા આફરીન કે ચાહે ત્યારે વગર ખબર કર્યે આવે, અને કીમતી ડગલોપાઘડી કોરે મેલી બાંયો ચડાવીને મૉનજીના આંબાવાડિયામાં કલમોની માવજત કરતા જોવા મળે !

મૉનજીએ મૂળે ખાઈને ફેંકેલા બે કેરીના ગોટલાથી શરૂઆત કરીને જે કલમો ઉધેરી, ત્યાં આજે ૧૩૦૦ કલમો ઊભી છે ! ગામ આખાની કલમી આંબાની વાર્શિક આવક આજે ચારપાંચ લાખ જેટલી હશે !

ઉદ્યમ ભાગ્યનો તેડાગર, બરકત થયે ગઈ તેમ તેમ જમીન વધારતા ગયા. પણ તેમ કરવામાં કોઈની ભીડમુશ્કેલીનો લાભ કદી ન લીધો. કિંમત પણ ઘણી વાર વાજબીથી અદકી ચૂકવે. કોઈને નિચોવી લેવાની, કે કશું અણહકનું તાણી લેવાની વૃત્તિને મનમાં કદી ઊગવા ન દે.

કથાકીર્તનમાં આખા પરગણામાં મૉનજીની જોડ નહોતી. એક વાર સોનવાડાના કોઈ તાલેવંતે વરો કર્યો. ગામ આખાને ધુમાડબંધે નોતર્યું. પરગામનાંય તેટલાં. માણસ વીસ હજાર જેટલું. ગામમાં ઊભવાની જગા ન રહી. તેમાં પડ્યો વરસાદ ! રાત પડી. ક્યાં રાખવાં ? કોઈને સૂઝ્યું : 'મૉનજીની કથા કરાવો.'

વરસતા વરસાદ હોઠળ ટોળું રાત બધી ખુશીખુશી બેસી રહ્યું ને ડોલ્યું !

૧૯૩૭માં ૭૩ ઉંમરે કમળાના વ્યાધિમાં બે માસની માંદગી વેઠીને ગુજર્યા.

આ મહાપુરુશનાં દર્શન સમાગમનું ભાગ્ય તો મને ન લાધ્યું, પણ ૧૯૪૫માં મારા પરમસ્નેહી છોટુભાઈ દેસાઈએ એમની દીકરી આ જૂના બહિશ્કૃત કુટુંબમાં ભારે

(અનુસંધાન પૃષ્ઠ ૩૦ ઉપર)

# બાળ ઉછેરમાં ભય-માર-ગુસ્સાની અસરો !

**હરેશ ધોળકિયા**

ભૂજ-કચ્છ.

યુવાન દંપતિ શા માટે માતા પિતા બનવાની ઈચ્છા રાખે છે ? કોશિશ કરે છે ? ન થાય તો દુઃખી પણ થાય છે ?

આનો જવાબ કદાચ એ હોઈ શકે કે તેમને પોતાનો વંશ ચાલુ રાખવાની તો ઈચ્છા છે જ, પણ સમાંતરે તેઓ પોતાના જીવનમાં નિર્દોષતા કાયમ રહે અને તેમનું ઘર હંમેશ કિલ્લોલ કરતું રહે તેની ઈચ્છા હોય છે. તેઓ તો મોટાં થતાં જાય છે. પુખ્ત થતાં જાય છે. વ્યવસાય તથા જવાબદારીઓના કારણે ગંભીર પણ થતાં જાય છે. તે કારણે કદાચ તાણ પણ અનુભવે છે. આ બધામાંથી હળવાં થવા બાળક ઈચ્છે છે. ઘરમાં બાળક હોય તો રમતીયાળ, હાસ્યમય, નિર્દોષ વાતાવરણ જળવાઈ રહે. જીવનની પળે પળ આનંદમય જાય. ભલે કદાચ તેઓ આ બધી બાબતે સભાન ન પણ હોય, છતાં પાયામાં તો એ જ હોય છે. સામાજિક રીતે બાળક હોવાનું જે પણ મહત્ત્વ હોય, પણ વ્યક્તિગત રીતે તો આ જ કારણ હોય છે.

પણ બાળક જન્મે છે અને તેને ઉછેરવાનું શરૂ થાય છે, પછી અચાનક આ બધું ભૂલાઈ જાય છે અને બાળ ઉછેર એક નવી જવાબદારી બનીને આવે છે. બાળઉછેર કરતી વેળા માતા પિતા આ બધું માણવાનું છે તે ભૂલી જાય છે અને પોતાનું બાળક ઉત્તમ થવું જોઈએ એમ માનવાનું શરૂ કરે છે અને તે સંદર્ભમાં તેને ઉછેરવાનો પ્રયાસ કરે છે.

હવે આ "ઉત્તમ" એટલે શું ?

માતા પિતાના સંદર્ભમાં વિચારીએ તો તેઓ કંઈ એમ નથી ઈચ્છતાં કે તેમનું બાળક ઉતમ સંત બને કે ઉત્તમ વ્યક્તિ બને ! તેમની ઉતમતાની વ્યાખ્યા અલગ જ હોય છે. તેમના મતે ઉતમતા એટલે સફળતા. દેખાય તેવી સફળતા.

મોટા ભાગના યુવાનો પોતે જ્યારે મોટા થતા જાય છે ત્યારે અનેક સ્વપ્નાં જોતા હોય છે - છોકરા - છોકરીઓ - બંને. તેમને પોતાને ગમતાં ક્ષેત્રમાં આગળ વધવું હોય છે. પણ અનેક કારણોસર અનેક યુવાનો એ સ્વપ્નાં પૂરાં નથી કરી શકતા. એ જ રીતે મોટા ભાગના યુવાનો મોટા થતા હોય છે ત્યારે તેમનાં માતા પિતાની આર્થિક સ્થિતિ ગરીબ કે મધ્યમ હોય છે તેથી પણ ઈચ્છિત રીતે આગળ વધી શકતા નથી. પૈસાને અભાવે તેમનાં સ્વપ્નાં રોળાઈ જાય છે. આવા યુવાનો માટે પૈસો ખૂબ મહત્ત્વનો બની જાય છે. તેઓ જુએ છે કે જેના પાસે પણ પૈસા છે, તેઓ ધાર્યું કરી શકે છે. તેઓ જીવનને પુષ્કળ ભોગવી શકે છે. સત્તા મેળવી શકે છે. સગવડથી રહી શકે છે. ભોગવિલાસ ભોગવી શકે છે. પોતાનાં સ્વપ્નાં પૂરાં કરી શકે છે. એટલે તેઓનું મહત્ત્વનું સ્વપ્નું મહતમ પૈસા મેળવવાનું હોય છે.

મોટા ભાગની યુવતીઓ આજે પણ બંધનમાં જીવે છે. તેમને ઈચ્છિત સ્વતંત્રતા નથી મળતી. તેથી તેઓ સતત અસલામતી માં જીવે છે. એટલે તેઓ વહેલામાં વહેલી તકે સલામતી મળે તેમ ઈચ્છે છે. અને આ સલામતી લગ્નમાં છે તેમ તેઓ માને છે. એટલે અભ્યાસ કરતી હોય છે તે દરમ્યાન જ લગ્નના વિચાર કરવા શરૂ કરી દે છે. અને તક મળે તો કરી નાખે છે. કારકિર્દી વગેરે તેમના માટે ગૌણ બની જાય છે.

આમ, મોટા ભાગના યુવાનો મોટા થતા જાય છે ત્યારે કે લગ્ન કરતા હોય છે ત્યારે અભાવમાં જીવતા હોય છે.

એટલે તેમની "ઉત્તમતા"ની વ્યાખ્યા આ સંદર્ભમાં હોય છે. પૈસા, સલામતી, સ્વતંત્રતા, ભોગવિલાસ વગેરે. તેઓ એમ વિચારે છે કે તેઓ પોતે તરુણ હતા ત્યારે કે યુવાન થતા હતા ત્યારે આ બધું ભોગવી શક્યા નથી. પણ તેમનું બાળક એવું તૈયાર થાય કે તે બધું ભોગવી શકે. અને આ બધું શેમાં શક્ય છે તે માટે તેઓ માપદંડ નક્કી કરે છે. ડોક્ટર, ઈજનેર, બેન્કર, ટેકનોલોજી, મેનેજમેન્ટ વગેરે

ક્ષેત્રો એવાં છે જેમાં પુષ્કળ પૈસો છે. એટલે તેમનું બાળક મોટું થઈ આવા અભ્યાસક્રમોમાંથી કોઈ લઈ પૈસાદાર થાય તેમ ઈચ્છે છે. અને તે પ્રમાણે જ બાળકના મનમાં વિચારો રોપે છે. તેઓ કહે છે કે ગણિત જ મહત્ત્વનું છે કે બીજો કોઈ વિષય મહત્ત્વનો છે.

હવે બાળકને પોતાનું મન છે. તેને પોતાના વિચારો છે. તેને પોતાના શોખ છે. તે કદાચ જુદી રીતે વિચારે છે. પિતા કહે છે કે ગણિતમાં રસ લે અને બાળકને ચિત્રમાં રસ છે અથવા તો સાહિત્યમાં રસ છે. તેને તેમાં આગળ વધવું છે. અહીં સંઘર્ષ શરૂ થાય છે. પિતા આગ્રહપૂર્વક કહે છે કે તેણે ગણિત-વિજ્ઞાનમાં જ રસ લેવો. વિજ્ઞાનમાં જ જવું. બાળક કહે છે કે તેને ચિત્ર કે સંગીત કે રમતમાં રસ છે. તે તેમાં જવા માગે છે.

પિતા કે માતા કે કોઈ વડીલ થોડું સમજાવવાનું કામ કરે છે. પણ બાળક જો નથી માનતું તો પહેલે તબક્કે ગુસ્સે થાય છે. તે તેને સતત ધમકાવે છે. ક્યારેક બાળક દબાઈ જાય છે અને તત્કાલીન માની લે છે. તો વાત પૂરી થઈ જાય છે. પણ ક્યારેક બાળક નથી માનતું અને પોતાનો આગ્રહ ચાલુ રાખે છે.તો પિતા કે વડીલ તેને વિવિધ ભય બતાવે છે. તેના પર બંધન નાખવાનો પ્રયત્ન કરે છે. તેની ઈચ્છાઓને દબાવવાનો પ્રયાસ કરે છે. તે છતાં બાળક ન માને તો તેને મારે પણ છે. માર દ્વારા તેની ઈચ્છાઓનું દમન કરવાનો પ્રયાસ કરે છે. એક વિષચક્ર ઊભું થાય છે. જો વડીલો કડક હોય, પહેલેથી જ, તો બાળક કદાચ દબાઈ જાય છે, પણ પાછળથી આવું થાય તો બાળક વિદ્રોહી બને છે અને વિરોધ કરે છે.

પણ આ ગુસ્સો, ભય કે મારની વિકૃત અસરો જોવા મળે છે. એક નકારાત્મક પર્યાવરણ ઊભું થાય છે વડીલ-બાળક બંનેને હેરાન કરે છે.

જો માતા પોતાની પુત્રી પર દબાણ કરે અને પોતાના વિચારો પ્રમાણે જ ઉછેરવા પ્રયાસ કરે અને જો દિકરી વિદ્રોહ કરે તો પણ અણગમતી પરિસ્થિતિ ઉત્પન્ન થાય છે.

બાળક નાનું હોય કે વધારેમાં વધારે તરુણ હોય ત્યાં સુધી તો માતા પિતા કે વડીલનો કડપ ચાલે છે. તે તેને ભય કે માર વગેરેથી દબાવી શકે છે. પણ જેમ જેમ તે મોટું થતું જાય છે તેમ તેમ તે સ્વતંત્ર થવાનો પ્રયાસ કરે છે. તેની આ સ્વતંત્રતા પર જો કાપ કે દબાણ આવે તો તે ધીમે ધીમે સામું થવાનો પ્રયાસ કરે છે. તે એવી રીતે વર્તે છે જે માતા પિતાના વિચારોથી તદ્દન વિરુદ્ધ હોય ! આપણને આવા અનેક દાખલા જોવા મળે છે.

એક પિતા તેના પુત્રને વિજ્ઞાનમાં જવાનો ભયંકર આગ્રહ કરતા હતા. દિકરાને ગણિત જ નહોતું ફાવતું. તેણે અનેકવાર કહ્યું કે તેને ગણિત નથી ફાવતું. પણ પિતાએ દબાણ ચાલુ રાખ્યું. તેમણે ટ્યુશન વગેરેની પણ વ્યવસ્થા કરી દીધી, પણ દિકરાને જ્યાં ફાવતું જ ન હતું ત્યાં આ બધું વ્યર્થ હતું. પરિણામે તે એસ.એસ.સી.માં નાપાસ થયો. પિતા ખૂબ ગુસ્સે થયા. ખૂબ દબાણ કર્યું અને ફરી મહેનત કરવા કહ્યું. પણ પ્રયત્ન ચાલુ રાખવા કહ્યું. પુત્ર તો સ્પષ્ટ હતો કે તેને ગણિત નથી ફાવતું. પણ પિતા સાંભળવા તૈયાર જ ન હતા. આમને આમ પુત્ર છ વખત નાપાસ થયો. પિતા ખૂબ ધૂંધવાય. શાળાના શિક્ષકે તેમને બોલાવ્યા અને સમજાવ્યા કે પુત્રને ગણિત નથી ફાવતું તે તેને છોડાવી દે. પણ પિતાનો અહમ ઘવાતો હતો. પોતાનું ધાર્યું કેમ ન થાય તેમ તે વિચારતા હતા. તેમને તો ડોક્ટર જ બનાવવો હતો. જબરો સંઘર્ષ ચાલતો હતો. પુત્ર નાપાસ થઈ તેમને હેરાન કરતો હતો. અલબત પોતે પણ હેરાન થતો હતો.

છેલ્લી વાર તે નાપાસ થયો ત્યારે પિતા નમ્યા. તેને ગણિત છોડાવ્યું. અને લ્યો ! સાતમા પ્રયાસે તે પ્રથમ વર્ગમાં આવ્યો. પિતાને નવાઈ લાગી. શિક્ષકે સમજાવ્યું કે તે હોશીયાર જ હતો, પણ ગણિતના ભયે અને દબાણથી નાપાસ થતો હતો. શિક્ષકની સમજાવટથી તેને આર્ટસમાં મોકલ્યો. (અલબત્ત, પિતા તો નિરાશ જ હતા) તે સતત પ્રથમ વર્ગમાં આવ્યો. ઉતમ માર્ક્સથી ગ્રેજ્યુએટ થઈ ગયો. ખૂબ સારી જગ્યા મળી અને નોકરીમાં ગોઠવાઈ ગયો. પરદેશ પણ ગયો. ભલે પિતાની ઈચ્છા મુજબ આગળ ન

વધ્યો, પણ પ્રગતિ તો કરી જ. પિતાએ પાછળથી કબૂલ કર્યું કે તેમની ઉછેરવાની રીત ખોટી હતી.

પુત્રીઓ બાબતે પણ આવા દાખલા બને છે. અનેક પુત્રીઓ દબાઈ ખલાસ થઈ જાય છે. પણ કેટલીક બળવો કરે છે અને પોતાની રીતે જ આગળ વધે છે.

પણ આની અસર, મોટાભાગે, નકારાત્મક જ આવે છે. લાખો બાળકો દબાણમાં ખલાસ થઈ જાય છે. પોતાને ઈચ્છિત ક્ષેત્રમાં નથી જઈ શકતાં. કદાચે માતાપિતાએ ઈચ્છેલ ક્ષેત્રમાં જાય છે, હોશીયાર હોવાથી, પણ ત્યાં તેમને નથી ફાવતું. તેઓ નિરાશ રહે છે અથવા સમાંતરે પોતાનું મનગમતું કામ કરે છે. અનેક ડોક્ટરો એવા છે જેઓ માતા પિતાનાં દબાણથી ડૉક્ટર થયા હોય છે. પણ તેમને તો કલાના ક્ષેત્રમાં જવું હતું કે સાહિત્યમાં જવું હતું. તેઓ ડોક્ટરીના વ્યવસાયમાં સફળ પણ થાય છે, પણ તેમનું દિલ તેમાં નથી હોતું. તક અને સમય મળે કે તરત તેઓ પોતાના ક્ષેત્રમાં આવી જાય છે અને ડોક્ટરીનો વ્યવસાય ગૌણ બની જાય છે. અને આ ક્ષેત્રમાં તેઓ વધારે સફળ થાય છે. અંગ્રેજી સાહિત્યકાર સમરસેટ મોમ, ડૉ. શરદ ઠાકર, કેશુભાઈ દેસાઈ, વગેરે ડોક્ટર કરતાં સાહિત્યકાર તરીકે વધારે સફળ થયા છે. અભિનેતા જોન અબ્રાહમ એમ.બી.એ. છે, પણ અભિનેતા તરીકે વધારે સફળ છે. અભિનેત્રી અમીષા પટેલ તો અમેરિકાની યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્રમાં ગોલ્ડ મેડલ છે, છતાં અભિનય જ કરે છે.

પણ આવાં બાળકો ઓછાં છે. મોટા ભાગનાં તો દબાઈ જ જાય છે. પોતાને ન ગમતા વ્યવસાયમાં જાય છે અને અસંતુષ્ટ રહે છે. તેમને જીવનમાં અભાવ જ રહે છે. તેથી જેઓને પોતાને ગમતા વ્યવસાયોમાં સફળ થતાં જુએ છે ત્યારે તેઓ મનમાં ગુસ્સો કે ઈર્ષ્યા અનુભવે છે. જો તેમનું મન કેળવાયેલ ન હોય તો તે સફળ લોકોને હેરાન કરવાનો પણ પ્રયાસ કરે છે. અથવા પોતાના ક્ષેત્રમાં જેઓ સફળ છે તેમને પણ હેરાન કરે છે. કદાચ બહારના જગતમાં આ ગુસ્સો વ્યક્ત ન કરી શકે તો કુટુંબમાં તે વ્યક્ત કરે છે. આના કારણે અનેકોનાં કૌટુંબિક જીવન ખોરવાઈ જાય છે. પતિ-પત્ની વચ્ચે વિસંવાદ થઈ જાય છે. તેનાં બાળકો પણ તેનો ભોગ બને છે. અરે, ક્યારેક તો એવું પણ બને છે કે બાળપણમાં તે માતા પિતાને કહી શક્યો ન હોય, પણ જેવો મોટો થાય છે અને સ્વતંત્ર થાય છે કે તરત તે માતા પિતાને જ અવગણવાનું શરૂ કરે છે. હવે તો વૃદ્ધાશ્રમમાં મૂકી દે છે. ઘરમાં રાખવાની સગવડ હોય તો પણ ત્યાં મૂકી દે છે. માતા પિતા તેની આ વર્તણુક સમજી શકતાં નથી. પણ તેનાં મૂળિયાં તેને બાળપણમાં જે ખોટી રીતે ઉછેર કર્યો હોય છે તેના ગુસ્સાની અભિવ્યક્તિ હોય છે. માતા પિતા સમજતાં નથી કે જો તેઓ ખોટો ઉછેર કરશે તો સમય જતાં, ખાસ કરીને વૃદ્ધ થશે ત્યારે, તેનું પરિણામ તેમને જ ભોગવવું પડશે. ત્યારે તેઓ પુત્ર કે સંતાન પ્રત્યે ફરિયાદ કરે છે, પણ તે મોડું હોય છે.

જો ઉછેર ખોટી થઈ જાય, તે ગુસ્સો, ભય કે મારના આધારે થતો હોય, તો બાળક ખોટી રીતે ઉછરે છે. તેના મનમાં માતા પિતા કે વડીલો બાબતે ખોટા ખ્યાલો ઊભા થાય છે. તેને તે નકારાત્મક રીતે જુએ છે. તેના પ્રત્યાઘાતમાં પોતે પણ નકારાત્મક બની જાય છે. પરિણામે તે પણ હેરાન થાય છે, પોતે જે કુટુંબ ઊભું કરે છે તે પણ હેરાન થાય છે, જ્યાં કામ કરે છે ત્યાં પણ નકારાત્મક વાતાવરણ ઊભું કરે છે અને, મોટી વાત, માતા પિતા સાથે પણ તે અયોગ્ય રીતે વર્તન કરે છે. આ બધું અભાનપણે થાય છે. બેમાંથી કોઈ સમજતું નથી, પણ તેનાં મૂળિયાં બાળપણમાં થયેલ તેનો ઉછેર હોય છે.

બાળઉછેર બહુ મોટી જવાબદારીવાળી ઘટના છે. તે અતિ નાજુક બાબત છે. તલવારની ધાર પર ચાલવા જેવી. તે વિશિષ્ટ તાલીમ માગે છે. સ્પષ્ટ વિચારધારા માગે છે. અને, કમનસીબે, બહુ ઓછાં માતા પિતાઓમાં આ સમજ હોય છે. માતા પિતા થઈ જવું તો ખૂબ સરળ છે. જેટલી બુદ્ધિ ઓછી તેટલી સરળતાથી અનેક બાળકોનાં માતા પિતા બની જવાય છે. પણ બાળકને સ્વસ્થ રીતે ઉછેરવું હોય તો ઊંડો વિચાર માગે છે. પળેપળની જાગૃતિ માગે છે અને આ જાગૃતિ વિશ્વનાં બહુ ઓછાં માતા પિતાઓમાં હોય

છે.

આજે વિશ્વમાં એ અશાંતિ અને અવ્યવસ્થા છે, તેનાં મૂળિયાં તપાસવામાં આવે તો આ બાળઉછેરમાં જ જોવામાં આવશે. મોટા ભાગનાં માતા પિતા ચોક્કસ પ્રેમાળ છે. તેઓ બાળકને સારી રીતે ઉછેરવા પણ માગે છે, પણ આ "સારી રીત" એ શું તેનો તેમને ખ્યાલ હોતો નથી. તેઓ સારી રીત એટલે દુન્યવી સફળતા કે પરંપરાની જાળવણી કે ધાર્મિકતા વગેરેને જ માને છે. પોતાને તેમનાં માતા પિતાએ ઉછેર્યાં હતાં તેને યાદ રાખીને જ તેઓ પણ પોતાનાં બાળકને ઉછેરવાનો પ્રયાસ કરે છે. તેઓ એ સમજતાં નથી કે બાળક પોતાનું આગવું વિશિષ્ટ વ્યક્તિત્વ લઈને આવે છે. તેના પાસે પોતાના ખ્યાલો છે. તેની પોતાની શક્તિઓ છે. તેને આધારે તે આગળ વધવા માગે છે. અને જ્યારે એ આ બાબતો વ્યક્ત કરે છે, ત્યારે ક્યારેક પિતા કે માતાને કે વડીલને તે બાબત પ્રત્યે પૂર્વગ્રહ હોય તો તે તેને નકારી દે અને અટકાવવાનો પ્રયાસ કરે છે. દિલીપકુમાર, નૌશાદ જેવા અનેક અભિનેતાઓ છે જેના પિતા ફિલ્મ કે અભિનયથી વિરુદ્ધ હતા. કાં તો બહુ જ ખાનગી રીતે તેઓ આગળ વધ્યા અથવા તેમને ઘર છોડવું પડ્યું. અરે, અવકાશયાત્રી કલ્પના ચાવલાના પિતા પણ કલ્પનાના વિચારોથી વિરુદ્ધ હતા. કલ્પના તેમનાથી વિરુદ્ધ જઈ બધું ભણી અને અમેરિકા ગઈ. છેક તે સફળ થઈ ત્યારે પિતાને સમજ આવી કે કલ્પના સાચી હતી. પણ કલ્પના જેવી હિંમતવાન છોકરીઓ કે છોકરાંઓ ઓછાં હોય છે જેઓ બળવો કરી પોતાનું ધાર્યું કરે છે અથવા ઘર છોડવાની હિંમત કરે છે. મોટા ભાગના તો માબાપ આકાંક્ષાઓને દબાવી દે છે અને પછી સમગ્ર જીવન સરાસરી જીવે છે.

અલબત, હવે થોડી થોડી સ્થિતિ સુધરે છે. માર્ગદર્શન વધતું જાય છે. માતા પિતાઓ પણ જાગૃત થતાં જાય છે, પણ છતાં આપણા દેશમાં ધર્મ, પરંપરા અને પૈસાનો એટલો તો પ્રબળ પ્રભાવ છે કે મોટા ભાગના લોકો તેને વશ જ રહે છે. તેના આધારે જ વિચાર કરે છે. પરિણામે સુધારો કે બદલાહટ ઘણી ધીમી છે. પણ આશા રાખીએ કે હવેના સમયમાં આ પ્રક્રિયા ઝડપી બને અને આવનાર બાળકોને તેનો લાભ મળે.

હવે ઘણી વાર એવાં સૂચન થતાં જોવા મળે છે કે જ્યાં સુધી યુવાનો બરાબર પુખ્ત ન થાય કે માતા પિતા બનવાની વ્યવસ્થિત તાલીમ ન લે, ત્યાં સુધી તેમને બાળક જન્માવવાનો હક ન હોવો જોઈએ. આ વાત તદ્દન સાચી છે. આમ જ થવું જોઈએ, પણ આ બાબત બહુ જ સંવેદનશીલ હોવાથી તેનો કાનૂની અમલ શક્ય નથી. ઉપાય એક જ છે અને તે એ કે મા બાપ વધારેમાં વધારે જાગૃત બને, જરૂરી જ્ઞાન મેળવે અને તે રીતે પોતાનાં બાળકનો ઉછેર કરે.

---

**મૉનજી રૂદર**

ખુશીપૂર્વક ચાહીચલવીને દીધી, ત્યારે હું આ કુટુંબના સમાગમમાં આવ્યો; અને ત્યારે જ પોતાની આખાઈ માટે નામચીન એવી અનાવલા કોમોમાં આવડું સૌજન્ય અને સંસ્કારિતા હોઈ શકે, એ મને જોવા મળ્યું.

મૉનજી નાયક તો ત્યારે દેવ થઈ ગયેલા. પણ જી હયાત. અને હું નજીક વાપી ગામે રહેતો. તેથી એકથી વધુ વેળા તેમનાં દર્શન ભાગ્યશાળી થયેલો. મોટું હાડ, ભારે શરીર. એમની ઉધેરેલી આંબાવાડીમાં દીકરાઓએ મકાનો કરેલાં ત્યાં રહેતાં.

આ અરસામાં એમના જયેષ્ઠ પુત્ર શ્રી નાગરજી વેવાઈએ જીનાં છેલ્લાં દર્શન-સમાગામ અર્થે કુટુંબમેળો ગોઠવ્યો, અને બહુ પ્રેમપૂર્વક મને પણ સૌ સાથે રહેવા નોતર્યો. હું ખુશીખુશી ગયો.


પૃથ્વીના પેટાળમાં હીરા પાકે ને દરિયાની છીપે સાચાં મોતી પાકે, તેમ દુઃખ ઉદ્વેગ અને વિપદોની ઝડી હેઠળ જ સાચી માણસાઈ અને સજ્જનતાની કુમાશ કઈ રીતે પાકે છે, એનું સચોટ દર્શન આ કુટુંબમેળા દરમિયાન મને થયું. એ પુણ્યપર્વની સ્મૃતિ રૂપે, તે વખતે કરેલી નોંધોને આધારે એ મહાનુભાવ દંપતીની વિભૂતિને ભક્તિભાવે આ અલ્પ અર્ઘ્ય અર્પીને કૃતાર્થ થાઉં છું.


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# And Man made the Town

હરિત પંડ્યા

૨૧, મેઘાનગર, પવનચક્કી રોડ, નડિયાદ-૨.
મો. ૯૪૨૮૬૯૯૮૫૪



હું મારા દીકરા, અતુલને ત્યાં, ધર્મજ જાઉં ત્યારે એની સ્કૂલની પડખેથી વહેતી નહેરને કિનારે સાંજના એકાદ લટાર મારવાનું ચૂકું નહીં. મારી સાથે દમયંતી (પત્ની) પણ લટાર મારવામાં સામેલ હોય. ક્યારેક અતુલનો મિત્ર ઉમેશ તથા એની બેન પ્રભાય અમને કંપની આપે.

એક વાર એ રસ્તે લટાર મારીને અમે પાછાં ફરી રહ્યાં હતાં, ત્યાં સામેથી એક પંદરેક વર્ષની ગ્રામ્ય બાળાને અમે આવતી જોઈ. એના હાથમાં સરગવાની શિંગોની નાનકડી ભારી હતી.

સુથારનું મન બાવળીએ. એ ન્યાયે દમયંતીએ બાળાને ઊભી રાખીને પૂછ્યું.

"ક્યાંથી લાવી સરગવાની શિંગો ?"

"રયોંથી તે હરગવાના ઝાડ પરથી." આ મારગ પર તો ઈનું ઝાડ સે. જોઈએ છે તમારે ?" છોકરીએ કહ્યું.

"તારે વધારે હોય તો આપ." દમયંતીએ કહ્યું.

"વધારે જ સે તો." કહી છોકરીએ એની ભારીમાંથી અડધોઅડધ શિંગો દમયંતીને આપી.

"પાંચસો ગ્રામ જેટલી હશે. વધારે નહીં. કેટલા પૈસા આપું ?"

"ઈ ના પૈસા હે ના લેવાના, ઓ ય !"

"એમ તે હોય ? બોલ, કેટલા આપું ?"

"કૌંય નૈ." કહેતીકને એણે ચાલતી પકડી. પવનની આછી લહેરમાં એની ઓઢણી ફરફરતી રહી. હું એ ગ્રામ્ય બાળાને જતી જોઈ રહ્યો, શિંગો તાજી અને ખાસી ભરેલી હતી. શેરમાં તો આવી શિંગોના કેટલાય આપવા પડ્યા હોત.

એક વાર એ માર્ગે અમે લાંબે સુધી ફરવા ગયેલા. પાછા ફરતાં અડધે સુધી આવ્યાં હોઈશું, ત્યાં, બધાં થાક્યાં હોય એવું મને લાગ્યું. એટલામાં મારી નજર, રસ્તાની બાજુએ ઊભેલા એક ઘટાદાર વૃક્ષની છાયામાં આવેલા એક ચોતરા પર પડી. ચોતરા પર એક નાનકડી દેરીય બિરાજમાન હતી.

"આ ચોતરા પર બેસીએ બે ઘડી. શી ઉતાવળ છે ઘેર જવાની ?" મેં પ્રસ્તાવ મૂક્યો. મારો પ્રસ્તાવ બધાંએ નિર્વિરોધ સ્વીકારી લીધો.

અમે ચોતરા પાસે પહોંચ્યા, એટલામાં ચોતરાની નજીક આવેલી ઝૂંપડીમાંથી એક આધેડ વયનો આદમી ઉતાવળે પગલે આવ્યો અને એમને કહેવા લાગ્યો.

"આવો, આવો ! ઊભા'રો. સોતરા પર નો બેહતા. ઈના પર નરી ધૂળ સે. ખાટ પર બેંહો." કહી એ એની ઝૂંપડી પાસે ઊભી મૂકેલી એની ખાટ અમારે માટે લઈ આવ્યો. ખાટ ભેગી એ ગોદડીય લેતો આવેલો.

"બેહો નિરાંતે." કહી એણે ખાટ પર એની ગંદી-ગોબરી ગોદડી પાથરી.

એના કહેવા પ્રમાણે ચોતરા પર ખાસી ધૂળ જણાતી હતી.

"આ..ચાલવા નીકળ્યાં'તાં, ચોતરો ભાળીને ઘડીક બેસવાનું મન થયું તે આવી ગયાં અહીં." મેં કહ્યું.

"બેહો ભા બેહો. હેંડવા નો મોડતા. ઉ સા મેલાવું. ઘૂંટો ઘૂંટો પી ન હેંડ્યા જજો તમ તમારે."

"રે'વા દો. અમારે ચા નથી પીવી." મેં કહ્યું.

એ આગ્રહ કરતો રહ્યો, પણ અમે મચક ન આપી.

અનપેક્ષ ભાવે એ ગ્રામી જને અમારા પતિ દેખવેલ આતિથ્ય-સત્કારની ભાવના અમને બધાંને સ્પર્શી ગઈ.

વળી એક'દિ અમે સાંજના એ જ માર્ગે લટાર

મારવા નીકળેલાં ત્યારે અમે સામેથી એક ટ્રેક્ટર આવતું ભાળ્યું. ટ્રેક્ટર સાથે જોડેલ ટ્રેલરમાં તરબૂચ હતાં. દરેક નંગ બે-અઢી કિલોથી ઓછા વજનનું નહીં હોય. મેં હાથ ઊંચો કરીને ટ્રેક્ટરને થોભાવ્યું અને એની પાસે જઈને એક તરબૂચ ઉપાડીને ટ્રેક્ટરના ચાલકને પૂછ્યું.

"બોલો ભાઈ, આના કેટલા આપું ?"

"કાંઈ લેવાનું નથી એનું."

"અરે, એમ તે લેવાતું હશે !"

"કેમ નોં લેવાય ?"

"તો નથી લેવું મારે." કહી મેં તરબૂચ પાછું મૂકી દીધું.

"હારું તો તમારે એનું જે આલવું ઓય એ આલો, બસ ?"

એણે કહ્યું એટલે મેં ખિસ્સામાંથી પચાસની નોટ કાઢીને એને આપી. એણે મને દસ-દસની ત્રણ નોટો પાછી આપી.

"પચાર બરાબર છે." મેં કહ્યું. મેં પસંદ કરેલું તરબૂચ સહેજે બે-અઢી કિલો જેટલું હશે.

પણ, એણે તો મારી વાત સાંભળ્યા વિના એનું ટ્રેક્ટર મારી મૂક્યું. ધૂળિયા રસ્તા પર ધૂળની આછી ડમરી ઉરાડતું. ટ્રેક્ટર ઘડીમાં તો અલોપ થઈ ગયું એનો ફટફટાટ આજુબાજુની ઝાડીમાં પડઘાતો રહ્યો, ક્યાંય સુધી.

તે દિવસે હું સાંજના એકલો ચાલવા નીકળેલો. એક ખેડૂત મારી સાથે થઈ ગયો. એનું ખેતર એ રસ્તે જ આવેલું હતું. મારે તો વા સાથેય વાતો કરવા જોઈએ. તે હું તો ખેડૂ સાથે વાતે વળગ્યો.

એનું ખેતર આવ્યું એટલે એ ઊભો રહી ગયો. એના ખેતરને શેઢે જાંબુડાનું ઝાડ હતું. ઝાડની ઘટામાં એની ઝૂંપડી હતી.

"આવો, મારા જાંબુડા નીચેની ખાટ પર ઘડીકે પોરો ખાઈને પછી હેંડ્યા જજો તમ તમારે." ખેડૂએ કહ્યું.

મારેય લગીર પોરો ખાવાની જરૂર હતી. ખાટ જોઈને બેસવાનું મન થઈ ગયું.

"જાંબું મોટાં થાય કે નાનાં ?" મેં પૂછ્યું.

"મારા જાંબુડા તો જોંબું તો ખાસો મોટો થાય સ."

"આ વેળા જાબું થાય તો અમને તમારા જાંબુ ખવડાવજો." ગામની નિશાળમાં મારો દીકરો નોકરી કરે છે."

"જરૂર ખવરાવશે. નેહાર બાજુ તો મારે આવવાનું થાય છે. હું નોમ તમારા દીકરાનું ?"

મેં દિકરાનું નામ ખેડૂને જણાવ્યું અને એની વિદાય લીધી.

અને જાંબુડો ફળ્યો એટલે એ એની મેલીઘેલી થેલીમાં જાંબુ લઈને આપવા આવ્યો. જાંબુ દોઢ-બે કિલોથી ઓછાં નહીં હોય.

"કેટલા આપું જાંબુના ?" મેં કહ્યું.

"કોંય નૈ. ઈના તે પૈસા લેવાતા અસે ?" એણે કહ્યું.

"એના પૈસા લેવાના ના હોય તો તમારા જાંબુ લઈ જાઓ પાછા."

થોડી રકઝક પછી એ માંડ પૈસા લેવા રાજી થયો. એણે કહી એનાથી થોડી વધારે રકમ મેં એને આપી. એના કહેવા પ્રમાણે જાંબુ ખાસાં મોટાં અને મધ જેવાં મીઠાં હતા.

એકવાર મારા ગામ ભાલોદના મોક્ષનાથના મંદિરે હું મારા મિત્ર, ગજુ તેવાર સાથે ગએલો. પાછા ફરતાં ચંપલ ત્યાં જ ભૂલી ગએલો. બીજે દિ મેં મારા ચંપલ જ્યાં કાઢ્યા હતા ત્યાં જ, મારી વાટ જોતા પડ્યા રહેલા. બીજી વાર પણ આવો જ અનુભવ થએલો. આવું થાય ત્યારે મને જાણીતી ઉક્તિ યાદ આવ્યા વિના રહે નહીં.

God made the country
And Man mad the Town.

જો કે હવે ગામડાં પહેલાં જેવાં રહ્યાં નથી. શહેરનાં દૂષણો આજના ગામડામાંય પ્રવેશી ચૂક્યાં છે. એટલે મારા જેવો અનુભવ કોઈને આજનાં ગામડામાં ન થાય તો મને દોષ નહીં દેવાનો હાં ને !


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# જીવનમાં મૂલ્યોનું મહત્ત્વ

ડૉ. ઊર્મિલાબહેન શાહ
૨૫, પાર્થ બંગ્લોઝ, કર્ણાવતી કલબ પાસે, અમદાવાદ.
મો.: ૯૯૭૯૨૩૦૪૦૪



'અરે ! આ શું ? આ તો શાળાનાં ઈનામ વિતરણનાં ફોટા ! ત્રણ ત્રણ દાયકા સુધી સ્કૂલમાં કો-ઓર્ડિનેટર તરીકે સેવા આપી એટલે એ 'મારી સ્કૂલ' તો મારી રગેરગમાં વ્યાપી જ ગઈ હોય; અને પછી સ્કૂલનાં અંકમાં આવા ફોટા જોવામાં આવે ત્યારે જાણે ત્યાં હું હાજરાહજૂર હાજર જ હોઉં એવી સંવેદના  દયમાં જાગે...પણ આ શું ? ઈનામ સ્વીકારતી આ વિદ્યાર્થીનીને તો વાળ છૂટા રાખ્યાં. હવે શાળામાં એ પણ ચલાવી લેવામાં આવવું થયું ! મને યાદ છે કે હું સ્કૂલમાં જતી ત્યારે એકાદી છોકરી  પણ વાળ છૂટા લઈને આવી હોય તો તરત જ તેને મારી ઓફિસમાં બોલાવી વાળનો ચોટલો બંધાવી દેતી. પેલી નિકીતાએ એ દિવસે કહ્યું, 'બેન ! સાંજે મારે બેનપણીની બર્થડે પાર્ટીમાં જવાનું છે એટલે સવારે વાળ ધોયા છે, એટલે છૂટા તો રાખવા જ પડે ને ! સારાં દેખાવું તો સૌને ગમે જ ને ! એટલે આવા તો ઘણાં કિસ્સાઓ સ્કૂલનાં દિવસો દરમ્યાન જોવા મળે... અરે ! પેલી સુજાતાને એક સરસ વિદ્યાર્થીની તરીકેનું ઈનામ આપવાનું નક્કી કર્યું. રોજે રોજ તેને સ્કૂલમાં જોઈએ અને સંસ્કારી વિદ્યાર્થીની તરીકેની તેની છાપ ઉપસે, શાળાનાં નિયમ મુજબ યુનિફોર્મ, બાંધેલા વાળ, તેને ક્યારેય શાળાનાં નિયમોનો ભંગ કરતી નથી જોઈ કે ટી.વી. કે ફીલ્મના હીરોઈનની અસર નીચે આવેલી જોઈ નથી... અને એટલે જ એની પસંદગી કરી પણ એ જ સુજાતા ઈનામ વિતરણને દિવસે માથે વાળનો મોટો બુફો કરીને આવી અને હું ધ્રુજી ઊઠી. 'અરે ! આ શું ...!' આતો શાળાનાં શિસ્તનો ભંગ....એને જ ઈનામ ! અને મેં એને ઠપકો આપતાં કહ્યું તો એણે તરત જ બચાવ કરતાં કહ્યું, 'બેન ! આવું સરસ ઈનામ મળવું હોય તો મને ય સારા દેખાવું ન ગમે !' એને ઠેકાણે આ ફોટામાં તો ઈનામ લેતી વિદ્યાર્થીનીએ તો વાળ સાવ જ છૂટાજ રાખ્યાં છે !

અને ઈનામ લેતો આ વિદ્યાર્થી ! એણે પણ ટી-શર્ટ અને જીન્સ પહેર્યું છે !.... એવા દિવસો હતાં કે જ્યારે શાળાનાં વિદ્યાર્થીએ કે વિદ્યાર્થીનીએ શાળામાં ભણવા આવે ત્યારે જ માત્ર નહીં પણ બીજા કામ માટે આવે ત્યારે પણ 'યુનિફોર્મ સિવાય ન જ આવવું' પછી ફોર્મ ભરવાનું હોય કે રીઝલ્ટ લેવાનું હોય, અને શિક્ષકો માટે પણ કેવો નિયમ હતો ! આખી બાંયનું શર્ટ અને પેન્ટ, ટી-શર્ટ અડધી બાંયનું શર્ટ્ચ, પેન્ટને બદલે જીન્સ એ બધાં સ્કૂલની શિસ્તને માન્ય પહેરવેશ ગણાતો ન હતો. 'Old order changeth'.

Yielding place to new ? વખત જાય છે તેમ તેમ જૂના નિયમોમાં ફેરફાર થતાં જાય એ સ્વાભાવિક છે, બહેનો માટે સાડીને બદલે સગવડતાની દૃષ્ટિએ પંજાબી ડ્રેસની માંગણી આવી, દુપટ્ટા સાથે આમન્યા જળવાય એવા ડ્રેસની છૂટ આપવામાં આવી, પણ એ બધામાંથી ધીરે ધીરે કરતાં સંસ્કાર અને આપણી ભારતીય સંસ્કૃતિનું સ્તર નીચું ઉતરતું જાય તો કેવી રીતે ચલાવી લેવાય ! 'એક નૂર આદમી હજાર નૂર કપડાં.' તમારા પોષાક, તમારા વેશપરિધાન પરથી જ તમારાં સંસ્કાર ખબર પડે છે.

વર્ષો પહેલાંની વાત યાદ આવે છે. નિશિથને અમેરિકા જવા માટે વીઝા લેવા જવાનું હતું, તેણે મને પૂછ્યું, 'મા ! શું પહેરીને જાઉં ? વીઝા મળવાનું ઘણું મુશ્કેલ હોય છે,' મેં એને સલાહ આપી, 'બેટા ! એવા કપડાં પસંદ કરજે જેના ઉપરથી તારું શિક્ષણ અને સંસ્કારની એક સુંદર છાપ ઉપસે અને એટલે ટ્રેડીશનલ શર્ટ અને પેન્ટ એણે પસંદ કર્યા. વીઝાની લાઈનમાં એ ઉભેલો. એની આગળનાં આઠ દસ છોકરાંઓને વીઝા ન આપ્યાં. આને માટે એ લોકોએ કોઈ કારણ પણ આપવા નથી પડતાં. પણ નિશિથને મેં આપેલી સલાહ કામ આવી, અને એને વિઝા મળી ગયાં.... એને પણ ખ્યાલ આવ્યો કે માણસ તેની રીતભાવ, તેનાં

પહેરવેશ એ બધાં ઉપરથી કેવી સરસ છાપ પાડી શકે છે ? તમે ગમે તેટલું ભણ્યા હો, ગમે તેટલી ડીગ્રીઓ હાથ પર આવી હોય છતાંય તમે દુનિયામાં ગમે ત્યાં જઈને ઊભા રહો તો તમારા આચારવિચાર, વર્તન, વેશપરિધાન, વાણી એ બધાંની એવી તો છાપ પડે છે કે ભલભલું કામ પાર પડી જાય. ત્યારે આશ્ચર્ય થાય...આમાં શું કામ લાગ્યું !

પણ આજે તો આ બદલાતં સમયમાં આ ઉગતી પેઢીને માટે એમના રોલ-મોડેલ ફીલ્મનાં હીરો હીરોઈનો છે. આપણે માબાપો આમાં ઉણા ઉતરીએ છીએ. બાંય પર બાકોરા વાળા ટોપ અને શરીરનાં ભાગો ખુલ્લાં રહે તેવો પહેરવેશ, જીન્સ, એમાં વળી હવે ફેશન આવી છે કે તે ઘસાયેલાં ને ફાટેલાં હોવાં જોઈએ. ડ્રેસમાં આગળથી ઊંચું ને પાછળતી નીચું લટકતું, જોનારની વૃત્તિઓને ઉત્તેજીત કરે એવા કપડાં પહેરી આપણી આ ઉગતી પેઢી એમની જ પોતાની સહીસલામતી અને સુરક્ષાને હોડમાં મૂકે છે ને !

વાંદરાને નિસરણી આપો અને કહો કે 'એના ઉપર ચઢીશ નહીં' એ શક્ય બનવાનું છે ખરું ! અરે ! ચિત્રની પરીક્ષા આપવા આવેલી નંદિતા પણ બરમુડા અને મોટા ગળાનું ટીશર્ટ પહેરીને પરીક્ષા આપવા આવેલી. એની આગળ પાછળ કે આસપાસ ગોઠવાયેલાં કિશોર વિદ્યાર્થીઓ પરીક્ષામાં, લખવામાં ક્યાંથી કેટલુંક ધ્યાન આપી શકે ! અને એટલે જ મેં એને ઠપકો આપ્યો, તો એ ઠપકો નંદિતાના મમ્મીને ન રૂચ્યો, ને એમણે શિક્ષકની ફરીયાદ પ્રિન્સીપાલ સુધી કરી. શું આજનાં કહેવાતાં શિક્ષિત માબાપો તેમનાં પોતાનાં સંતાનોની સહીસલામતી માટે ય એટલાં જાગૃત નથી ! કે પછી સમયનાં પ્રવાહમાં એ પણ પાશ્ચિમાત્ય સંસ્કૃતિનાં આંધળાં અનુકરમાં તણાતાં જાય છે ! સંતાનોનાં ઘડતર માટે માબાપે આદર્શ માબાપ બનવું જ પડશે, નહીં તો આપણું ભાવિ કથળશે. નવી પેઢીનું થશે શું ? જીવનના મૂલ્યો તો જાળવવા જ જોઈશે ને !!!

---

**ધરાતળે પ્રગટી ભગવદ્ભાષા**

હિબ્રુભાષામાં એનો અનુવાદ કરી આપણી પત્રિકામાં ધારાવાહિક રૂપે પ્રકાશિત કરીશ. અત્યારે તો ફ્રેંચભાષામાં વાંચ. કોઈ વાંધો નથી. થોડા જ સમયમાં હિબ્રુભાષામાં પણ વાંચજે...'

પિતાના મુખથી નીકળેલાં વચન સાંભળી બેન્ઝિયોનને પોતાના કાન પર જ વિશ્વાસ ન થયો. 'સાચું પિતાજી....? એનો હિબ્રુભાષામાં અનુવાદ કરવો જોઈએ,' એણે પણ ઉમેર્યું. જોકે સરળ ફ્રેંચભાષામાં લખાયેલ આ પુસ્તકનો કેમ કરી કઠણ હિબ્રુભાષામાં અનુવાદ કરવો જોઈએ, એ એની સમજમાં ન આવ્યું.

એ પછી બેન્યહૂદે પોતાના દ્વારા હિબ્રુભાષામાં અનુવાદ કરાયેલી બે-ત્રણ એવી જ કથાઓ પુત્રને આપી. જો કે બેન્ઝિયોને એ વાંચી તો પણ એને સરળ ફ્રેંચભાષા જ વધુ પસંદ આવી. વિદ્યાલયમાં પણ તે ફ્રેંચભાષામાં જ પ્રથમ આવ્યો, હિબ્રુભાષામાં નહિ. આ બધાથી સંપૂર્ણ નિરાશ અને ક્રોધિત બેન્યહૂદે એક સપ્તાહ સુધી પુત્ર સાથે વાત જ ન કરી.

વાર્ષિક પરીક્ષા પછી વિદ્યાલયમાં ઉનાળાની રજા શરૂ થઈ ગઈ. કેટલાક દિવસો સુધી બેન્ઝિયોન સ્વતંત્ર પક્ષીઓની જેમ જેરુસલેમની ગલીએ ગલીમાં ફરતો રહ્યો. ન ભણવાની ચિંતા હતી, ન પરીક્ષાની. ક્યારેક ક્યારેક અવિચાયિલને લઈને પણ તે નગરમાં ફર્યો, પણ એક જ સપ્તાહમાં તે કંટાળી ગયો. તે સમવયસ્ક બાળકો સાથે રમવા ઈચ્છતો હતો, પરંતુ અત્યંત જાગ્રત હતો. આથી બેન્ઝિયોન રજાઓમાં પોતાના મિત્રોના ઘરે જાય, એ પણ બેન્યહૂદને પસંદ નહોતું. 'જો રમવું હોય તો ઘરમાં જ નાનાભાઈ અને બહેન સાથે હિબ્રુભાષામાં રમવાનું છે' એવો બેન્યહૂદનો આદેશ હતો. એ સમયે ફ્રેંચભાષાનો શિક્ષક પણ નગરમાં ન હતો, આથી બેન્ઝિયોનને વાંચવા માટે ફ્રેંચભાષાનાં સુંદર પુસ્તકો મળતાં ન હતાં. જોકે બેન્યહૂદ ક્યારેક ક્યારેક એને હિબ્રુભાષાની પોતે લખેલી વાર્તાઓ લાવી આપતો હતો, પરંતુ પિતાના દુરાગ્રહને કારણે મનોમન હિબ્રુભાષાથી દ્વેષ કરતો બેન્ઝિયોન એને વાંચ્યા સિવાય જ પિતાને જૂઠું કહી દેતો હતો. પિતા અને હિબ્રુભાષા અંગે એના મનમાં ધૃણા અને અસહિષ્ણુતા ઉત્પન્ન થઈ ગઈ હતી.


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# સાચો ધર્મ

સંત પુનિત

'સા'બ ! આપ આધા બંગાલ ભી દે દેંગે તો ભી યે કામ નહીં હોગા ! જો એક્ઝામિનર કા નામ આપ મુઝે દે રહે હૈં વહ બરસો પહલે ગુજરાતી સ્કૂલમેં જબ ટીચર થે તબ મેરે ભતીજે ઉમર કો પ્રાઈવેટ ટ્યુશન દેને કે લિયે આતે થે. યે આદમી ઈતના ઈમાનદાર હૈ કિ આપ ઉસે આધા બંગાલ ભી દે દેંગે તો ભી વો ઈમાન સે પીછે નહીં હટેગા !'

વડાપ્રધાને રઝાકની આ વાત સાંભળી ત્યારે સ્તબ્ધ બની બોલી ઊઠ્યા : "ગુજરાતી લોક ઈમાન કે ઈતને પક્કે હોતે હોંગે યે તો મેંને આજ હી જાના. અચ્છા તો આપ રહને દીજિયે. કિસીકે ઈમાન કો હિલાના ઠીક નહીં.'

આમ વડાપ્રધાને આ વાતને આરંભથી જ પડતી મૂકી દીધી. પછી બિલકુલ ધ્યાન બહાર જ કાઢી નાખી.

આ વાતને છએક મહિનાનાં વહાણાં વીતી ગયાં. એક વાર બપોરે પરીક્ષક સાહેબ ક્લાઈવ સ્ટ્રીટની ફટપાયરી પર પૈદલ ચાલ્યા જતા હતા. ત્યારે રસ્તા પરથી પસાર થઈ રહેલા હાજી અબ્દુલ રઝાકે એમને જોઈને પોતાની કાર થોભાવી. સાહેબના ખબર અંતર પૂછીને વિનમ્ર સ્વરે 'લિફ્ટ'ની ઓફર કરી.

પરીક્ષક સાહેબે થોડી આનાકાની કરી, પણ અબ્દુલ રઝાકનો ભાવ જોઈ વધુ રકઝક કરવાનું માંડી વાળી કારમાં બેસી ગયા. કાર ચાલી એટલે અબ્દુલ રઝાકે કહ્યું :

'માસ્ટરજી, આપ યુનિવર્સિટી મેં ગુજરાતી કે એક્ઝામિનર હૈ ?'

'હા જી, કેમ ?'

'આપને ઈસ સાલ એક લડકે કો ફેલ કિયા થા યે સચ હૈ ?'

એમને વિસ્મય થયું. કહ્યું : 'બિલકુલ સચ હૈ. લૈકિન આપકો કૈસે માલુમ હુઆ ?'

'ઉસ લડકે કા બાપ પ્રાઈમ મિનિસ્ટર કે પાસ ગયા થા. વો સાહબ ઈસ કામ કે લિયે મુઝે આપકે પાસ બેજના ચાહતે થે. મગર મૈંને સાફ સાફ કહ દિયા કિ, સા'બ ! આપ આધા બંગાલ દે દેંગે તો ભી યહ કામ નહીં હોનેવાલા !'

આ સાંભળીને સાહેબના મુખ પર વિજયનું જે સ્મિત ફરક્યું તે એ પોતે તો જોઈ શક્યા નહોતા, પણ એમને પોતાનો જન્મ સાર્થક થઈ ગયો છે એવી અનુભૂતિ અવશ્ય થઈ હતી.

એ સિદ્ધાંતવાદી ગુજરાતી શિક્ષક ને પરીક્ષક હતા 'નવચેતન' માસિકના પ્રખ્યાત તંત્રી ચાંપશીભાઈ ઉદ્દેશી.

'પિતાજી, પાંચ રૂપિયા આપોને ! મારે જરૂર છે.' એ કિશોરે વિનમ્ર સ્વરે પિતાને કહ્યું. માંગણી સાંભળતા જ પિતાનો ક્રોધ ભભૂકી ઊઠ્યો. પણ પુત્ર-સ્નેહ આગળ પરવશ પિતા ક્રોધનો કડવો ઘૂંટડો ગળી ગયા. ચહેરા ઉપર ક્રોધની લાલી તરવરી રહી હતી. એમણે પૂછ્યું : 'બેટા, હજી કાલે જ પાંચ રૂપિયા આપ્યા હતા. એનોય હિસાબ આપ્યો નથી ને વળી આજે બીજા પાંચ રૂપિયા શેના માગે છે ?'

'પિતાજી, મારે જરૂર છે, એટલે માગું છું.'

કિશોર કાલના પાંચ રૂપિયાનો હિસાબ ગળી જતાં બોલ્યો ને પછી આસ્તેથી ઉમેર્યું : 'કાલના પાંચ રૂપિયા તો વપરાઈ ગયા.'

દીકરો ભણવામાં તેજસ્વી હતો. સોબત પણ સારી હતી. ઘરમાં પણ વ્યવસ્થિત રહેતો હતો. એટલે રોજ રોજ દીકરો રૂપિયા માગતો તોય ખોટી શંકા જાગતી નહોતી. થોડીક કચકચ કરીને આપી દેતા. દીકરાને નારાજ કરવાનું કે આપેલા રૂપિયાના હિસાબની કડક ઉઘરાણી કરવાનું એ માંડી વાળતા.

પણ હવે એમને લાગ્યું કે આ તો રોજનું થયું. પૈસા વાપરે એનો વાંધો નથી, પણ કમસે કમ એનો ઉપયોગ તો જણાવવો જોઈએ ને ! પણ એ જાણતા હતા કે દીકરો ઓછું

બોલે છે અને બોલ્યા પ્રમાણે જ કરે છે. એટલે એનું મન જાણી શકાશે નહિ. એક જ વાત પકડી રાખશે. કાલના પૈસા વપરાઈ ગયા, આજે જરૂર છે.

પિતાએ થોડીવાર વિચારીને ખિસ્સામાંથી પાંચ રૂપિયા કાઢીને આપતાં કહ્યું : 'લે બેટા, પાંચ રૂપિયા. પણ સાચવીને ખર્ચ કરજે.'

'સારું પિતાજી !' વિનમ્ર સ્વરે જવાબ આપીને કિશોર ચાલ્યો ગયો. એટલે પિતાએ તરત જ વિશ્વાસુ નોકરને બોલાવી એની હિલચાલ ઉપર ચાંપતી નજર રાખવાનો આદેશ આપ્યો.

એ જાણવા માગતા હતા કે એમનો આજ્ઞાંકિત દીકરો આ રૂપિયાનું કરે છે શું ? એ જાણવા માટે જ, ઉત્સુકતાવશ નોકરને પીછો કરવાને કામે લગાડી દીધો હતો.

થોડીવાર પછી નોકર બધી માહિતી લઈને પાછો આવ્યો.

કાગડોળે એની જ રાહ જોઈ રહેલા પિતાએ પૂછ્યું : 'શું થયું ? ચિત્તુએ એ રૂપિયાનું શું કર્યું ? કંઈ ખબર પડી ?'

'હા, માલિક !' નોકરે કહ્યું : 'નાના માલિક ઘેરથી નિશાળે જવા નીકળ્યા ત્યારે માર્ગમાં એમને એક ગરીબ છોકરો મળ્યો.'

કિશોરના પિતાના ચહેરા ઉપર વિસ્મય તરવરી રહ્યું.

અધીરાઈથી પૂછ્યું : 'કોણ હતો એ છોકરો ? પછી શું થયું ?'

'માલિક, એ છોકરાના દીદાર તો ગરીબ હતા, પણ ભણતો હોય એવું લાગતું હતું. રખડું તો નહોતો જ.' આટલું કહીને નોકર પળવાર થોભીને બોલ્યો : 'નાના માલિક એને લઈને પુસ્તકોની દુકાને ગયા. ત્યાંથી નાના માલિકે થોડી ચોપડીઓ ખરીદી ને પછી એ છોકરાને આપી દીધી.'

કિશોરના પિતા તો આ વાત સાંભળીને સ્તબ્ધ થઈ ગયા.

એમને ભારે નવાઈ લાગી. પૂછ્યું : 'પછી એ બંને...'

'માલિક, પછી નાના માલિક જૂતાની દુકાને લઈ ગયા. એને ચંપલ અપાવ્યાં.' બોલીને નોકર ચૂપ થઈ ગયો.

પણ કિશોરના પિતા ભારે ગડમથલ અનુભવી રહ્યા, 'શેની ચોપડીઓ ખરીદી હશે ? ચંપલ કેમ ખરીદ્યા હશે ?'

'પછી તું સીધો અહીં જ આવ્યો ?' પિતાએ પૂછ્યું.

'ના માલિક, હું દૂરથી એમની આ બધી હિલચાલ જોઈ રહ્યો હતો. એ લોકો પુસ્તકોની દુકાનેથી નીકળીને થોડે દૂર આવેલી જૂતાની દુકાનમાં પ્રવેશ્યા એટલે હું પુસ્તકોની દુકાનના પેલા માલિકને મળ્યો. બધું પૂછ્યું તો 'એણે શું કહ્યું, ખબર છે માલિક ?' નોકર બોલતો બોલતો અટકી ગયો.

વિસ્મયથી એની આંખો પહોળી થઈ ગઈ.

'શું કહ્યું એ તું કહે તો ખબર પડે ને !' કિશોરના પિતાએ આતુરભાવે કહ્યું. એટલે નોકર બોલ્યો : 'એણે કહ્યું કે નાના માલિક અવારનવાર એ દુકાનેથી કોઈ ને કોઈ ગરીબ વિદ્યાર્થીને ભણવાની ચોપડીઓ અપાવે છે. આજે પણ એને ભણવાની ચોપડીઓ, પેન્સિલ, ચંપલ વગેરે અપાવ્યાં છે. આપ નાહકના એમના ઉપર શંકા કરો છો.'

કિશોરના પિતા કશું બોલ્યા નહિ.

એ કિશોરના આવવાની કાગડોળે રાહ જોવા લાગ્યા.

સાંજે કિશોર નિશાળેથી આવ્યો કે તરત પિતાએ પૂછ્યું :

'બેટા, જરા અહીં આવ જોઈએ.'

'શું છે પિતાજી ?' બોલતો કિશોર હાથ-મોં ધોવાનુંય ભૂલીને પિતા પાસે આવીને ઊભો રહ્યો.

'બેટા, પેલા પાંચ રૂપિયાનું તેં શું કર્યું ?' પિતાએ પૂછ્યું.

'પિતાજી, એ તો વપરાઈ ગયા !' કિશોર બોલ્યો.

અચાનક સાંજે એના પિતાએ પાંચ રૂપિયાનો હિસાબ માગ્યો એથી એને ભારે નવાઈ લાગી હતી.

પણ કિશોર બીજું કંઈ બોલે કે પૂછે એ પહેલાં જ એના પિતાએ ઉમળકાભેર છાતી સરસો ચાંપી દીધો ને ગળગળે સાદે બોલી ઊઠ્યા : 'બેટા, મને ખબર પડી ગઈ છે કે એ પાંચ રૂપિયાનું તેં શું કર્યું છે. બેટા, ગરીબો ઉપર હંમેશાં દયા રાખજે અને આ રીતે જ એમની મદદ કરતો રહેજે, ગરીબોની સેવા એ જ સાચો ધર્મ છે.

આ કિશોર આગળ જતાં દેશબંધુ ચિત્તરંજનદાસને નામે વિખ્યાત થયો.


email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

# ધરાતળે પ્રગટી ભગવદ્ભાષા

લેખક : ડૉ. વિશ્વાસ, રૂપાંતર : ભગીરથ દેસાઈ

મોસ્કો પાસે ગ્લૂબોકિયા નગરમાં સસરાના ઘરે બેન્યહૂદનું હાર્દિક સ્વાગત થયું. સાસુએ વિશેષ આદર સાથે એનો અતિથિસત્કાર કર્યો. ડેબોરાની નાની બહેન પોલા, જેનો પહેલેથી જ બેન્યહૂદથી ખૂબ સ્નેહ હતો, એણે પણ બનેવીનું આત્મીય સ્વાગત કર્યું. એ સમયે હિબ્રૂભાષામાં જ બેન્યહૂદે ત્યાં વાતચીત કરી. એના મુખે સમગ્ર વાત સાંભળી સસરા યોનસે કહ્યું, 'પુત્ર ! તેં આ બરાબર નહિ કર્યું. તમારા સૌની આવી દુર્દશા છે. તેં પહેલાં અમને કેમ જણાવ્યું નહિ ? જવા દો વાત, હવે તો કહો ! મારી મદદ તમારા માટે તો છે જ...'

એ પછી યોનસ નગરના પોતાના મિત્રો અને શુભેચ્છકોને મળ્યો. બેન્યહૂદને સંગાથે લઈ જઈ એમનો પરિચય કરાવ્યો. બેન્યહૂદે એની સામે પોતાની યોજનાઓનું વર્ણન કર્યું. અનેક લોકોએ એના કાર્યમાં મદદ કરવાનું સ્વીકાર્યું. 'ડીર્' પત્રિકાના અનેક ગ્રાહકો પણ બન્યા. એના વિચારો સાંભળી અનેક લોકોએ કહ્યું, 'તમે કોઈ પણ ચિંતા કર્યા વગર પત્રિકાનું પ્રકાશન કરો. શબ્દકોશનું નિર્માણ પણ આરંભો. અમને સહાયતા કરવી અવશ્ય ગમશે.

બેન્ઝિયોને વિચાર્યું હતું કે, વિદ્યાલયમાં પ્રવેશ મળતાં એક નવી દુનિયાનો અનુભવ મળશે. મુક્તમનથી વિહાર કરીશ, પરંતુ એક સપ્તાહમાં જ તેને વિદ્યાલયમાં ગૂંગળામણ થવા લાગી. અપરિચિત ભાષામાં શિક્ષક કંઈક ભણાવે અને અપરિચિત ભાષામાં શિક્ષક કંઈક ભણાવે અઅને અપરિચિત ભાષાઓમાં અન્ય છાત્ર કંઈક બોલતાં હતાં. તે કોઈ વાતનો અર્થ સમજતો ન હતો. મૌન બેસી રહેતો હતો. જો કે એની મહેનત કરવાની વૃત્તિને નિહાળી શિક્ષક સંતુષ્ટ હતા. તેઓ બેન્ઝિયોનને સમજાવવાનો પ્રયત્ન કરતા હતા.

સાથે ભણતાં બાળકો બેન્ઝિયોનને પરેશાન કરવાનો પ્રયત્ન કરતાં હતાં. તેઓ એને વિચિત્ર પ્રાણીની સમાન જોતાં હતાં. 'ગૂંગો', 'બહેરો', 'મૂર્ખ' વગેરે નામે બોલાવી એની ઠેકડી ઉડાવતાં હતાં. તો પણ બેન્ઝિયોને એમનું મન જીતવા અને એમની સાથે મિત્રતા કરવા અનેક પ્રયત્ન કર્યા. એ માટે એણે એમાંના કોઈક બાળકને પોતાની પેન્સિલ ભેટ આપી દીધી તો કોઈકને પોતાનો સુંદર લેખનપત્ર આપી દીધો. કોઈકને પોતાના ભોજનમાંથી ભાગ પણ આપ્યો.

પુત્ર માટે વિદ્યાલયમાં લઈ જવાની વસ્તુઓ પૈકી ધીરે ધીરે એક પછી એક ગાયબ થવા માંડી હતી. ડેબોરાએ આ જોયું તો એણે આ બાબતે પુત્રને પૂછ્યું, 'મને ખબર નથી, વસ્તુઓ કેવી રીતે ચોરાઈ જાય છે' – એવા પુતરના કહેવા પર ડેબોરાને વિશ્વાસ બેઠો નહિ. વારંવાર પૂછ્યા પછી એને સાચું કારણ જાણવા મળ્યું. બેન્ઝિયોને માતાને કહ્યું, 'મા ! વિદ્યાલયમાં સૌના મિત્ર છે. મારે એકેય મિત્ર નથી. ન કોઈ મારી સાથે વાત કરે છે. હું ઓછામાં ઓછો એક મિત્ર બનાવવા ઈચ્છું છું.....'

'પેન્સિલ, કાગળનો ટુકડો અથવા રૂમાલ આપી મારો પુત્ર મિત્ર બનાવવા ઈચ્છે છે. ખેદ છે ! કેટલું કરુણાજનક છે આ....' વિચાર કરતાં ડેબોરાનું  દય ભરાઈ આવ્યું.

એક દિવસ બેન્ઝિયોન વિદ્યાલયમાં બેઠો હતો. ગણિતનો તાસ હતો. ગણિતના શિક્ષક પોતાની બેઢંગ શૈલીમાં કર્કશ અવાજે ફ્રેંચભાષામાં ગણિત શીખવી રહ્યા હતા. અણગમતો વિષય અને તે પણ અપરિચિત ભાષામાં, પાંચ જ મિનિટમાં બેન્ઝિયોન સાવ કંટાળી ગયો. આળસનો અનુભવ કરતાં કરતાં ધીરે રહીને એની આંખો બંધ થઈ ગઈ.

થોડા સમય પછી પોતાની ચારેકોર કોલાહલ સાંભળીને તે જાગ્યો, તો જોયું કે સૌ બાળકો એને જોઈને પરસ્પર હસી રહ્યાં છે. શિક્ષકના મુખ પર પણ મજાકનો ભાવ હતો. 'અરે આને શું થયું ?' એવું વિચારી નીચે ભીનાશનો અનુભવ કરી એણે જ્યારે ખુરશી જોઈ તો એની સમજમાં આવ્યું કે શું ન બનવાનું બન્યું હતું. અફસોસ ! ઊંઘમાં હોવાને કારણે બેન્ઝિયોનને ત્યાં જ લઘુશંકા થઈ ગઈ હતી. એનું પેન્ટ ભીનું હતું શરમ અને સંકોચથી ખિન્ન બેન્ઝિયોન ઝડપથી પોતાનું દફતર લઈ વર્ગખંડની બહાર ભાગ્યો.

ઘરે પહોંચે ત્યાં સુધીમાં એકવાર પણ પાછું વાળીને જોયું નહીં. પાછળથી આવી રહેલા અટ્ટહાસ્યના અવાજોથી ડરેલો તે હવાની ઝડપે દોડતો આવ્યો અને ઘરના ઉંબરે ફસડાઈને પડ્યો. એ સમયે મા ઘરે ન હતી. એને ત્યાં જ ઊંઘ આવી ગઈ.

જે બન્યું એ સાંભળીને શું કરવું જોઈએ, એ ડેબોરાની સમજણમાં જ ન આવ્યું. પતિ પણ ન હતા એટલે એ અસહાય હતી. બહુ સમજાવટ પછીય બેન્ઝિયોન વિદ્યાલય જવા તત્પર ન થયો. અન્ય છાત્રોની મજાકપૂર્ણ દૃષ્ટિનો સામનો કરવાની હિંમત એનામાં ન હતી. એક સપ્તાહ સુધી ડેબોરા એને વિદ્યાલય મોકલવાનો પ્રયત્ન કરીને અસફળ રહી. બેન્ઝિયોને ઘરબહાર ડગ ભરવાનું પણ છોડી દીધું અને ડેબોરાને કોઈ ઉપાય જડ્યો નહિ ત્યારે એણે વિદ્યાલય જઈને પ્રાચાર્યને વાત કરી. કાર્યકુશળ પ્રાચાર્ય એ સાંજે સ્વયં ડેબોરાના ઘરે આવ્યાં. જાણે કે એને કંઈ ખબર નથી, એવું દેખાડી બેન્ઝિયોન સાથે એણે વાતચીત શરૂ કરી, 'બેન્ઝિયોન ! કેમ છે ? એક સપ્તાહથી મેં તને વિદ્યાલયમાં જોયો નથી ? બધું બરાબર છે ને ?

'બરાબર છે, પણ હું કદી વિદ્યાલય આવીશ નહીં.'

'એમ કેમ ?'

'બીજાં બાળકો મને પસંદ કરતાં નથી. તેઓ મારી મજાક ઉડાડે છે. જેમ કે એ દિવસે...' બેન્ઝિયોન ખચકાયો.

'અરે ! એવું તો મારેય બાળપણમાં થયું હતું અને એ સમયે તો હું તારાથીય મોટો હતો. એ પછી મારા ધ્યાનમાં આવ્યું કે પૂરતા પ્રમાણમાં ભોજન ન કર્યું એટલે દૂર્બળતાને કારણે એવું થઈ ગયું હતું. એથી ત્યારથી હું પર્યાપ્ત ભોજન કરું છું. તું પણ જો બરાબર ભોજન કરશે તો જીવનમાં આવો પ્રસંગ ફરી નહિ બને. તું તો બુદ્ધિશાળી છાત્ર છે. હું વિચારતો હતો કે શું તું પણ પોતાને એવો જ ધારે છે....?'

પ્રાચાર્યની વાતથી આત્મવિશ્વાસ ધારણ કરેલો બેન્ઝિયોન બીજા દિવસે ફરી પાછો વિદ્યાલય આવ્યો. બીજી કક્ષામાં જ એણે પ્રવેશ કર્યો. પ્રાચાર્યની સૂચનાનું પાલન કરીને અન્ય છાત્રો પણ મૌન બેઠા હતા. આથી બેન્ઝિયોનને કોઈ કષ્ટ પડ્યું નહિ. સમય જતાં બેન્ઝિયોને ત્યાં સુમેળ સાધી લીધો. ભણવામાં પણ તે આગળ જ રહ્યો. હવે ડેબોરાને સંતોષ થયો.

મોસ્કોથી પરત આવી બેન્યહૂદે પુત્રની પ્રગતિ જાણીને સંતોષની અનુભૂતિ કરી. ઘરમાં તો હિબ્રુભાષામાં જ વાત કરવાના નિયમનું ડેબોરાએ કડકાઈથી પાલન કર્યું હતું. આથી અન્ય ભાષાઓનો પ્રભાવ હોવા છતાંય એની હિબ્રૂભાષા સ્વચ્છ અને નિષ્કલંક રૂપે સુરક્ષિત હતી. આ માટે એણે ડેબોરાની પ્રશંસા કરી. એણે તરત જ એના બીજા પુત્ર અવિચાયિલને પણ વિદ્યાલય મોકલવાની સ્વીકૃતિ આપી દીધી, પરંતુ એ નિર્દેશ કરી દીધો કે વિદ્યાલયના અનૌપચારિક સમયમાં બંને બાળકોનો મેળાપ થાય ત્યારે હિબ્રુભાષામાં જ વાત કરવાની છે. એ બંનેએ સ્વીકાર કર્યો અને શ્રદ્ધાપૂર્વક એનું પાલન પણ કર્યું.

બેન્ઝિયોનનો તુર્કીભાષાનો શિક્ષક ખૂબ જ કડક હતો. છાત્રોને દંડ કરવા અંગે તેની માન્યતા હતી કે અધિક દંડ કરવાથી ફળ પણ અધિક મળે છે. આથી તે રોજ કોઈને કોઈ છાત્રને મારતો હતો. બેન્ઝિયોનને એના પર ભારે ચીઢ હતી. એકવાર વિદ્યાલયમાં તુર્કીભાષા શીખતી વેળા બેન્ઝિયોને પાસે બેઠેલા મિત્રના કાનમાં કહ્યું, 'જો આ શિક્ષકનો દંડો જેવો આડોઅવળો છે એવો જ એનો કંઠ પણ અવળો છે.' હસવું રોકી શકાય એમ ન હોવાથી તે બાળક જોરથી હસ્યો. અન્ય કેટલાંક બાળકો પણ એને જોઈને હસવા લાગ્યાં.

'શું થઈ રહ્યું છે...? બેન્ઝિયોન...! ઊઠ...!' શિક્ષકે બરાડો પાડ્યો. 'તું શું બોલ્યો, ફરીથી બોલ...!' 'આપનો ડંડો જેવો મજબૂત છે એવો જ આપનો કંઠ પણ છે, એવું મેં કહ્યું, બેન્ઝિયોને શબ્દ બદલીને ધીમેથી કહ્યું. 'અરે...! મારી સાથે જીભાજોડી કરે છે ? તું કેટલો ઉદ્દંડ છે...' એવું કહી શિક્ષક દંડાથી બેન્ઝિયોનને મારવા માટે તૈયાર થઈ ગયો.

'મને મારો છો....? ખબરદાર. મારા પિતા એમની પત્રિકામાં આપની દુષ્ટતા અંગેના સમાચાર છાપી દેશે. જાણો છો, તેઓ પત્રકાર છે...' બેન્ઝિયોને વિચાર્યું કે આ

શિક્ષકથી જાન છોડાવવાનો આ જ સાચો ઉપાય બની જશે, એટલે એવું કહી દીધું.

'જાણું છું તારા મૂર્ખ પિતા અને એની પત્રિકાને. તે મારું કંઈ જ બગાડી નહિ શકે. લે, તારી હરામખોરીનું ફળ ભોગવ...' એવું કહી શિક્ષકે એને હાથ, પગ અને પીઠ પર નિર્દયતાથી માર્યો. એણે મારવાનું ત્યારે જ બંધ કર્યું જ્યારે શોરબકોર સાંભળી સ્વયં પ્રાચાર્ય દોડી આવીને બળજબરીપૂર્વક એના હાથથી દંડો ઝૂંટવી લીધો.

'ફરી ક્યારેય આ વિદ્યાલયમાં આવીશ નહિ. બહુ જ થયું...' બેન્ઝિયોને ગુસ્સામાં હીબકાંભર્યા અવાજે કહ્યું.

'ચિંતા ન કરીશ. હું તને ત્રીજી કક્ષામાં મોકલું છું. ત્યાં તો આ શિક્ષક ભણાવશે નહિ. એથી તને કોઈ સમસ્યા નહિ થાય.' પ્રાચાર્ય સમસ્યાનો ઉકેલ શોધી કાઢ્યો.

આમ એક જ વર્ષમાં બેન્ઝિયોને ત્રણ કક્ષાઓમાં પ્રવેશ મેળવી લીધો.

ત્રીજી કક્ષામાં બેન્ઝિયોનના શિક્ષણમાં ખૂબ જ પ્રગતિ દેખાવા માંડી. સમય જતાં તે ફ્રેંચ ભાષા પ્રત્યે વધુ ને વધુ આકર્ષિત થવા લાગ્યો. એ ભાષાની વ્યાવહારિકતા, વિશાળ શબ્દભંડોળ, સરળતા વગેરે બાબતોએ એનું દય જીતી લીધું. એની તુલનામાં પુરાણી હિબ્રૂભાષા એને અવ્યાવહારિક દેખાવા લાગી.

'આ અભાગી ભાષામાં વ્યવહાર કરવો છે, એવું કયા કારણે પિતાજી આગ્રહપૂર્વક કહે છે?' એના મનમાં જ્યારે અને ત્યારે આ પ્રશ્ન ઊઠ્યા કરતો હતો. 'પિતાજીનો વિરોધ પણ કરવો જોઈએ' એવી એના મનમાં ક્યારેક ક્યારેક ઈચ્છા પણ થતી હતી.

'અવિચાયિલ સાથે કક્ષા સિવાયના વધારાના સમયમાં તું હિબ્રૂભાષામાં જ વાત કરે છે કે નહિ ?' એક દિવસે બેન્યહૂદે પુત્રને પૂછ્યું. 'વિદ્યાલયમાં અમારે મળવાનું ખૂબ જ ઓછું થાય છે. અમારા બંનેના મિત્રો પણ અલગ અલગ છે. કક્ષા સિવાયનો સમય એમની સાથે જ વીતે છે. આમ અમારા બંનેનું મળવાનું કઠણ જ છે...' બેન્ઝિયોન બોલ્યો.

'કઠણ હોવા છતાં આ કાર્ય કરવું જોઈએ બેટા !' પિતાએ આજ્ઞા કરી. પુત્રએ સ્વીકૃતિમાં મસ્તક હલાવ્યું, પણ એને એવુંય લાગ્યું કે આ આદેશ અવ્યવહારુ છે.

વિદ્યાલયમાં ફ્રેંચભાષાના શિક્ષક અત્યંત કુશળ હતા. એણે એક દિવસ બેન્ઝિયોનને પોતાના ઘરે બોલાવ્યો. ત્યાં એમણે પોતાના સંગ્રહમાંથી ફ્રેંચ ભાષાનાં અનેક પુસ્તકો દેખાડ્યાં.

એક સુંદર અને સચિત્ર પુસ્તક શિક્ષકે બેન્ઝિયોનને આપ્યું અને કહ્યું, 'બેટા ! આ પુસ્તક અત્યંત અદ્ભુત છે. ઘરે લઈ જઈને વાંચ, પછી પાછું આપજે. એ પછી અન્ય પુસ્તકો પણ તને આપીશ.'

'ધન્યવાદ' કહી બેન્ઝિયોન ઘરે પાછો ફર્યો. બધાથી અને ખાસ કરીને પિતાની દૃષ્ટિથી સંતાડીને તે પુસ્તક વાંચવાનું હતું. એ રાતે જાણે તે ખૂબ જ થાકી ગયો હોય એમ વહેલો જ પથારીમાં પડ્યો. એ પછી સૌ સૂઈ ગયા પછી બારી પાસે બેસી સડક પરથી આવતા વીજળીના ગોળાના અજવાળે અત્યંત ઉત્સુકતાથી બેન્ઝિયોને પુસ્તક વાંચવાનું શરૂ કર્યું.

લાંબો સમય ક્યારે પસાર થઈ ગયો એ તે જાણી શક્યો નહિ. પુસ્તક હાથમાં રાખીને જ તે સૂઈ ગયો. બીજા દિવસે તે એ પુસ્તક વિદ્યાલય પણ લઈ ગયો. કક્ષામાં પણ વચ્ચે વચ્ચે શિક્ષકની નજરથી બચીને એણે કેટલાંક પૃષ્ઠો વાંચી કાઢ્યાં. કક્ષા સિવાયના વધારાના સમયમાં પણ એણે પુસ્તક વાંચવા સિવાય અન્ય કોઈ કાર્ય ન કર્યું. તેમ છતાંય એ મોટું પુસ્તક પૂરું વાંચી શક્યો નહિ. એ દિવસે સાંજે ઘરે ગયા બાદ બારી પાસે એ પુસ્તક વાંચવા લાગ્યો. એ પુસ્તક વાંચવામાં એટલો તો તલ્લીન થઈ ગયો કે નજીક આવીને ઊભેલા પિતાની તરફ પણ એનું ધ્યાન ગયું નહિ.

'શું વાંચી રહ્યો છે બેટા....?' પૂછી પુત્રના હાથમાંથી પુસ્તક લઈ બેન્યહૂદે જોયું. બેન્ઝિયોનનો તો જાણે શ્વાસ જ અટકી ગયો ! 'ઓહ ! હવે તો માર્યા ઠાર' એવું વિચારી તે મૌન ઊભો રહી ગયો.

'આ તો બહુ જ ઉત્તમ પુસ્તક છે. બેન્ઝિયોન !' એ પુસ્તક પરત આપતાં બેન્યહૂદે કહ્યું. 'અત્યંત ઝડપથી

(અનુસંધાન પૃષ્ઠ ૩૪ ઉપર)

# "ગાંધીની નજરે દુનિયા" પુસ્તકનું વિહંગાવલોકન

**હીરાલાલ એન. છોડવડીયા**
યુ-૮૦, ઉપેન્દ્ર પાર્ક, ગુલાબ ટાવર પાસે,
અમદાવાદ-૬૧.



ગાંધીજી વિષે ઘણા પુસ્તકો લખાયા, વંચાયા લખાશે અને વંચાશે." "ગાંધીની નજરે દુનિયા" મનસુખ સલ્લાનું પુસ્તક એક અલગ છાપ પડે છે. સામાન્ય રીતે મારી નજરે ગાંધી લખવાવાળા ઘણા મળે પરંતુ ગાંધીની નજરે ત્યારની દુનિયા અને ભવિષ્યની દુનિયા કેવી હોવી જોઈએ એ કલ્પના કરનાર ઓછા હશે.

શરૂઆત પુસ્તકના કવરપેઈઝથી કરીશ ગાંધીજીના ચશ્મા જેનાથી એ દુનિયાનું બાહ્યરૂપ જોતા હતા તે જોવા મળે છે. અને ગાંધીજીના હસ્તાક્ષરમાં સત્ય એ જ પરમેશ્વર, સત્યની શોધ અને પૂજા અંગેના નિયમોની આવશ્યકતા રહે છે તેવી વાત, શરૂઆત અને અંતિમ પાના પર "ગાંધીજીના વિચારો મનુષ્ય જાતિની શાશ્વત મૂડી સમાન છે. તે જ આ ગ્રંથની વિશેષતા અને ફલશ્રુતિ છે."

આ બે કવર વચ્ચે લેખકે ગાંધીજીના વિચારો, કાર્યો, માનવીય ગુણવત્તાનો વિકાસ અને ગાંધીજીની પ્રભાવકતા, ગાંધીજીનું શિક્ષણ દર્શન, વ્રત વિચાર, રચનાત્મક પ્રવૃત્તિઓનો મૂલાધાર - પ્રાર્થના, ગાંધીજી અને ગીતા ગાંધીજીના વિચારો આજના સંદર્ભમાં અને હાલ પ્રવર્તમાન ગુજરાત અને ગાંધી પ્રેરિત સ્થાનો વિષે ખૂબ જ માર્મિક રીતે રજૂ કરેલ છે.

લેખકે શરૂઆતમાં ગાંધીજી વિષે એક સરસ વાત કરી છે કે ગાંધીજીના વિચારનો મૂલાધાર આચરણ છે વીસમી સદીના સૌથી મહાન વ્યક્તિ તરીકે ગંધીજીનો સ્વીકાર એકસો નોબેલ પ્રાઈઝ મેળવનારા મહાનુભાવો એક અવાજે કરે એ આકસ્મિક નથી. ગાંધીજીનો એક વિચાર કદી જૂનો નહીં થાય તે વિકેન્દ્રીકરણનો, કોઈ પણ રાષ્ટ્ર પરિશ્રમથી જ ટકે અને વિકસે ગાંધી માર્ગે ચાલવાની સૌથી પહેલી શરત - એ આચરણનો ધર્મ છે કેવળ વાતોનો નહિ.

ગાંધીજી વીસમી સદીમાં હતા પરંતુ તેમણે એકવીસમી કે બાવીસમી સદીમાં કેમ જીવવું, કેવું જીવન યથાર્થ અને માનવીય ગણાય એનું દર્શન કરાવ્યું છે એટલે ગાંધી દર્શન કદી પુરાણું નહીં થાય, નિત્યનૂતન રહેશે. તેમની ઉપર થયેલા જીવલેણ હુમલા પછી પણ તેમણે કોઈને વેરી ગણ્યા નથી, ક્ષમા જ આપી છે. તે ક્ષમા ઈશું ખ્રિસ્તની કક્ષાની છે. આઝાદીની લડતમાં તેમણે નારી શક્તિ પ્રબળ બનાવી આ તેમની શાંત ક્રાંતિ હતી.

ગાંધીજીની લાક્ષણિકતાને મહાકવિ રવિન્દ્રનાથ ટાગોરે અદ્‌ભુત કાવ્યાત્મકતાથી વ્યક્ત કરી છે, "યજ્ઞને મનુષ્યરૂપે જન્મવાનું મન થયું અને તે ગાંધીરૂપે જન્મયો.

આલ્બર્ટ આઈન્સટાઈનનું આ મૂલ્યાંકન કેવળ આદર-અભિવ્યક્તિ નથી, પણ ગાંધીજીની મહાનતાની ખરી ઓળખ છે. "ભાવિ પેઢી માની પણ નહિ શકે કે આવો હાડચામનો માણસ આ પૃથ્વી પર વિચર્યો હતો.

ગાંધીજીએ યંત્રની મર્યાદા અને ઘેલછા વિશે એક સદી પહેલા મનુષ્ય જાતને ચેતવી હતી, જાત મહેનત, પરિશ્રમના ગૌરવને વ્રત સ્વરૂપે સ્વીકારનાર અને સૂચવનાર "ગાંધીજી પહેલા મહાપુરુષ છે. ગાંધીજીના જીવનમાં ગીતાનો પ્રવેશ ઘણો વહેલો થયો છે. તેમણે ગીતાને જીવવાનો પ્રયત્ન કર્યો. વ્યક્તિનો સ્વ અર્થનો સંબંધ બદલાય તો જ મેળવેલી કેળવણી ખપની, ઈષ્ટ અને આવકાર્ય ગણાય. ગાંધીજી દઢ માનતા કે શિક્ષણને પરિણામે રાષ્ટ્રને જવાબદાર નાગરિક મળવો જોઈએ.

એકવાર જરૂર આ પુસ્તક વાચવા જેવું અને વિચારવા જેવું તેમજ અમલમાં મૂકવા પ્રયત્ન કરવા જેવું છે.

# શિક્ષણ સમાચાર

**અશોક સોમપુરા**
૭, એપેક્ષનગર સોસાયટી,
પ્રકાશ પેટ્રોલ પંપ-લક્ષ્મીનારાયણ સોસાયટી પાછળ,
બાપુનગર, અમદાવાદ-૩૮૦૦૨૪. ● મો. : ૯૪૨૬૫૨૫૨૪૨



**નોંધ : "ઘરશાળા" માસિકમાં શિક્ષણ સમાચાર નિયમિત પ્રગટ થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે. આ સમાચાર સામયિકો અને વર્તમાનપત્રોને આધારે તૈયાર થાય છે એટલે એ દૃષ્ટિએ જોવા વાચકોને અમારી વિનંતી છે. તંત્રીઓ.**

**ગુજરાતની તમામ શાળામાં નવું શૈક્ષણિક સત્ર હવે એપ્રિલ માસથી :** ગુજરાત સરકારે શાળાકીય શિક્ષણમાં એક મહત્ત્વનો નિર્ણય કરતા રાજ્યની તમામ શાળાઓમાં હવે નવું શૈક્ષણિક સત્ર એપ્રિલ મહિનાથી શરૂ થશે. દર વરસે ઊનાળું વેકેશન બાદ જૂનમાં શાળાઓ શરૂ થતી હતી તેના બદલે હવે એપ્રિલ મહિનાથી શાળાઓ શરૂ થશે. આ નિયમથી ગુજરાત સરકારના શિક્ષણ અધિનિયમ હેઠળ નોંધાયેલી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિકથી માંડી ઉચ્ચતર માધ્યમિકની ૫૫ હજારથી વધુ શાળાઓનાં ભણતાં ૧-૧૦ કરોડથી વધુ બાળકોને તેમજ તેમના વાલીઓને સીધી અસર થશે.

**ધો.૧૦ અને ધો.૧૨ ની બોર્ડ પરીક્ષા આગામી વર્ષથી ફેબ્રુઆરીમાં લેવાશે :** ગુજરાત સરકારે રાજ્યની તમામ શાળાઓમાં એપ્રિલથી શૈક્ષણિક સત્ર શરૂ કરવાનો ઠરાવ કર્યો છે. ત્યારે વર્ષ ૨૦૨૦-૨૧થી બોર્ડની પરીક્ષા વહેલી યોજાશે. એટલે કે વર્ષ ૨૦૨૧માં બોર્ડની પરીક્ષા માર્ચના બદલે ફેબ્રુઆરીમાં યોજાશે. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ સીબીએસઈ બોર્ડના પગલે એકેડેમિક વર્ષ વહેલું કરીને જૂનના બદલે એપ્રિલમાં કરવા સાથે હવે બોર્ડની પરીક્ષાઓ પણ વહેલી કરવાનું આયોજન કરી રહી છે. બોર્ડની પરીક્ષાઓ વહેલી યોજવા સાથે પરિણામો પ ણ વહેલા જાહેર કરી દેવાશે.

**ગુજરાતની તમામ શાળાઓમાં હવે પુસ્તકો સાથે શૈક્ષણિક કેલેન્ડર, પરીક્ષા કોમન કરાશે:** ગુજરાતની તમામ શાળાઓમાં હવે પુસ્તકો સાથે શૈક્ષણિક કેલેન્ડર અને પરીક્ષા પદ્ધતિ પેટર્ન કોમન કરાશે. સરકારના શિક્ષ વિભાગ દ્વારા આગામી વર્ષથી રાજ્યની સરકારી-ગ્રાન્ટેડ શાળાઓ સાથે તમામ ખાનગી શાળાઓનાં પણ એકમ કસોટી, સત્રાંત પરીક્ષા અને વાર્ષિક પરીક્ષા લેવાય અને તમામ પરીક્ષાઓ એક સાથે લેવાય તેવું આયોજન કરવામાં આવી રહ્યું છે. હવે ખાનગી શાળાઓ એન.સી.ઈ.આર.ટી. સિવાયના અન્ય ખાનગી પ્રકાશનના પુસ્તકો નહીં ભણાવી શકે.

**ઉનાળુ વેકેશન ૪ મે થી ૭ જૂન સુધી**

સરકાર આ વર્ષથી તમામ શાળાઓમાં નવું શૈક્ષણિક વર્ષ એપ્રિલ મહિનાથી શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. ત્યારે આ વર્ષે એટલે કે વર્ષ ૨૦૨૧-૨૨ માટે ૨૦ એપ્રિલથી નવું સત્ર શરૂ થશે જ્યારે ઉનાળુ વેકેશન ૪ મેથી શરૂ થશે અને ૭ જૂન સુધીનું રહેશે.

**પી.જી. મેડિકલમાં પ્રવેશ માટેની એન.ઈ.ઈ.ટી.માં ગુજરાતના ૪૩૨૪ વિદ્યાર્થીઓ પાસઃ**

નેશનલ બોર્ડ ઓફ એક્ઝામિનેશન દ્વારા ગત જાન્યુઆરી માસમાં લેવાયેલ પીજી મેડિકલ નીટનું પરિણામ જાહેર થયું. તેમાં ગુજરાતના ૪૩૨૪ વિદ્યાર્થીઓ પાસ થયા છે. રાજકોટનો વિદ્યાર્થી અમન અગ્રવાલ દેશમાં પાંચમાં ક્રમે આવ્યો છે.

**પરીક્ષાનું વિગતવાર પરિણામ**

| કેટેગરી | પાસ | નાપાસ | કુલ |
|---|---|---|---|
| જનરલ | ૪૧૭૮૮ | ૩૩૫૮૮ | ૭૫૩૭૬ |
| ઓબીસી | ૩૫૦૩૯ | ૨૨૭૧૬ | ૫૭૭૫૫ |
| એસસી | ૯૯૩૫ | ૧૦૨૯૭ | ૨૦૨૩૨ |
| એસટી | ૨૭૮૭ | ૪૭૨૬ | ૭૫૧૩ |

**કટ ઓફ સ્કોર**

| કેટેગરી | પર્સેન્ટાઈલ | સ્કોર (૨૦૨૦) | સ્કોર (૨૦૧૯) |
|---|---|---|---|
| જનરલ | ૫૦ | ૩૬૬ | ૩૪૦ |
| હેન્ડીકેપ | ૪૫ | ૩૪૨ | ૩૧૭ |
| અનામત | ૪૦ | ૩૧૯ | ૨૯૫ |

**બજેટમાં કરવામાં આવેલ વિવિધ ફાળવણી:**

**શિક્ષણ :** શિક્ષણ માટે કુલ ૯૯૩૩૦૦ કરોડની ફાળવણી થઈ છે. જ્યારે કોર સેક્ટર સ્કીલ ડેવલપમેન્ટ માટે ૩૦૦૦ કરોડની ફાળવણી થઈ છે. ઓનલાઈન શિક્ષણ દ્વારા ડીગ્રી મળી શકે એવી વ્યવસ્થા સરકાર વિચારી રહી છે. વિદેશના વિદ્યાર્થીઓ ભારતમાં ભણી શકે તે માટે ઈન્ડીયા સેટ-એક્ઝામ શરૂ કરાશે.

**સામાજિક-વિકાસ:** શેડ્યૂલ કાસ્ટ માટે ૮૫૦૦૦ કરોડની ફાળવણી થઈ છે. સામાજિક વિકાસ માટે ૫૩૭૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.

**મહિલા અને બાળ કલ્યાણ:** મહિલા અને બાળ કલ્યાણ માટે સરકારે ૩૦ હજાર કરોડ રૂપિયાનું બજેટ ફાળવ્યું છે. જે ગયા વર્ષ કરતા ૧૪ ટકા વધારે છે. બેટી બચાવો, બેટી પઢાઓ કાર્યક્રમ માટે ૨૨૦ કરોડની ફાળવણી થઈ હતી. શિક્ષણના તમામ સ્તરોમાં વિદ્યાર્થીનીઓ ખૂબ જ પ્રભાવશાળી દેખાવ કરી રહી છે. તેમનું નામાંકન ૯૪.૩૨ ટકા નોંધાયું છે. જ્યારે છોકરાઓની ટકાવારી ૮૯.૨૮ ટકા હતી. મહિલાઓ અને બાળકોના પોષણસંબંધી કાર્યક્રમો માટે અલગ ૩૫૬૦૦ કરોડનું બજેટ ફાળવ્યું હતું.

**બજેટમાં મહત્ત્વના ક્ષેત્રોમાં નીચે મુજબ ફાળવણી કરવામાં આવી છે.**

| ક્ષેત્ર વિભાગનું નામ | ફાળવણી |
|---|---|
| શિક્ષણ વિભાગ | ૯૯૩૦૦ કરોડ |
| આરોગ્ય વિભાગ | ૬૯૦૦૦ કરોડ |
| વીજળી અને વૈકલ્પિક ઉર્જા | ૨૨૦૦૦ કરોડ |
| મહિલા કેન્દ્રિત યોજનાઓ | ૨૮૬૦૦ કરોડ |
| કૃષિ-સિંચાઈ | ૨.૮૩ લાખ કરોડ |
| સ્વચ્છ ભારત મિશન | ૧૨૩૦૦ કરોડ |
| ઉદ્યોગ-વાણિજ્ય | ૨૭૩૦૦ કરોડ |
| ઉડ્ડયન મંત્રાલય | ૩૭૯૭ કરોડ |
| પ્રવાસન સંસ્કૃતિમાં ટુરિઝમ માટે | ૨૫૦૦ કરોડ |
| સંસ્કૃતિ મંત્રાલય | ૩૧૫૦ કરોડ |

**જિલ્લાવાર મેડિકલ કોલેજ સ્થાપવામાં આવશે:** સરકાર દરેક જિલ્લામાં આવેલી સરકારી હોસ્પિટલ હેઠળ મેડિકલ કોલેજ સ્થાપવા વિચારી રહી છે. આ કાર્યક્રમ પબ્લિક-પ્રાઈવેટ-પાર્ટનરશીપના ધોરણે આગળ વધશે. દરેક જગ્યાએ નિષ્ણાંત ડોક્ટરોની અછત છે. ડોક્ટરો ઉપરાંત નર્સ, પેરામેડિકલ સ્ટાફ વગેરેની સંખ્યા વધારવા પણ ધ્યાન અપાશે.

**શિક્ષણ ક્ષેત્રમાં એફડીઆઈ:** દેશને ડિજિટલ ઈન્ડીયા તરફ આગળ વધારતા કેન્દ્ર સરકારે બજેટમાં ઓનલાઈન શિક્ષણ પર ભાર મૂક્યો છે. ગરીબ વિદ્યાર્થીઓ અને વર્ગખંડ સુધી પહોંચી ન શકનાર વિદ્યાર્થી માટે દેશની ટોચની ૧૦૦ શૈક્ષણિક સંસ્થાઓ ડીગ્રી-સ્તરનો ફૂલ-ફ્લેજ ઓનલાઈન શિક્ષણ કાર્યક્રમ પૂરો પાડશે. આ બજેટમાં ઉચ્ચ શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે શિક્ષણ ક્ષેત્રમાં એફડીઆઈ અને એક્સટર્નલ કોમર્શિયલ બોરોઈંગને પ્રોત્સાહન અપાશે.

**ટૂંકાવીને...**

- અમદાવાદની ૧૦૮ શાળાઓનું ૧૦ વર્ષ પછી સ્કૂલ બોર્ડ સાથે જોડાણ.
- મા.જે. પુસ્તકાલયનું ૧૭.૩૪ કરોડનું બજેટ મંજૂર. પુસ્તકાલયને વાતાનુકૂલિત બનાવી કોર્પોરેટ લૂક અપાશે. ઓડિટોરિયમને અદ્યતન સાઉન્ડ સિસ્ટમ સાથે સજ્જ કરવાનો પણ નિર્ણય લેવાયો.
- પરીક્ષા રી-ફોર્મ કમિટીની ભલામણને પગલે યુનિવર્સિટી દ્વારા પરીક્ષાની લેટ ફી રૂ. ૧૦૦ થી વધારી રૂ. ૫૦૦ કરાઈ.
- અમદાવાદ 'ડોનેટ ટુ રીડ' કાર્યક્રમ હેઠળ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડના વિદ્યાર્થીઓના વાંચન માટે રૂ. ૧.૬૫ લાખ પુસ્તકો દાનમાં આવ્યા.
- ગુજરાત યુનિવર્સિટી હવે દરેક કોર્સમાં ટોપર વિદ્યાર્થીને એવોર્ડ આપીને સન્માનિત કરશે.

# સરસ્વતી વિદ્યામંડળની પ્રાથમિક શાળાઓનો રમતોત્સવ સમારોહ



email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

ઘરશાળા
માર્ચ - ૨૦૨૦

Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2019-2021 Valid upto 31st December 2021
PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ. ૨૦/- ● વાર્ષિક લવાજમઃ રૂ. ૧૫૦/-

# સરસ્વતી વિદ્યામંડળ પરિવાર ભાવાંજલિ અર્પે છે...

જ્યાં હજારો માનવીઓ અજ્ઞાનતા અને ગરીબાઈ વચ્ચે જીવી રહ્યા છે
તેમની સેવા કરતાં કરતાં આપણને વિશ્વ નિયંતાના દર્શન થાય છે, એમ સમજવું.
- રઘુભાઈ



## પદ્મશ્રી ડૉ. રઘુભાઈ નાયક
૧૯૦૭-૨૦૦૩



માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક, પ્રકાશક અને તંત્રી : જ્યોતીન્દ્રભાઈ દવે એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું.